# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 107 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ સુદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 May 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૭ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સુરક્ષા માટે આજે દેશભરના 300 જિલ્લામાં મૉક ડ્રિલ

## અણુમથક, લશ્કરી છાવણી, રિફાઈનરી, ડૅમની સલામતીનું ખાસ ધ્યાન રખાશે


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 89,640/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


નવી દિલ્હીઃ દેશમાં દુશ્મનો હવાઇ હુમલા કરે, તો તે વખતની સલામતીની અગાઉથી તૈયારી કરવા બુધવારે ૩૦૦ જિલ્લામાં સુરક્ષાની મૉક ડ્રિલ યોજાશે. કેન્દ્રે ઉત્તર પ્રદેશના ૧૯ જિલ્લામાં આવી ડ્રિલ યોજવાનો આદેશ આપ્યો હોવા છતાં આ રાજ્યે પોતાના બધા જિલ્લામાં મૉક ડ્રિલ યોજવાનો નિર્ણય લીધો હતો.

મૉક ડ્રિલ વખતે અણુમથકો, લશ્કરી મથકો, રિફાઇનરી, ડૅમની સલામતી માટે ખાસ ધ્યાન રાખવામાં આવશે. મૉક ડ્રિલમાં અમુક સ્થળે બન્કર અને ઊંડા ખાડા પણ તૈયાર કરાશે અને સાયરન વાગે ત્યારે સલામતી માટેના પગલાં અંગે નાગરિકોને તાલીમ અપાશે.

કેન્દ્રના ગૃહ વિભાગના સચિવ ગોવિંદ મોહને મૉક ડ્રિલના આયોજનની તૈયારી અંગે વિવિધ સત્તાવાળાઓને જાણકારી આપી હતી. અગ્રણી મુલકી વહીવટી અને પોલીસ (જુઓ પાનું ૨) ▸▸

### મૉક ડ્રિલમાં શું થશે?

નવી દિલ્હીઃ દુશ્મનોના વિમાનોના હુમલા વખતે લેવામાં આવનારા સલામતીના પગલાંના ભાગરૂપે મૉક ડ્રિલ યોજવામાં આવશે. જનતાને સાવચેત કરવા સાયરન વાગશે અને તે વખતે નાગરિકોએ સલામત સ્થળે જતાં રહેવું, લાઇટ્સ બંધ કરીને 'બ્લૅક આઉટ' કરવો, મહત્ત્વના મથકો શત્રુઓને ન દેખાય એવી વ્યવસ્થા કરાશે. અગ્રણી મુલકી વહીવટી અને પોલીસ અધિકારીઓ આ મૉક ડ્રિલમાં જનતાનું જરૂર જણાય ત્યાં માર્ગદર્શન કરશે. (એજન્સી)■

# પાક સાથેની દક્ષિણ સરહદે હવાઇદળનો આજે યુદ્ધ-અભ્યાસ

નવી દિલ્હીઃ દેશના હવાઇદળે પાકિસ્તાન સાથેની દક્ષિણની સરહદ પાસે બુધવાર અને ગુરુવારે 'યુદ્ધ-અભ્યાસ' કરવા માટે 'નોટિસ ટૂ ઍરમેન' બહાર પાડી છે.

હવાઇદળના યુદ્ધ-અભ્યાસમાં રાફેલ, મિરાજ ૨૦૦૦, સુખોઇ-૩૦, મિગ-૨૯, તેજસ, ઍરબૉર્ન વૉર્નિંગ ઍન્ડ કન્ટ્રોલ સિસ્ટમ સાથેના વિમાનો અને હેલિકૉપ્ટરો ભાગ લેવાનાં છે.

હવાઇદળ ખાસ કવાયત માટે, હવામાન ખરાબ હોય ત્યારે અથવા કોઇ મોટું વિઘ્ન સામેની સાવચેતીના ભાગરૂપે 'નોટિસ ટૂ ઍરમેન' બહાર પાડે છે. જમ્મુ અને કાશ્મીરના પહલગામ ખાતે પર્યટકો સહિત નિર્દોષ નાગરિકોની ત્રાસવાદીઓ દ્વારા કરાયેલી હત્યામાં પાકિસ્તાનના લશ્કર તેમ જ જાસૂસી સંસ્થાની સંડોવણી હોવાનું જાહેર થતાં બન્ને દેશ વચ્ચેના સંબંધ વણસ્યા છે અને યુદ્ધ જેવી પરિસ્થિતિ ઊભી થઇ છે.

ભારતના ૩૦૦થી વધુ જિલ્લામાં બુધવારે સલામતીની તૈયારીના ભાગરૂપે મૉક ડ્રિલ યોજાવાની છે અને તેમાં લશ્કરી છાવણીઓ, અણુમથકો, ઓઇલ રિફાઇનરી જેવા મહત્ત્વના સ્થળની સુરક્ષાનું ખાસ (જુઓ પાનું ૨) ▸▸


શ્રી કહાનગુરુદેવાય નમઃ | શ્રી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો નમઃ શ્રી મહાવીરાય નમઃ | શ્રી ભગવતીમાતાય નમઃ

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ; નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ; અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬
- શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર

## મુમુક્ષુ દેહ પરિવર્તન

ૐ

જન્મ તારીખ 14/02/1935



દેહ પરિવર્તન 06/05/2025

વઢવાણ નિવાસી, હાલ મુંબઈ

## શ્રી અનંતરાય અમુલખભાઈ શેઠ

શ્રીમતી કનકબેન અનંતરાય શેઠના પતિ
સ્વ. શ્રીમતી શારદાબેન શાંતિલાલ શાહના ભાઈ
સ્વ. શ્રી સવાઈલાલ અમુલખભાઈ શેઠના ભાઈ
શ્રીમતી નીતાબેન મધુભાઈ દોશીના ભાઈ
સ્વ. શ્રી ચંપકલાલ મગનલાલ વોરાના જમાઈ

પુત્ર-પુત્રવધૂ - અનુજભાઈ - પારુલબેન ● હિતેનભાઈ - દીપાબેન ● પુત્રી-જમાઈ - સ્મૃતિબેન - પ્રતીકભાઈ

આગમભાઈ - દ્રષ્ટિબેન, તન્મયભાઈ - વિધિબેન, આયુષીબેન - શાલીનભાઈના દાદાજી ● આરાના પરદાદાજી અને કુશભાઈ - પ્રતીતિબેનના નાનાજી

વેવાઈ પક્ષ - ૧) સ્વ. શ્રીમતી મીનાબેન મહેન્દ્રભાઈ સપાણી ● ૨) શ્રીમતી ચંદ્રાબેન મહેન્દ્રભાઈ ગાંધી ● ૩) સ્વ. શ્રીમતી તરુબેન શીરીષભાઈ ખારા

Anvil Shaping Your Investments

### પ્રાર્થના સભા

તા. ૦૮/૦૫/૨૦૨૫, ગુરુવાર, સમય - સવારે ૧૦ થી ૧૨ સુધી
સ્થળ : જલારામ હોલ, એન. એસ. રોડ નં. ૬, જેવીપીડી સ્કીમ, વિલેપાર્લા, મુંબઇ- ૪૦૦૦૪૯
એનવિલ પરિવાર
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પરિવાર

Vitragvani


Bio-Well | Suru Kirlian

## How Kirlian Camera Helps in Health Assessment?

jmshah.com

Kirlian technology, especially when used with Bio-Well GDV camera, offer a unique way to assess health. By capturing the body's energy field, they provide insights that are not visible through traditional medical tools. This non-invasive method helps detect energetic imbalances that may reflect physical or emotional stress. When the energy field shows irregular patterns, it can indicate areas where the body may be out of balance. Practitioners can then suggest lifestyle changes, therapies, or practices to restore harmony. Kirlian cameras are also useful in tracking progress. Whether it's a new supplement, diet, or meditation routine, the camera can show how the energy field changes over time. This helps experts personalize care and make informed adjustments, leading to more effective wellness strategies. In short, it adds a deeper layer of understanding to your health journey

VIEW YOUR HEALTH FROM THE PERSPECTIVE OF ENERGY.

Is your energy field strong or weak? Let's measure it.



FEATURES OF BIO-WELL GDV CAMERA

- Energy Analysis
- Stress Analysis
- 7 Chakra's Energy
- Chakra's Alignment

Scan For More Info

SPC

Perfect for researchers, wellness centers, and holistic practitioners

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બાંગ્લાદેશમાં ધર્માંધતા હાવી, ભારત માટે ખતરાની નિશાની

**ભારતમાં** રહેતા મુસ્લિમોનો એક નાનકડો વર્ગ ભારતમાં મુસ્લિમો સાથે ભેદભાવ થાય છે, અન્યાય થાય છે એવાં રોદણાં રડ્યાં કરે છે. રાજકારણીઓ આવી વાતોને હવા આપે છે ને ભારતમાં અશાંતિ ઊભી કરવા માગતાં વિદેશી પરિબળો સમયાંતરે ફાલતુ રિપોર્ટ્સ બહાર પાડીને આ માનસિકતાને પોષે છે. ભારતમાં કેટલાક લોકો મુસ્લિમો સામે બોલે છે તેનો ઈન્કાર ના કરી શકાય પણ સરકાર કે બહુમતી પ્રજા ધર્મના આધારે ભેદભાવ નથી કરતી એ વાસ્તવિકતા છે. આ દેશમાં બીજાં લોકોને મળે છે એટલી જ તકો, એ જ બધા લાભ ને સગવડો મુસ્લિમોને પણ મળે છે તેથી ભેદભાવની વાતો બકવાસ છે. એ છતાં જેમને ભેદભાવની ફરિયાદ હોય તેમણે ભારતના પાડોશી પાકિસ્તાન અને બાંગ્લાદેશ તરફ નજર નાખવી જોઈએ.

બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં હિંદુઓ સહિતની લઘુમતીઓની શું હાલત છે એ બધા જાણે છે પણ આપણે લઘુમતીઓની વાત નથી કરતા પણ મુસ્લિમોના જ કેટલાક સમુદાયો સાથે પણ જે ભેદભાવો થાય છે અને અત્યાચારો થાય છે એ કાળજું કંપાવી દેનારા હોય છે. આ ઓછું હોય તેમ મહિલાઓને પણ રીતસર દબાવીને રખાય છે અને મહિલાઓ પગની જૂતી હોય એવો વ્યવહાર થાય છે. મહિલાઓએ બુરખામાં જ રહેવું ને અમુક પ્રકારનાં કામો ના કરવા એવી જાત જાતની પાબંદીઓ તો છે જ પણ તેમને સામાજિક સુરક્ષા આપવાની પણ તૈયારીઓ નથી.

આ માનસિકતા પાછી થોડાંક મુઠ્ઠીભર લોકોની નથી પણ બહુમતી પ્રજાની છે. બાંગ્લાદેશમાં હમણાં મહિલા સુધારણા પંચ સામે ફાટી નિકળેલો પ્રચંડ વિરોધ તેનો તાજો પુરાવો છે. બાંગ્લાદેશમાં સગીર છોકરીઓ અને મહિલાઓ સામેના ગુનાઓમાં વધારો થયો છે. આ ગુના જાહેર કાયદો અને વ્યવસ્થાને લગતા નથી પણ ઘરેલુ હિંસા એટલે કે ડોમેસ્ટિક વાયોલન્સના છે. મહિલાઓની મારઝૂડ કરવી, ઘરોમાં ગોંધી રાખવી, પોતાના નિર્ણયો લેવાની સ્વતંત્રતા ના આપવી એ માનસિકતા જૂની છે. હવે તેમાં મોબાઈલ ફોનના ઉપયોગ પર પાબંદી, બહાર ફરવા જવા પર પાબંદી સહિતની નવી નવી જાત જાતની પાબંદીઓ ઉમેરાઈ રહી છે. મહિલાઓ તેની સામે અવાજ ઉઠાવે એટલે અત્યાચારો કરાય છે.

આ અત્યાચારોને રોકવા શું કરવું એ નક્કી કરવા માટે મુહમ્મદ યુનુસ સરકારે મહિલા સુધારણા પંચની રચના કરી છે. આ કમિશને તેનો રિપોર્ટ આપ્યો તેમાં મહિલાઓને પુરુષો જેવા જ અધિકારો આપીને સમાનતા આપવા અને ધર્મનિરપેક્ષ નીતિઓને પ્રોત્સાહન આપીને મહિલાઓની સ્થિતી સુધારવા સૂચનો કર્યાં છે. મહિલાઓને મિલકતમાં સમાન અધિકાર આપવા, નોકરીઓમાં સમાન તક, ફરજિયાત બુરખા પહેરવામાંથી મુક્તિ સહિતની ભલામણો કરવામાં આવી છે.

અત્યારે બાંગ્લાદેશમાં પણ ભારતની જેમ પર્સનલ લો એટલે કે અંગત-કૌટુંબિક કાયદા ધર્મના આધારે લાગુ કરવામાં આવે છે. મુસ્લિમ મહિલાઓ માટે શરિયા આધારિત કાયદા છે જ્યારે હિન્દુ મહિલાઓ માટે હિન્દુ પર્સનલ લો ય છે. અન્ય ધર્મોનાં લોકો માટે પણ તેમના ધર્મો અનુસાર કાયદા લાગુ પડે છે. મહિલા સુધારણા પંચ દ્વારા તમામ ધર્મોની મહિલાઓ માટે એક સમાન કૌટુંબિક કાયદો લાગુ કરવાની ભલામણ કરવામાં આવી છે.

આ ભલામણો સામે ભડકો થઈ ગયો છે અને કટ્ટરવાદી સંગઠનો મેદાનમાં આવી ગયાં છે. તેમને સૌથી મોટો વાંધો તો મહિલાઓને પુરુષોની સમકક્ષ ગણવા સામે જ છે. મહિલાઓને કામ કરવાની, બહાર જવાની, મોબાઈલ ફોન વગેરે વાપરવાની આઝાદી મળે તેની સામે વાંધો છે. કેટલાક કટ્ટરવાદી નેતાઓએ તો નિવેદન કર્યાં કે, આ આઝાદીઓ આપીને યુનુસ સરકાર મહિલાઓને વેશ્યાવૃત્તિ કરવાની ખુલ્લી છૂટ આપી રહી છે.

આ વિરોધની આગેવાની હિફાઝત-એ-ઇસ્લામ નામના સંગઠને લીધી છે. આ સંગઠનનું કહેવું છે કે, આ પ્રકારના કાયદા ઇસ્લામિક મૂલ્યોને નબળા પાડીને બાંગ્લાદેશનુ પશ્ચિમીકરણ કરી નાખશે. તેમના કહેવા પ્રમાણે, મહિલા સુધારણા પંચ ઇસ્લામિક આસ્થાની વિરુદ્ધ છે. બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં કટ્ટરવાદીઓ યોજેલી રેલીમાં લાખો લોકો ઉમટી પડ્યાં. આ રેલીમાં એવાં ભાષણો થયાં કે, પુરુષો અને સ્ત્રીઓ ક્યારેય સમાન ન હોઈ શકે. કુરાનમાં પુરુષો અને સ્ત્રીઓ માટે જીવન જીવવાના ખાસ નિયમો જણાવાયા છે અને દરેક વ્યક્તિએ આ નિયમો પાળવા પડશે. હિફાઝત-એ-ઇસ્લામના નેતા મામુનુલ હકે તો મહિલા સુધારણા પંચના સભ્યોને સજા આપવાની માંગ કરી કેમ કે કે આ કમિશને દેશના બહુમતી લોકોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડી છે.

હિફાઝત-એ-ઈસ્લામે તો યુનુસ સરકારને ચેતવણી આપી છે કે, આ મહિલા સુધારા કાયદા લાગુ કરવામાં આવશે તો તેમની હાલત પણ શેખ હસીના જેવી થશે. એક નેતાએ તો ત્યાં સુધી કહ્યું કે, શેખ હસીનાને તો ભાગવા માટે સમય પણ મળ્યો હતો. યુનુસને તો ભાગવા માટે ૫ મિનિટ પણ નહીં મળે. હિફાઝત-એ-ઈસ્લામે યુનસુને ખુલ્લી ધમકી આપી છે કે, યુનુસ સરકાર મહિલા સુધારા પંચની ભલામણોને અભરાઈ પર ચડાવી દેવા સહિતની તેમની માંગણીઓ નહીં સ્વીકારે તો ૨૩ મેના રોજ દેશભરમાં રેલીઓ કરીને યુનુસ સરકારનો મૃત્યુઘંટ વગાડવાની શરૂઆત થશે.

હિફાઝત-એ-ઇસ્લામ કૌમી ઉલેમાઓ અને મદરેસાઓના વિદ્યાર્થીઓનું બનેલું સંગઠન છે. શેખ હસીના સરકારે ૨૦૧૦માં યુનુસની જેમ મહિલા વિકાસની નીતિ બનાવીને મહિલાઓને અધિકારો આપવા માટે બંધારણમાં સુધારા કરવા સહિતનાં પગલાં લીધા પછી ફેબ્રુઆરી ૨૦૧૦માં ચટગાંવમાં રચના કરવામાં આવી હતી. ઇસ્લામના રક્ષણ અને ઇસ્લામિક મૂલ્યોને પ્રોત્સાહન આપવાના બહાને રચાયેલું આ સંગઠન બાંગ્લાદેશમાં શરિયા કાયદાના અમલની હિમાયત કરે છે. બાંગ્લાદેશમાં કટ્ટરવાદી જમાત-એ-ઇસ્લામી રાજકીય પક્ષ છે. હિફાઝત-એ-ઇસ્લામ રાજકીય પક્ષ નથી પણ ભવિષ્યમાં રાજકારણમાં આવી શકે છે. હિફાઝતને સાઉદી અરેબિયા તરફથી ભંડોળ મળે છે તેથી નાણાંની ચિંતા નથી.

હિફાઝતની ધમકી સામે શું કરવું એ યુનુસનો પ્રશ્ન છે. બાંગ્લાદેશની મહિલાઓને અધિકારો આપવા કે નહીં એ પણ બાંગ્લાદેશની આંતરિક બાબત છે પણ આ ઘટનાક્રમ ભારત માટે સારો નથી. ધર્માંધતા અને કટ્ટરવાદ બીજાં ધર્મનાં લોકો તરફ નફરત પેદા કરે છે અને તેમાંથી આતંકવાદ પેદા થાય છે. પાકિસ્તાનમાં એ જ થઈ રહ્યું છે ને હવે બાંગ્લાદેશ પણ એ જ રસ્તે છે. શેખ હસીનાના કાર્યકાળમાં દબાઈ ગયેલા કટ્ટરવાદી અને ધર્માંધ મુસ્લિમો માથાં ઊંચકી રહ્યા છે. અત્યંત પછાત માનસિકતા ધરાવતાં આ પરિબળો ભારત માટે ભવિષ્યમાં ખતરો બની છે.

પહલગામ આતંકવાદી હુમલાના કારણે એક તરફ ભારતની સુરક્ષા સામે ઊભા થયેલા સવાલોના જવાબ નથી મળી રહ્યા ત્યાં વધી રહેલા કટ્ટરવાદના પ્રભાવના કારણે ભવિષ્યમાં બાંગ્લાદેશ પણ આતંકવાદના રસ્તે વળી શકે છે. પાકિસ્તાનમાં કટ્ટરવાદી અને ધર્માંધ મુસ્લિમો હાવી થઈ ગયા છે તેની કિંમત આપણે ચૂકવી રહ્યા છીએ ત્યાં બાંગ્લાદેશમાં પણ એ જ સ્થિતી પેદા થઈ રહી છે એ જોતાં ભારતે વધારે સતર્ક થવું પડે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, બુધવાર, તા. ૭–૫–૨૦૨૫
ભદ્રા પ્રારંભ

- ભારતીય દ્દિનાંક ૧૭, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ –૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ–૧૦
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૦મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની સાંજે ક. ૧૮–૧૬ સુધી, પછી ઉત્તરાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં મધ્યરાત્રે ક. ૨૪–૫૭ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૮, સ્ટા. ટા.
- –: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ સવારે ક. ૦૯–૦૭, રાત્રે ક. ૨૧–૦૨
- ઓટઃ બપોરે ક. ૧૪–૫૧, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૩૬ (તા. ૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’ નામ સંવત્સર, વૈશાખ શુક્લ – દસમી. • ભદ્રા પ્રારંભ ક. ૨૩–૨૧.
- શુભાશુભ દ્દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાતમુહૂર્ત, ઉપનયન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, બુધ–શુક્ર દેવતાનું પૂજન વિશેષ રૂપે,પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, નૌકા બાંધવી, માલ વેચવો, ધાન્ય ઘરે લાવવું, ઘર, ખેતર, જમીન, મકાન, મિલકતની લેવડદેવડ, પશુ લે–વેચ, ધ્રુવનાં તારાનાં દર્શન, સ્થિર પ્રકારનાં કામકાજ, નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ ચંદ્ર–સૂર્ય ત્રિકોણ સામાજિક પ્રતિષ્ઠા, ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ રાજકારણમાં સફળતા, ચંદ્ર–રાહુ પ્રતિયુતિ નિર્ણયોમાં એકવાક્યતા જરૂરી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–સૂર્ય ત્રિકોણ, ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર–રાહુ પ્રતિયુતિ. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે. બુધ અશ્વિની નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, મંગળ–કર્ક, બુધ–મેષ, ગુરુ–વૃષભ, શુક્ર–મીન, શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

# ભારત પાકિસ્તાન તણાવ વચ્ચે અંડર વોટર નેવલ માઇનનું સફળ પરીક્ષણ

નવી દિલ્હી : જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલા બાદ પાકિસ્તાન ભારતની લશ્કરી કાર્યવાહીથી ભયભીત છે. આ દરમિયાન ભારતીય નૌકાદળે સોમવારે સમુદ્રમાં મલ્ટિ-ઇન્ફ્લુઅન્સ ગ્રાઉન્ડ માઇનનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. નૌકાદળે ડીઆરડીઓના સહયોગથી આ સિદ્ધિ મેળવી છે. જે સ્વદેશી રીતે ડિઝાઇન અને વિકસિત કરવામાં આવી છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તેનું કોમ્બેટ ફાયરિંગ પરીક્ષણ મર્યાદિત વિસ્ફોટકો સાથે કરવામાં આવ્યું છે. આ એક એડવાન્સ અંડર વોટર નેવલ માઇન છે. આનાથી ભારતીય નૌકાદળની પાણીની અંદર યુદ્ધ ક્ષમતાઓ વધુ મજબૂત બનશે. આ સિસ્ટમ કોઈપણ યુદ્ધમાં નૌકાદળને અત્યંત શક્તિશાળી બનાવશે. નૌકાદળ તેનો ઉપયોગ દુશ્મન જહાજો અને સબમરીન વિરુદ્ધ કરી શકે છે. એડવાન્સ અંડર વોટર નેવલ માઇન નૌકાદળમાં સામેલ થવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. આ એડવાન્સ્ડ અંડર વોટર નેવલ માઇન સિસ્ટમ વિશાખાપટ્ટનમ સ્થિત નેવલ સાયન્સ એન્ડ ટેકનોલોજીકલ લેબોરેટરીની મદદથી અને ડીઆરડીઓની અન્ય પ્રયોગશાળાઓના સહયોગથી વિકસાવવામાં આવી છે. આમાં હાઇ એનર્જી મટિરિયલ્સ રિસર્ચ લેબોરેટરી, પુણે અને ટર્મિનલ બેલિસ્ટિક્સ રિસર્ચ લેબોરેટરી ચંદીગઢે નોંધપાત્ર સહયોગ આપ્યો છે. આ નેવી મલ્ટી-ઇન્ફ્લુઅન્સ ગ્રાઉન્ડ માઇન આધુનિક સ્ટીલ્થ જહાજો અને સબમરીન સામે ભારતીય નૌકાદળની ક્ષમતાઓને વધારવા માટે ડિઝાઇન કરવામાં આવી છે.

રક્ષા પ્રધાન રાજનાથ સિંહે ડીઆરડીઓ, ભારતીય નૌકાદળ અને ઉદ્યોગને અભિનંદન આપ્યા અને કહ્યું કે આ સિસ્ટમ ભારતીય નૌકાદળની સમુદ્રી યુદ્ધ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે. સંરક્ષણ સંશોધન અને વિકાસ વિભાગના સચિવ અને ડીઆરડીઓના અધ્યક્ષ ડો. સમીર વી.કામતે જણાવ્યું હતું કે આ પરીક્ષણ સાથે, આ સિસ્ટમ હવે ભારતીય નૌકાદળમાં સામેલ થવા માટે તૈયાર છે.

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી નૌકાદળનું આ બીજું મોટું સફળ પરીક્ષણ છે. આ પહેલા, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના ૪૮ કલાકની અંદર, ભારતે મિસાઇલ પરીક્ષણ કર્યું હતું.

## ભારત-યુકે વચ્ચે મુક્ત વેપાર કરાર

નવી દિલ્હીઃ ભારત અને યુકેએ દ્વિપક્ષી મુક્ત વેપાર કરારને મંગળવારે બહાલી આપી હતી.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે યુકે સાથેનો મુક્ત વેપાર કરાર દ્વિપક્ષી વેપાર ઉપરાંત રોકાણ, રોજગારી ઊભી કરવા, નવી શોધખોળ (ઇનૉવેશન), બન્ને દેશના નાગરિકો વચ્ચેના સંબંધ વધારવા માટે ઉદ્દીપકની ભૂમિકા ભજવશે.

મોદીએ યુકેના વડા પ્રધાન કેઇર સ્ટાર્મરની સાથે ફૉન પર વાત કરી હતી અને તેમને અભિનંદન આપ્યા હતા.

મોદીએ જણાવ્યું હતું કે આ કરારને લીધે બન્ને દેશ સાથે મળીને વૈશ્વિક બજારો માટે નવા ઉત્પાદનો વિકસાવી શકશે તેમ જ સેવા આપી શકશે.

યુકે યુરોપિયન યુનિયનમાંથી નીકળી ગયું, તે પછી તેનો કોઇ દેશ સાથેનો આ સૌથી મોટો વેપાર કરાર ગણાય છે. (એજન્સી)

# આતંકવાદ સામે લડવા ભારતને મળ્યો અમેરિકાનો સાથ

વૉશિંગ્ટનઃ પહલગામ હુમલા બાદ ભારતને આતંકવાદ સામે લડવા માટે સમગ્ર વિશ્વમાંથી સમર્થન મળી રહ્યું છે. વિશ્વની મહાસત્તા અમેરિકાએ પણ ભારતને સમર્થન આપ્યું છે. અમેરિકાની સંસદના સ્પીકર માઇક જોનસને કહ્યું, ભારતે કોઈપણ સ્થિતિમાં આતંકવાદ સામે લડવું પડશે. અમે ભારતને સાથ આપવાનો શક્ય તમામ પ્રયત્ન કરીશું. ટ્રમ્પ સરકાર આતંકવાદ સામે લડવા ભારતને તમામ સંસાધન ઉપલબ્ધ કરાવશે.

તેમણે કહ્યું કે, આતંકવાદ માત્ર ભારતનો જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની સુરક્ષાનો મુદ્દો છે. અમેરિકા તેનું સમાધાન શોધવા કટિબદ્ધ છે. અમેરિકા કરી શકે તે તમામ મદદ કરશે. આવી જ રીતે સંબંધ ગાઢ થતાં હોવાનું મને લાગે છે. ટ્રમ્પ સરકાર આતંકવાદના ખતરાને સમજી શકે છે, તેથી આટલું મહત્ત્વ આપે છે. ભારતમાં જે કંઈ થયું તેના પ્રત્યે અમારી સંવેદના છે. અમે અમારા સાથીઓ સાથે ઊભા રહેવા માંગીએ છીએ. ભારત અમારા માટે એક મહત્ત્વપૂર્ણ દેશ છે. બંને દેશો વચ્ચે ટૂંક સમયમાં જ ટ્રેડને લઈ સફળ વાતચીત થશે. જોનસને એક કાર્યક્રમમાં જણાવ્યું, ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ પર પણ વાત કરી હતી. તેમણે બંને દેશો વચ્ચે સફળ વાતચીત થશે તેવી આશા વ્યક્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓએ ૨૬ સહેલાણીઓની ગોળી મારીને હત્યા કરી હતી. જે બાદથી જ ભારત અને પાકિસ્તાન વચ્ચેનો તણાવ સતત વધી રહ્યો છે. વડા પ્રધાન મોદી તથા કેન્દ્રીય નેતાઓએ આતંકવાદીઓને કડકમાં કડક સજા આપીશું તેવી જાહેરાત કરી છે. કેન્દ્ર સરકારે સિંધુ જળ કરાર પર રોક, પાકિસ્તાનીઓના વિઝા રદ, એરસ્પેસ તથા વેપાર બંધ કરવા જેવા અનેક નિર્ણયો લીધા છે.

# સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત ૩૩ જજની શેર, સોનું સહિત તમામ વિગતો જાહેર

નવી દિલ્હી : ન્યાયતંત્રમાં કથિત ભ્રષ્ટાચાર અંગેની ચર્ચાઓ વચ્ચે લોકોનો વિશ્વાસ જાળવી રાખવા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોએ તેમની સંપત્તિની વિગતો જાહેર કરી છે. પહેલી એપ્રિલના તમામ ન્યાયાધીશોની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને આગામી મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ સહિત ૩૩ ન્યાયાધીશોની સંપત્તિની વિગતો સુપ્રીમ કોર્ટની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવી છે. ન્યાયાધીશોએ પોતાના અને તેમના પરિવારના સભ્યોના ફ્લેટ, પૂર્વજોની મિલકતો, ખેતીની જમીન, બેંક ખાતા, ઝવેરાત વગેરે વિશેની બધી માહિતી જાહેર કરી છે.

વેબસાઈટ પર જાહેર કરેલી માહિતી મુજબ ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના પાસે દક્ષિણ દિલ્હીમાં ત્રણ બેડરૂમનો ફ્લેટ છે, દિલ્હીના કોમનવેલ્થ ગેમ્સ વિલેજમાં બે પાર્કિંગ જગ્યાઓ સાથે ચાર બેડરૂમનો ફ્લેટ છે, ગુરુગ્રામમાં એક ફ્લેટમાં ૫૬ ટકા હિસ્સો છે. હિમાચલ પ્રદેશના ડેલહાઉસીમાં તેમનો પૈતૃક મિલકતમાં હિસ્સો છે. મુખ્ય ન્યાયાધીશે તેમના બેંક ખાતા, પીએફ ખાતા, શેર, સોનું વગેરે વિશે પણ માહિતી જાહેર કરી છે. તેમણે તેમની પત્ની અને પરિવારની મિલકત વિશે પણ માહિતી આપી છે.

જ્યારે સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ અને ૧૪ મેથી મુખ્ય ન્યાયાધીશ બનવા જઈ રહેલા જસ્ટિસ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ મિલકતો જાહેર કરી છે. તેમની પાસે મહારાષ્ટ્રના અમરાવતીમાં એક ઘર અને ખેતીની જમીન છે જે તેમને તેમના સ્વર્ગસ્થ પિતા પાસેથી વારસામાં મળી છે. તેમની પાસે મુંબઈના બાંદ્રા અને દિલ્હીની ડિફેન્સ કોલોનીમાં ફ્લેટ છે, તેમની પાસે નાગપુરમાં પણ ખેતીની જમીન છે. જસ્ટિસ ગવઈએ બેંક ખાતા અને સોના જેવી સંપત્તિ ઉપરાંત તેમની પત્નીની સંપત્તિ વિશે પણ માહિતી આપી છે. સુપ્રીમ કોર્ટની વેબસાઇટ પર તમામ ૩૩ ન્યાયાધીશોની મિલકતની માહિતી ઉપલબ્ધ છે. ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર સંબંધિત ચર્ચાઓ વચ્ચે લોકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે આ પગલું લેવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. સંપત્તિ જાહેર કરવા અંગે ન્યાયાધીશોની ફુલ કોર્ટ મીટિંગમાં પસાર કરાયેલ પ્રસ્તાવ ભવિષ્યમાં પણ લાગુ રહેશે.

## જમ્મુ-કાશ્મીરના બડગામમાંથી આતંકવાદીઓના બે મદદગારની ધરપકડ

શ્રીનગર : જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સુરક્ષા દળો આતંકવાદીઓ વિરુદ્ધ સતત કાર્યવાહી કરી રહી છે. સુરક્ષા દળો આંતકીઓ અને તેમને મદદ કરનારની સતત શોધખોળ કરી રહ્યા છે. આ દરમિયાન જમ્મુ અને કાશ્મીરના બડગામ જિલ્લામાં આતંકવાદીઓના બે મદદગારોની હથિયારો અને દારૂગોળો સાથે ધરપકડ કરવામાં આવી છે. શ્રીનગરની બહારના બુચપોરા શહેરમાં નાકા ચેકિંગ ઓપરેશન દરમિયાન આતંકવાદીના મદદગારોની ધરપકડ કરવામાં આવી હતી. સુરક્ષા દળોએ તેમની પાસેથી એક પિસ્તોલ, એક ગ્રેનેડ અને ૧૫ જીવતા કારતૂસ જપ્ત કર્યા છે.

આ ઉપરાંત રવિવારે રાત્રે સુરક્ષા દળોએ જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં એક આતંકવાદીઓના છુપાવવાના સ્થળનો પર્દાફાશ કર્યો હતી. જેમાંથી આઈઇડી ડિવાઇસ અને બે વાયરલેસ સેટ જપ્ત કર્યા હતા. પૂંછ જિલ્લાના સુરનકોટ સેક્ટરના હરી મારોટે ગામમાં ભારતીય સેના, જમ્મુ કાશ્મીર પોલીસ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ દ્વારા સંયુક્ત રીતે આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે આઈઇડી ડિવાઇસ સુરક્ષા દળો દ્વારા સુરક્ષિત રીતે નાશ કરવામાં આવી હતી. માહિતી અનુસાર ધરપકડ કરાયેલા બંને વ્યક્તિઓ સરહદી વિસ્તારમાં હુમલો કરવાના કાવતરાનો ભાગ હતા. બે ઉપકરણો સ્ટીલની ડોલમાં છુપાવેલા હતા. જ્યારે બાકીના ત્રણ ઉપકરણો ટિફિન બોક્સમાં પેક કરેલા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે છુપાયેલા સ્થળેથી બે વાયરલેસ સેટ, યુરિયાવાળા પાંચ પેકેટ, પાંચ લિટર ગેસ સિલિન્ડર, એક દૂરબીન, ત્રણ ઊનની ટોપીઓ, ત્રણ ધાબળા અને કેટલાક ટ્રાઉઝર અને વાસણો મળી આવ્યા હતા.

## રાજ માંકડ, કવિતા સુરાના સહિત અનેકને પુલિત્ઝર પુરસ્કાર

ન્યૂ યોર્કઃ રાજ માંકડ, કવિતા સુરાના સહિત અનેકને પુલિત્ઝર પુરસ્કાર એનાયત કરવાની જાહેરાત કરાઇ હતી.

હ્યુસ્ટન ક્રોનિકલના રાજ માંકડ, શેરોન સ્ટેઇન્મેન, લિઝા ફાલ્કેનબર્ગ અને લિહ બિન્કોવિત્ઝને જોખમી ટ્રેન ક્રોસિંગ્સને લગતા સંપાદકીય લેખન (એડિટોરિયલ રાઇટિંગ)ની સિરીઝ લખવા બદલ આ અવૉર્ડ માટે પસંદ કરાયાં હતાં.

કવિતા સુરાના, લિઝી પ્રેશર, કાસાન્ડ્રા જેરામિલો અને સ્ટેકી ક્રેનિટ્ઝને પણ પુલિત્ઝર પુરસ્કાર માટે પસંદ કરાયાં હતાં. ડૉક્ટરો દ્વારા કરાતી સારવારમાંના વિલંબને લીધે ગર્ભવતી મહિલાઓના થતાં મૃત્યુ અંગે રિપોર્ટિંગ કરવા બદલ ‘સાર્વજનિક સેવા’ માટેના લેખનની શ્રેણીમાં આ અવૉર્ડ આપવાની જાહેરાત કરાઇ હતી.

દરમિયાન, ‘ન્યૂ યોર્ક ટાઇમ્સ’એ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની હત્યાના પ્રયાસ, અમેરિકાના લશ્કર સહિત વિવિધ વિષયના અહેવાલ બદલ ચાર પુલિત્ઝર પુરસ્કાર પુરસ્કાર મેળવ્યા હતા. ટ્રમ્પની હત્યાના પ્રયાસના ‘બ્રેકિંગ ન્યૂસ કવરેજ’ માટે ‘વૉશિંગ્ટન પોસ્ટ’ને પણ પુલિત્ઝર પુરસ્કાર મળ્યો હતો.

પુલિત્ઝર પુરસ્કાર પત્રકારત્વના ૧૫ વર્ગમાં આપવાની જાહેરાત કરાઇ હતી. આર્ટ્સની કેટેગરીમાં આઠ જણને આ અવૉર્ડ માટે પસંદ કરાયા છે. આર્ટ્સમાં પુસ્તકો, સંગીત અને થિયેટરની કેટેગરીનો સમાવેશ થાય છે. અમેરિકન લેખક પર્સીવલ એવરેટને ‘જેમ્સ’ નવલકથા માટે પુલિત્ઝર પુરસ્કાર મળ્યો હતો. ‘ન્યૂ યોર્કર’ને પત્રકારત્વ માટે ત્રણ પુલિત્ઝર પુરસ્કાર મળ્યા હતા. (એજન્સી)

# ભારત-પાક વચ્ચેની તંગદિલી હળવી કરવા યુએન સુરક્ષા સમિતિના પ્રયાસ

સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુએન): સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિએ ભારત અને પાકિસ્તાન વચ્ચેની તંગદિલી હળવી કરવા બંધ-બારણે બેઠક યોજી હતી અને આ બે પાડોશી દેશને મંત્રણા દ્વારા તંગદિલી હળવી કરવા અનુરોધ કર્યો હતો. સંયુક્ત રાષ્ટ્રસંઘના સુરક્ષા સમિતિના મે મહિના માટેના પ્રમુખ ગ્રીસે પાકિસ્તાનની વિનંતિને પગલે તાકીદની આ બેઠક બોલાવી હતી. દોઢ કલાક સુધી ચાલેલી આ બેઠક ચેમ્બરને બદલે ‘બંધ-બારણે’ (કન્સલ્ટેશન રૂમમાં) યોજાઇ હતી. સંયુક્ત રાષ્ટ્રસંઘની ૧૫ સભ્યની બનેલી સુરક્ષા સમિતિએ આ બેઠક બાદ કોઇ નિવેદન બહાર નહોતું પાડ્યું, પરંતુ પાકિસ્તાને દાવો કર્યો હતો કે ‘અમારો મોટા ભાગનો હેતુ પાર પડ્યો છે.’ મધ્ય પૂર્વ, એશિયા, પ્રશાંત મહાસાગરના વિસ્તારમાંની રાજકીય બાબતો અને શાંતિ સ્થાપવા માટેના વિભાગના આસિસ્ટન્ટ સેક્રેટરી-જનરલ અને ટ્યૂનિશિયાના ખાલેદ મહંમદ ખિયારીએ પોતાના વિવિધ વિભાગો વતી આ કાઉન્સિલને પરિસ્થિતિની જાણકારી આપી હતી. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### સુરક્ષા માટે

અધિકારીઓ આ મૉક ડ્રિલમાં જનતાનું માર્ગદર્શન કરવા સજ્જ રહેશે.

ગૃહ મંત્રાલયે પાકિસ્તાન સાથેના સંભવિત યુદ્ધને ધ્યાનમાં રાખીને દેશના દરેક રાજ્યને આ મૉક ડ્રિલમાં ભાગ લેવાનો આદેશ આપ્યો હતો.

મૉક ડ્રિલ માટે અનેક શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ, સરકારી અને ખાનગી કંપનીઓના કર્મચારીઓ, હૉસ્પિટલ, રેલવે અને મેટ્રોના સ્ટાફને ખાસ તાલીમ અપાઇ છે. પોલીસ ઉપરાંત અર્ધલશ્કરી દળો અને અન્ય સુરક્ષા દળો મૉક ડ્રિલ વખતે લોકોને માર્ગદર્શન આપવા અને અન્ય મદદ કરવા ખડેપગે હાજર રહેશે.

લશ્કરી છાવણીઓ, રિફાઇનરી, અણુમથકો જેવા મહત્ત્વના કેન્દ્રો ધરાવતા ૩૦૦ જિલ્લાને ‘સિવિલ ડિફેન્સ ડિસ્ટ્રિક્ટ્સ’ ગણવામાં આવ્યા છે અને ત્યાંની સુરક્ષા માટે ખાસ તૈયારી કરાઇ છે. ઉત્તર પ્રદેશના પોલીસ વડા પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે રાજ્યના ૧૯ જિલ્લામાં મૉક ડ્રિલ યોજવાની સૂચના આપી છે, પરંતુ અમારું રાજ્ય બધા જિલ્લામાં મૉક ડ્રિલ યોજશે.

ઉત્તર પ્રદેશના ૧૯ ‘સિવિલ ડિફેન્સ ડિસ્ટ્રિક્ટ્સ’માંના એક જિલ્લાને ‘એ’ કેટેગરી, બે જિલ્લાને ‘સી’ અને બાકીના જિલ્લાને ‘ડી’ કેટેગરીમાં રખાયા છે.

જિલ્લાના કન્ટ્રૉલર, વિવિધ વિભાગના વહીવટદારો, મુલકી-સુરક્ષાના વૉર્ડન્સ, હૉમ ગાર્ડ્સ, નેશનલ કેડેટ કૉર્પ્સ (એનસીસી), નેશનલ સર્વિસ સ્કીમ (એનએસએસ), નહેરુ યુવા કેન્દ્ર સંગઠન (એનવાયકેએસ) વગેરે આ કાર્યક્રમમાં સક્રિય કામગીરી બજાવશે. જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓએ પર્યટકો સહિત નિર્દોષ લોકોની કરેલી હત્યાને પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધ વણસ્યા છે. ભારતે સિંધુ જળ કરાર સ્થગિત કર્યો છે અને પાકિસ્તાન સાથેનો વેપાર બંધ કરી દીધો છે.

#### રાજકીય પક્ષોના નેતાઓ, કાર્યકરો પણ માર્ગદર્શન કરશે

ભાજપે બુધવારે યોજાનારી સલામતી માટેની મૉક ડ્રિલમાં પોતાના નેતાઓ, કાર્યકરો વગેરેને જનતાનું માર્ગદર્શન કરવા તૈયાર રહેવાની સૂચના આપી હતી.

ભાજપે ‘એક્સ’ પર લખ્યું હતું કે પક્ષના સાંસદો અને વિધાનસભ્યોને પણ મૉક ડ્રિલમાં જરૂરી સહાય કરવા આદેશ અપાયો છે. આ ઉપરાંત, અગ્રણી નાગરિકો, સ્વયંસેવકો, કેટલાક વિદ્યાર્થીઓને તેના માટે જરૂરી તાલીમ અપાઇ છે. (એજન્સી)

### પાક સાથેની

ધ્યાન રખાશે. અગાઉ, હવાઇદળ અને નૌકાદળે પચીસમી એપ્રિલે ‘આક્રમણ’ના સાંકેતિક નામ હેઠળ સંયુક્ત યુદ્ધ-અભ્યાસ કર્યો હતો. તે વખતે પહાડી વિસ્તારોમાં રાફેલ, સુખોઇ-૩૦ એમકેઆઇ વગેરે લડાયક વિમાનોએ ભાગ લીધો હતો.

દેશમાં ૧૯૭૧ના યુદ્ધ બાદ પહેલી વખત ‘સિવિલ ડિફેન્સ મૉક ડ્રિલ’ યોજાઇ રહી છે. ભારતે પાકિસ્તાન સાથેના સિંધુ જળ કરારને સ્થગિત કરવા ઉપરાંત પાકિસ્તાન સાથેનો વેપાર બંધ કર્યો છે. તેના જવાબમાં પાકિસ્તાને પણ પોતાની હવાઇ સરહદમાં ભારતીય વિમાનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે.

અગાઉ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હુમલાખોર ત્રાસવાદીઓ, તેઓને ટેકો, આશ્રય અને અન્ય સહાય કરનારા લોકોને દુનિયાના કોઇ પણ ખૂણેથી શોધીને મારવાની જાહેરાત કરી હતી અને સંરક્ષણ ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓ, સંરક્ષણ પ્રધાન, ગૃહ પ્રધાન સાથે ઉચ્ચ સ્તરની બેઠકો યોજી હતી. (એજન્સી)

# સાયબર સેલને નામે બનાવટી ઈ-મેઈલ આઈડી બનાવી બૅન્કોને ખાતાં ફ્રીઝ કરવાની સૂચના

થાણેઃ નવી મુંબઈ પોલીસના સાયબર સેલને નામે બનાવટી ઈ-મેઈલ આઈડી બનાવીને અનેક બૅન્કોને અમુક ચોક્કસ ખાતાં ફ્રીઝ કરવાની સૂચના આપવામાં આવી હોવાનું એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ તાજેતરમાં એક બૅન્કે સાયબર સેલનો સંપર્ક સાધતાં આ ઠગાઈની પ્રવૃત્તિ સામે આવી હતી. બૅન્કને આવેલા મેઈલની ખરાઈ તપસવા માટે અધિકારીએ સાયબર સેલનો સંપર્ક સાધ્યો હતો.

ચકાસણી દરમિયાન એ મેઈલ સાયબર સેલ દ્વારા ન મોકલાયો હોવાનું જણાયું હતું. આવા પ્રકારના મેઈલ અનેક બૅન્કોને મોકલવામાં આવ્યા હોવાનું તપાસમાં જણાયું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીએ ધ્યાનપૂર્વક બનાવટી ઈ-મેઈલ આઈડી બનાવ્યો હતો અને અનેક બૅન્કોને ગેરમાર્ગે દોરવા તેનો ઉપયોગ કર્યો હતો. સાયબર સેલ દ્વારા જણાવાયેલાં બૅન્ક ખાતાં તાત્કાલિક ફ્રીઝ કરવાની સૂચના મેઈલમાં હતી.

આ પ્રકરણે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૧), ૩૩૬ અને અન્ય સુસંગત કલમો તેમ જ ઇન્ફર્મેશન ટેક્નોલૉજી (આઈટી) ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસે આ મામલે આરોપીને ટ્રેસ કરવાની દિશામાં તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

# દહિસર (પૂર્વ)થી કાશીગાંવ મેટ્રોની ટ્રાયલ રન રવિવારથી

મુંબઈઃ મુંબઈમાં મેટ્રોનું માળખું વિસ્તરતું જાય છે. અમુક મેટ્રો રૂટ પર નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે તો અમુક રૂટ પૂર્ણ થવાની તૈયારીમાં છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) આ મહિને મુંબઈમાં વધુ એક મેટ્રો લાઇન પર ટ્રાયલ રન શરૂ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. મેટ્રો-૯ કોરિડોરના ૪.૯૭૩ કિમીના રૂટ પર ટ્રાયલ રન શરૂ કરવા માટે શનિવાર, ૧૦ મેથી વીજળી પુરવઠો શરૂ કરવામાં આવશે.


૪.૯૭૩કિ.મી. લાંબા રૂટ પર વીજ પુરવઠો શરૂ કર્યા પછી અને જરૂરી નિરીક્ષણો કર્યા પછી મે મહિનાના છેલ્લા અઠવાડિયામાં મેટ્રોનો ટ્રાયલ રન શરૂ થઈ શકે છે. જાહેર જનતા માટે આ રૂટ પરના મેટ્રોના દરવાજા વર્ષના અંત સુધીમાં ખુલે તેવી શક્યતા છે.

દહિસર (પૂર્વ) અને મીરા ભાઈંદર વચ્ચેના૧૩.૫ કિ.મી.ના લાંબા રૂટ પર મેટ્રો ૯નું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. સમગ્ર રૂટનું સિવિલ વર્ક પૂર્ણ ન થયું હોવાના કારણે, (એમએમઆરડીએ) ૧૩.૫ કિમીના રૂટ પર એકસાથે સેવા શરૂ કરવાને બદલે તેને બે તબક્કામાં શરૂ કરવાની યોજના બનાવી છે. મેટ્રો-૯ કોરિડોરના સમગ્ર રૂટનું સિવિલ વર્ક ૯૫ ટકા પૂર્ણ થયું છે. પ્રથમ તબક્કામાં, દહિસર (પૂર્વ) અને કાશીગાંવ મેટ્રો સ્ટેશન વચ્ચે મેટ્રો સેવા શરૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. મેટ્રોના ૪.૯૭૩ કિ.મી.ના પહેલા તબક્કામાં ચાર સ્ટેશન છે.

મેટ્રો ૯ કોરિડોર દહિસર (પૂર્વ) થી અંધેરી (પૂર્વ) સુધીના મેટ્રો ૭ કોરિડોર અને દહિસર (પૂર્વ) થી અંધેરી (પશ્ચિમ) સુધીના મેટ્રો ટૂએ કોરિડોર સાથે જોડાયેલ છે. મેટ્રો-૯ ના સમગ્ર રૂટના ખુલ્યા પછી, મુસાફરો મીરા ભાયંદરથી અંધેરી સુધી મેટ્રોમાં મુસાફરી કરી શકશે. મેટ્રો-૯ નો કાર શેડ હજુ તૈયાર થયો નથી. આ કારણે, એમએમઆરડીએ ચારકોપ ડેપોથી મેટ્રો-૯ રેકની જાળવણી કરશે. હાલમાં, મેટ્રો-૭ અને મેટ્રો-ટૂએ કોરિડોરના રેક્સની ચારકોપ ડેપોમાં જાળવણી કરવામાં આવે છે.■


શ્રી નલિનભાઈ શાહને આદિનાથ TV દ્વારા 'જૈન રત્ન' ઈલકાબથી સન્માનિત કરી તેમની જીવન કહાની YouTube પર જરૂર સાંભળો

શ્રી નલિનભાઈ શાહ



Chairman / M.D.
SHAH GROUP
NAVI MUMBAI

નવી મુંબઈના સુપ્રસિદ્ધ બિલ્ડર્સ 'શાહ ગ્રુપ'ના સફળ કર્ણધાર શ્રીયુત નલિનભાઈ શાહને 'જૈનરત્ન' ઈલકાબથી સન્માનિત કરતાંની સાથે Waah Zindagi કાર્યક્રમમાં તેમની 'જીવન કહાની' તા. ૨૫.૪.૨૦૨૫ ના રાત્રે ૮.૫૦ વાગે આદિનાથ TV ઉપર પ્રસારીત કરવામાં આવેલ. જીવન કારકીર્દીનો પ્રારંભ કરતાં ઉત્સાહી યુવાનો માટે દિશાપ્રેરક અને અનુમોદનીય એપીસોડ અત્રે દર્શાવેલ YouTube ની Link ઉપર નિહાળી તથા સાંભળી શકશો :

'Waah Zindagi - Shri Nalin Shah'

SHAH GROUP® SEAL OF TRUST
SHAH GROUP BUILDERS & INFRAPROJECTS LTD.
✆ 93218 03000 / 98210 53780
Head Office : 323 to 329, Arenja Corner, Sector-17, Vashi, Navi Mumbai.


**સાક્ષીના નિવેદનની નકલ સામે અદાલતનો આક્રોશ**

# આવી ખતરનાક પ્રથાથી આરોપીને ફાયદો થઈ શકે

મુંબઈઃ ગંભીર ગુનાઓમાં આરોપનામું દાખલ કરતી વખતે સાક્ષીના નિવેદનોની નકલ કરતા તપાસ અધિકારીઓની વૃત્તિની ગંભીર નોંધ લઈ બોમ્બે હાઈકોર્ટે મહારાષ્ટ્ર સરકારને જરૂરી માર્ગદર્શિકા જારી કરવા જણાવ્યું છે. ફોજદારી મામલાની અરજીની સુનાવણી કરતા ખંડપીઠે નોંધ્યું હતું કે આરોપનામામાં રજૂ કરવામાં આવેલા સાક્ષીઓના નિવેદનોમાં એ હદે સામ્ય હતું કે 'ફકરાની શરૂઆત અને અંત સુધ્ધાં સમાન શબ્દોથી થાય છે.'ગંભીર કેસોમાં પણ જો પોલીસ આ રીતે કોઈને ઢાંકવાનો પ્રયાસ કરી રહી હોય તો તે ફોજદારી ન્યાય પ્રણાલી માટે સારો સંકેત નથી એમ ઔરંગાબાદ ખંડપીઠના ન્યાયમૂર્તિ વિભા કંકનવાડી અને ન્યાયમૂર્તિ સંજય દેશમુખે તાજેતરના એક આદેશમાં જણાવ્યું હતું.અદાલતે જણાવ્યું હતું કે 'આવા મામલામાં અદાલત દ્વારા આપમેળે નોંધ લેવામાં આવે એનો સમય હવે પાકી ગયો છે. એટલું જ નહીં પણ તપાસકર્તા અધિકારીઓને કેવી મુશ્કેલીનો સામનો કરવો પડે છે જેથી તેઓ સાક્ષીના નિવેદનોની નકલ કરવા પ્રેરાય છે એ સમજી લેવાનો સમય પાકી ગયો છે.'ખંડપીઠે રાજ્ય સરકારને પોલીસ અધિકારીઓ માટે નિવેદન કેવી રીતે નોંધવું જોઈએ તે અંગે ચોક્કસ માર્ગદર્શિકા બહાર પાડવા જણાવ્યું હતું.૧૭ વર્ષના યુવકની આત્મહત્યા માટે કથિત રીતે ઉશ્કેરણી કરવા બદલ તેમની સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવા કેટલાક લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર અદાલત સુનાવણી કરી રહી હતી. (પીટીઆઈ)

# પાકિસ્તાની કહીને ફટકારવામાં આવ્યાના બીજે દિવસે યુવાનની આત્મહત્યા

લાતુરઃ લાતુરમાં 'પાકિસ્તાની' હોવાનો આક્ષેપ કરી 'પત્રકારે' મારપીટ કર્યાના બીજે દિવસે ૩૦ વર્ષના પતિએ કથિત આત્મહત્યા કરી હોવાનો દાવો પત્નીએ કર્યો હતો.

લાતુર શહેરમાં રહેતા આમીર ગફુર પઠાણે (૩૦) ચોથી મેની સાંજે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ પ્રકરણે ધારાશિવની ખાનગી બૅન્કમાં ડેપ્યુટી મૅનેજર તરીકે કામ કરતી પઠાણની પત્ની સમરીને પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે સામાન્ય રીતે ધારાશિવથી બસમાં સાંજે લાતુર પહોંચતી સમરીનને લેવા પઠાણ સ્કૂટર પર આવતો હતો. ત્રીજી મેની સાંજે સમરીન લાતુર શહેર પહોંચી ત્યારે તેણે પતિને ફોન કર્યો હતો. ફોન પર પત્નીએ પઠાણનો અવાજ સાંભળ્યો હતો. તે મારપીટ ન કરવાની કોઈને વિનંતી કરતો હતો. બાદમાં સમરીનને પઠાણ સંવિધાન ચોક ખાતે મળ્યો હતો અને તેનો શર્ટ ફાટેલો હતો. પતિએ સમરીનને કહ્યું હતું કે તે તેની રાહ જોતો ઊભો હતો ત્યારે એક અજાણ્યો શખસ કારમાંથી ઊતરીને તેની નજીક આવ્યો હતો. પાકિસ્તાની હોવાનો આરોપ કરી એ શખસે તેની મારપીટ કરવા માંડી હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

પત્રકાર હોવાનો દાવો કરનારા હુમલાખોરે સમરીનને ધમકી આપી હતી કે તેના પતિની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દેશે અને તેની નીચે પાકિસ્તાની નાગરિક હોવાનું લખશે, એવો દાવો સમરીને કર્યો હતો. આ ઘટનાના બીજે દિવસે, ચોથી મેની સાંજે પઠાણનો પરિવાર લગ્ન સમારંભમાંથી પાછો ફર્યો ત્યારે ઘરનો દરવાજો ખુલ્લો હતો. બેડરૂમમાં સીલિંગ સાથે પઠાણે ગળાફાંસો ખાધો હતો. આ પ્રકરણે મહિલાની ફરિયાદને આધારે એમઆઈડીસી પોલીસે સોમવારની સાંજે આત્મહત્યા માટે ઉશ્કેરવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

# એસપીના નિવાસે ઑન ડ્યૂટી ગાંજાનું સેવનઃ પોલીસ કર્મચારી સસ્પેન્ડ

છત્રપતિ સંભાજીનગરઃ બીડ જિલ્લાના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ (એસપી)ના નિવાસસ્થાને ઑન ડ્યૂટી ગાંજાનું સેવન કરવા બદલ પોલીસ વિભાગના કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.બીડના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ નવનીત કંવતના નિવાસસ્થાનનું સમારકામ ચાલી રહ્યું હોવાથી તેઓ હાલ સરકારી ગેસ્ટ હાઉસમાં રહે છે.બીડ પોલીસના જણાવ્યા મુજબ પોલીસ વિભાગના કર્મચારી બાળુ બહિરવાડને એસપીના બંગલો ખાતે તહેનાત કરવામાં આવ્યો હતો, જેનું સમારકામ ચાલી રહ્યું છે. (પીટીઆઇ) ■


ભાવભરી શ્રદ્ધાંજલિ
દશા શ્રીમાળી વૈષ્ણવ

જન્મ: ૦૧/૦૭/૧૯૪૦



શ્રીજી ચરણ ૦૩/૦૫/૨૦૨૫

**શ્રી. લલિતભાઈ નરોત્તમદાસ મીઠાણી** (ઉંમર વર્ષ ૮૪)
જુનાગઢ નિવાસી, સુદાનવાળા (હાલ મુંબઈ), શનિવાર તા. ૦૩-૦૫-૨૦૨૫ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.

-:- આત્મજનો -:-

| | |
|---|---|
| ધર્મપત્ની | : ભારતીબેન |
| પુત્ર - પુત્રવધુ | : યશેષ - કૌશુમી |
| પુત્રી | : નેહલ, મીતા |
| પૌત્ર - પૌત્રી | : હર્ષીત, તનીશા |
| ભાઈ - બહેન | : સ્વ. નીતિનભાઈ, યતીશભાઈ, રશમી, તરૂણ, હંસા, મધુ |
| સાસરાપક્ષ | : સ્વ. પ્રાણલાલ છગનલાલ દેસાઈ (ગોંડા) |
| વેવાઈ | : પ્રમોદભાઈ શેઠ |
| બનેવી | : અરવિંદભાઈ લલિત, સ્વ. કિર્તી મધુ, વર્ષા |

પ્રાર્થના સભા:- ગુરૂવાર, તા. ૦૮/૦૫/૨૦૨૫, સમય:- સાજે ૫ થી ૭ કલાકે, સ્થળ:- કે. સી. કોલેજ ઓડિટોરિમ, સુંદર મહેલ, વીર નરીમન રોડ, ચર્ચગેટ, મુંબઈ - ૪૦૦૦૨૦. વેલેટ પાર્કિંગ ની વ્યવસ્થા રાખેલ છે.


# મરાઠવાડામાં માવઠુંઃ વીજળી પડતાં ત્રણનાં મૃત્યુ

છત્રપતિ સંભાજી નગરઃ મરાઠવાડામાં કમોસમી વરસાદ અને વાવાઝોડું ત્રાટકતાં વીજળી પડતાં ત્રણ લોકોનાં મૃત્યુ થયા હતાં એમ એક અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું. મહેસૂલ વિભાગના અધિકારીએ આપેલી માહિતી અનુસાર સોમવારે બીડ અને છત્રપતિ સંભાજી નગર જિલ્લામાં આ મૃત્યુ નોંધાયા હતા. જાલના અને પરભણી જિલ્લામાં પણ કેટલાક પશુઓ પર વીજળી પડી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે છત્રપતિ સંભાજી નગરના કોડાપુરના રહેવાસી અશોક મ્હસ્કે (૨૨) બીડના મગરવાડીના સચિન મગર (૩૫) અને બીડના ધોરવાડીના અભિમન્યુ નલભે (૩૬)નું વીજળી પડવાથી મૃત્યુ થયું હતું. (પીટીઆઈ)■

# શંકાનો-લાભઃ ખંડણી કેસમાં સુરેશ પૂજારી, અન્ય ૧૧ દોષ-મુક્ત

થાણેઃ થાણેની (એમસીઓસીએ) કોર્ટે તપાસકર્તાઓ વ્યાપક તપાસ હાથ ધરવામાં અને નક્કર પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી ગેંગસ્ટર સુરેશ પૂજારી અને અન્ય ૧૧ લોકોને નિર્દોષ જાહેર કરતા ૨૦૧૬ના બિલ્ડર ખંડણીની બોલી કેસમાં ફરિયાદી પક્ષને આંચકો લાગ્યો છે. ૩૦ એપ્રિલના આદેશની નકલ મંગળવારે ઉપલબ્ધ કરવામાં આવી હતી. એફઆઈઆર અનુસાર બે સશસ્ત્ર હુમલાખોર દ્વારા ૧૧ જુલાઈ, ૨૦૧૬ના દિવસે ઉલ્હાસનગરસ્થિત રિયલ એસ્ટેટ ડેવલપર સુમિત ચક્રવર્તીની ઓફિસમાં ઘૂસીને સ્ટાફ પર ગોળીબાર કરવાનો પ્રયાસ થયો હતો. હુમલાખોરો 'એસપી સુરેશ પૂજારી' લખેલું એક ધમકી આપતું કવર મૂકી ગયા હતા. આ ઘટનામાં કોઈને ઈજા થઈ ન હતી. હુમલો કેવળ પૂજારી ગેંગ દ્વારા ખંડણી માગવાના પ્રયાસનો એક ભાગ હતો. તપાસ એજન્સી વ્યવસ્થિત તપાસ કરવામાં નિષ્ફળ રહેતા આરોપીઓ શંકાના લાભ અને છૂટકારો મેળવવા માટે હકદાર છે.' (પીટીઆઈ) ■

**બદલાપુર કેસઃ**

# હવે ડીજીપી રશ્મી શુકલાના નેતૃત્વ હેઠળ એસઆઇટીની રચના

મુંબઈઃ બદલાપુર જાતીય સતામણી કેસમાં આરોપી અક્ષય શિંદેના કથિત એન્કાઉન્ટર પ્રકરણે બૉમ્બે હાઈ કોર્ટના આદેશમાં સુપ્રીમ કોર્ટે ફેરફાર કર્યો છે. રાજ્યના ડીજીપી રશ્મી શુકલાના નેતૃત્વ હેઠળ સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઇટી)ની રચના કરવાનો આદેશ કોર્ટે આપ્યો છે. બદલાપુર જાતીય સતામણી પ્રકરણે હાઇ કોર્ટે મહારાષ્ટ્ર પોલીસ આસિસ્ટન્ટ કમિશનર (ક્રાઇમ) લક્ષ્મી ગૌતમના નેતૃત્વ હેઠળ એસઆઇટીની રચના કરવાનો આદેશ આપ્યો હતો. રાજ્ય સરકારે હાઇ કોર્ટના આદેશની સામે સુપ્રીમ કોર્ટમાં ધા નાખી હતી. કોર્ટે લક્ષ્મી ગૌતમના નેતૃત્વ હેઠળ એસઆઇટીની રચના કરવા પર નારાજગી વ્યક્ત કરી હતી. આરોપોની ગંભીરતાને ધ્યાનમાં લઇને હાઇ કોર્ટના આદેશને રદ કરીને રશ્મી શુકલાના નેતૃત્વ હેઠળ એસઆઇટીની રચના કરવાનો આદેશ સુપ્રીમ કોર્ટે આપ્યો હતો. ■

# પીઓપીની મૂર્તિઓ વિશે હાઇ કોર્ટે માગ્યો પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસે જવાબ

મુંબઈઃ બૉમ્બે હાઇ કોર્ટે પીઓપીની ગણેશજીની મૂર્તિઓ સંબંધે રાજ્ય સરકાર દ્વારા રજૂ કરાયેલી રિપોર્ટ પર કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) પાસે જવાબ માગ્યો છે. આ અગાઉ રાજ્યના એડવોકેટ જનરલે બોર્ડને રિપોર્ટ મોકલવાની માહિતી કોર્ટને આપી હતી. એ અંગે સરકાર દ્વારા ૨૦મી એપ્રિલ, ૨૦૨૫ના એક અહેવાલ કોર્ટમાં રજૂ કરાયો હતો. પ્રશાસનના અહેવાલ પ્રમાણે પર્યાવરણના અનુકૂળ રંગોથી રંગાયેલી પીઓપીની મૂર્તિઓ સમુદ્ર અથવા મોટી નદીઓમાં વિસર્જિત કરવાથી કોઇ સમસ્યા નથી, પરંતુ જે તે સમુદ્ર અથવા નદીનું પાણી માનવીઓ-પ્રાણીઓ ન વાપરતા હોય તો. હાલમાં ગણેશોત્સવમાં મૂર્તિઓનું પ્રમાણ સતત વધી રહ્યું છે ત્યારે પાણીમાં પ્રદૂષણ ફેલાવાનો પ્રશ્ન ઊભો થયો છે. મૂર્તિઓના વિસર્જન માટે કૃત્રિમ તળાવો તરફ લોકોને પ્રોત્સાહિત કરવાનું પણ જરૂરી છે. કોર્ટમાં થાણેના મૂર્તિકારોના સંગઠનો દ્વારા કરાયેલી અરજી પર સુનાવણી ચાલી રહી હતી. સીપીસીબીએ ૧૨મી મે, ૨૦૨૦ના જારી કરેલી માર્ગદર્શિકા પર પીઓપીની મૂર્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ઉનાળાના વેકેશન બાદ અરજી પર સુનાવણી થવાની થશે.■

# ધગધગતા ઉનાળામાં મરાઠવાડાના ૨૭૮ ગામ ટેન્કર પર નિર્ભર

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રના ૨૭૮ ગામ પાણી પુરવઠા માટે ટેન્કર પર નિર્ભર છે અને ૪૦૦થી વધુ ટેન્કર પાણી પુરવઠો રહ્યા હોવાની જાણકારી અધિકારીઓએ મંગળવારે હતી.

છત્રપતિ સંભાજી નગર જિલ્લામાં સૌથી વધુ પાણીની તંગી છે. મધ્ય મહારાષ્ટ્રમાં આવેલા મરાઠવાડા ક્ષેત્રમાં આઠ જિલ્લાનો સમાવેશ થાય છે. ૪૩૫ ટેન્કર ૨૭૮ ગામ અને ૯૯ નાનકડાં ગામમાં પાણી પહોંચાડે છે. છત્રપતિ સંભાજી નગર જિલ્લામાં ૨૫૯ ટેન્કરો ૧૭૭ ગામ અને ૩૧ ગામડાંમાં પાણી પહોંચાડી રહ્યા છે. પાણીનો પુરવઠો કરતા ટેન્કરોની જિલ્લાવાર સંખ્યા આ પ્રમાણે છેઃ છત્રપતિ સંભાજી નગર - ૨૫૯, જાલના -૧૨૦, પરભણી - ૧, હિંગોલી - ૧, નાંદેડ - ૧૮, બીડ - ૨૬, લાતુર - ૩ અને ધારશિવ - ૭. (પીટીઆઈ)

















૩૭મી પુણ્યતિથીએ પિતૃ વંદના
શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

જન્મ : તા. ૨૯.૧૧.૧૯૧૨ કાર્તિક વદ પાંચમ, વિ. સં. ૧૯૬૯



સ્વર્ગવાસ : તા. ૨૬.૦૪.૧૯૮૮ વૈશાખ સુદ દસમ, વિ. સં. ૨૦૪૪

મણીલાલ લક્ષ્મીચંદ શાહ
( ઠળિયાવાળા )

સ્વ સાધનાથી વિશ્વ વિજેતા બનેલા વિતરાગ- સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા
શ્રી મહાવીરસ્વામીએ સમગ્ર જીવસૃષ્ટિના એકાંત કલ્યાણને અર્થે સ્થાપેલ ધર્મતીર્થ
આપના હૃદયમાં વસ્યું હતું.
કલિકાળમાં પણ તેને જયવંતુ રાખવા કટીબદ્ધ થઈ લોકોત્તર જિનશાસનમાં
અધિક અને અધિક જીવો સુધી પ્રસરતું રાખવામાં
આપના નામથી સુકૃતો કરીએ એવા આશીર્વાદ આપતા રહેશો...

શાહ લક્ષ્મીચંદ કેશવજી સહપરિવાર ❖ શાહ મણીલાલ લક્ષ્મીચંદ રીલીજીયસ ટ્રસ્ટ
મણીલક્ષ્મી તીર્થ (માણેજ) ❖ મણીલક્ષ્મી ધામ (પંજાબ)
મણીલક્ષ્મી પ્રાસાદ ❖ મણીલક્ષ્મી ભોમિયાજી ધામ (ઝારખંડ)
શ્રી સ્થૂલીભદ્ર શ્રેષ્ઠી સુદર્શન મણીલક્ષ્મી તીર્થ (પાટલીપુત્ર - પટના)
એમ. એલ. શાહ હાઇસ્કુલ
એમ.એલ.શાહ ગ્રુપ ❖ હેપ્પીહોમ ગ્રુપ ❖ કાજલ સિમેન્ટ

મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## કલવામાં છતનું પ્લાસ્ટર પડતાં ચારને ઈજા

થાણેઃ કલવા ફ્લેટના સીલિંગનું પ્લાસ્ટર મંગળવારે પડતાં એક જ પરિવારના ચાર સભ્યોને નજીવી ઈજા થઈ હતી. થાણે મહાનગર પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના અધિકારી યાસીન તાડવીના કહેવા પ્રમાણે આ બનાવ સવારે ૭ વાગે ખારેગાવની કોઓપરેટિવ સોસાયટીમાં બન્યો હતો. તેમણે જણાવ્યુ કે , આ ચાર માળાની બિલ્ડિંગ પચીસ વર્ષ જૂની છે.

## લાડકી બહેનના હપ્તા ૨૧૦૦ કરાશે નહીંઃ શિવસેના

મુંબઈઃ મહાયુતિ સરકારને શરમજનક સ્થિતિમાં મૂકતા શિવસેનાના નેતા સંજય શિરસાટે મંગળવારે કહ્યું હતું કે નાણાકીય કટોકટીને કારણે ચૂંટણી પહેલા જે વચન આપવામાં આવ્યું હતું તે લાડકી બહેનના પૈસા ૧૫૦૦ રૂપિયાથી વધારીને ૨૧૦૦ રૂપિયા કરવામાં નહીં આવી શકે. તેમ છતાં હાલના તબક્કે જે ૧૫૦૦ રૂપિયાનો હપ્તો ચાલુ છે તે ચાલુ જ રહેશે, એમ શિરસાટે વધુમાં કહ્યું હતું.

૨૦૨૪ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકારને જીતાવવામાં લાડકી બહેન યોજનાએ જ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી એમ નોંધતા સામાજિક ન્યાય ખાતાના પ્રધાન શિરસાટે કહ્યું હતું કે સરકારે કલ્યાણકારી યોજનાઓ શરૂ રાખવાની ખાતરી કરવી જોઇએ ભલે તે પૂર્ણ કરવા માટે સરકારને લોન લેવી પડે. 'હકીકતમાં લાડકી બહીનનો હપ્તો ૧૫૦૦ રૂપિયાથી વધારીને ૨૧૦૦ રૂપિયા કરી શકાશે નહીં, પરંતુ લોકો કંઇક અલગ જ કહી રહ્યા છે. તેમનું કહેવું છે કે આ યોજના જ બંધ કરી દેવામાં આવશે અથવા તેના હપ્તામાં કાપ મૂકવામાં આવશે. લાડક બહેન યોજના માટે જે વચન આપવામાં આવ્યું હતું તે પૂર્ણ થવું જોઇએ', એમ શિરસાટે કહ્યું હતું.

આવું કદાચ પ્રથમ વખત બન્યું છે જ્યારે રાજ્યના પ્રધાન કબૂલ કર્યું હોય કે રાજ્યની નાણાકીય સ્થિતિ બરાબર ન હોવાથી લાકડી બહેનના પૈસા વધારવામાં આવશે નહીં.

છેલ્લા પાનાનું ચાલુ

### મિશન ૧૫૦ દિવસ

૧૦૦ દિવસના કાર્યક્રમના અમલ માટે સરકારી અધિકારીઓનું સન્માન કરશે ત્યારે તેને વધુ વિસ્તૃત કરવામાં આવશે.

#### નવો પડકાર

૧૫૦ દિવસનો નવો પડકાર, જેના પરિણામો ફડણવીસ બીજી ઓક્ટોબરે જાહેર કરશે, તેમાં વિભાગોને ૨૦૪૭ સુધીમાં સંપૂર્ણ વિકસિત મહારાષ્ટ્ર માટે તબક્કાવાર રોડમેપ બનાવવાની જરૂર પડશે.

પ્રથમ તબક્કા માટે વિભાગોએ ૨૦૨૯ સુધી એક એક્શન પ્લાન તૈયાર કરવાનો રહેશે. બીજા તબક્કા માટે એક્શન પ્લાન ૨૦૩૫ના લક્ષ્ય વર્ષ સાથે હશે અને અંતે ત્રીજા તબક્કામાં વિભાગો ૨૦૪૭ સુધીનો રોડમેપ તૈયાર કરશે.

એકંદરે રાજ્ય સરકારે ૨૦૨૮ સુધીમાં ટ્રિલ્યન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાનું લક્ષ્ય પણ નક્કી કર્યું છે. 'ત્યારબાદ દરેક વિભાગે ઈ-ગવર્નન્સ સુધારાઓ લાગુ કરવા પડશે. લોકોને ૧૦૦ ટકા ગવર્નન્સ ઓનલાઈન મળવું જોઈએ. કોઈને પણ સરકારી ઓફિસોમાં શારીરિક રીતે આવવાની જરૂર ન પડે,' એમ ફડણવીસે કહ્યું હતું.

#### નાશિક કુંભ મેળા માટે યુપીની જેમ ઓથોરિટી સ્થપાશે

મહારાષ્ટ્ર કેબિનેટે ૨૦૨૭માં નાસિકમાં આયોજિત થનારા કુંભ મેળાના આયોજન માટે નાશિક કુંભ મેળા ઓથોરિટીની સ્થાપના કરવાના કાયદાને મંજૂરી આપી છે, એમ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું. કુંભ મેળા ઓથોરિટી (કેએમએ)ની રચના પ્રયાગરાજ કુંભ મેળા ઓથોરિટીના ધોરણે કરવામાં આવશે, જેને કુંભ મેળાના આયોજનની સત્તા આપવામાં આવી હતી. 'આજની કેબિનેટની બેઠકમાં અમે કુંભ મેળાના આયોજન માટે કુંભ મેળા ઓથોરિટીની સ્થાપનાને સક્ષમ બનાવવા માટે કાયદાને મંજૂરી આપી છે,' એમ અહિલ્યાનગર જિલ્લાના ચોંડી ગામમાં રાજ્ય કેબિનેટની બેઠકની અધ્યક્ષતા કર્યા પછી ફડણવીસે કહ્યું હતું.

#### ડિજિટલ સાધનો સરકારની કાર્યક્ષમતામાં વધારો કરી શકેઃ અધિકારી

મહારાષ્ટ્ર કૃષિ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું કે, નવીન ડિજિટલ સાધનોની વિશાળ શ્રેણી સરકારી કામ ખાસ કરીને માહિતી અને દેખરેખ કાર્યોના સંચાલનની કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો કરી શકે છે.

'એવા અસંખ્ય સાધનો છે જે સરકારી કાર્યમાં ગતિ અને કાર્યક્ષમતા લાવવામાં મદદ કરી શકે છે. જો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો, ગૂગલ કીપ, એવરનોટ, માઇક્રોસોફ્ટ વનનોટ, ગૂગલ ડ્રાઇવ, ડ્રોપબોક્સ, ક્લિકઅપ, માઇક્રોસોફ્ટ ટુ ડુ, ગૂગલ કેલેન્ડર, ગૂગલ શીટ્સ અને ટેલિગ્રામ જેવા સાધનો આપણી રોજિંદી જવાબદારીઓને સુવ્યવસ્થિત કરવામાં મદદ કરી શકે છે,' એમ કૃષિ કમિશનર સૂરજ માંધારેએ જણાવ્યું હતું.

તેમણે મંત્રાલયમાં આયોજિત 'ટેક વારીઃ મહારાષ્ટ્ર ટેક લર્નિંગ વીક' કાર્યક્રમ હેઠળ 'ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ' વિષય પર એક વ્યાખ્યાન કર્યું હતું.

'ટેકનોલોજી એક મહાન સમાનતા છે. તે શારીરિક ક્ષમતા, ત્વચાનો રંગ, જાતિ અથવા ધર્મને ધ્યાનમાં લીધા વિના દરેકને લાભ આપે છે. તે બધા વપરાશકર્તાઓને સમાન પ્લેટફોર્મ પર મૂકે છે,' એમ માંધારેએ કહ્યું હતું.

તેમણે ભાર મૂક્યો કે માઇક્રોસોફ્ટ વનનોટ જેવા સાધનો અનેક શાસન-સંબંધિત પડકારોને ઉકેલવામાં મદદ કરી શકે છે, જ્યારે સ્ટાઇલસવાળા ટેબ્લેટ કમ્પ્યુટર્સ સત્તાવાર કાર્યમાં અત્યંત ઉપયોગી છે.

### આજે ૪.૦૦ વાગ્યે

છત્રપતિ સંભાજી નગર (ઔરંગાબાદ) નો સમાવેશ થાય છે.

મુખ્ય સચિવો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટકર્તાઓને આ નિર્દેશ જારી કરવામાં આવ્યો છે. નિર્દેશમાં તેમને જિલ્લા અધિકારીઓ, નાગરિક સંરક્ષણ દળો, શાળાઓ અને સ્થાનિક સ્વયંસેવકોને એકત્રિત કરવા જણાવ્યું છે. દેશના ૨૪૪ વર્ગીકૃત જિલ્લાઓમાં ઇમર્જન્સી રિસ્પોન્સ મિકેનિઝમને સજીવન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાંથી કેટલાક મહારાષ્ટ્રમાં આવે છે.

ગીચ વસ્તી, મહત્વપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને દરિયાકાંઠાની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, મહારાષ્ટ્રને નાગરિક સજ્જતાની દૃષ્ટિએ ઉચ્ચ-અગ્રતાવાળા ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવ્યું છે. મુંબઈ અને પુણેમાં મહત્વની નાણાકીય સંસ્થાઓ અને સંરક્ષણ વિભગના કેન્દ્રો સ્થિત હોવાથી આ બંને સંવેદનશીલ શહેર પર આંતરિક અને બાહ્ય જોખમ તોળાય છે. ઉરણ અને રત્નાગિરી જેવા રાજ્યના દરિયાકાંઠાના નગરો પણ પશ્ચિમી દરિયાઇ સીમાની નિકટતાને કારણે ત્યાં મૉક ડ્રિલને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

#### સાયરનનું થયું ટેસ્ટિંગ

સંપૂર્ણ પુણે શહેરમાં ઇન્સ્ટોલ કરાયેલા ૭૫ જેટલા સાયરનના ટેસ્ટિંગ સાથે નાગરી સંરક્ષણ અધિકારીઓએ મંગળવારથી ઇમર્જન્સી રિસ્પોન્સ સિસ્ટમને કાર્યરત કરવાનું શરૂ કરી દીધું હતું.

પહલગામ હુમલાને પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્યારેય યુદ્ધ થાય એવી સ્થિતિ ઊભી થઇ છે ત્યારે કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને બુધવારે મૉક ડ્રિલ યોજવાનો નિર્દેશ કર્યો છે જેના હેઠળને નાગરિકોમાં યુદ્ધની પરિસ્થિતિમાં બ્લેકઆઉટ, સાયરન સહિત જાગરૂકતા લાવવામાં આવશે. 'મૉક ડ્રિલ યોજવા અંગે નિર્દેશ મળ્યા બાદ સાયરનનું ટેસ્ટિંગ શરૂ કરાયું છે. સાયરન બરાબર કાર્ય કરે છે કે નહીં એ ચકાસવા અમારા અધિકારીઓ દરેક સ્થળે જઇને ચકાસણી કરી રહ્યા છે', એમ નાગરી સંરક્ષણ ખાતાના કોથરુડ ડિવિઝનના ડિવિઝનલ વોર્ડન યોગેશ પરદેશીએ જણાવ્યું હતું. ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, અગ્નિશામન દળ, પોલીસ, સંરક્ષણ દળો અને મેડિકલ સર્વિસિસ જેવી વિવિધ એજન્સીઓના સહયોગ સાથે સ્વયંસેવકો મૉક ડ્રિલની તૈયારી કરી રહ્યા છે.

### અહિલ્યાનગરમાં

અહિલ્યાબાઈના તૃતીય શતાબ્દી વર્ષ નિમિત્તે કેબિનેટે તેમના જીવન પર એક જીવનચરિત્રાત્મક ફિલ્મના નિર્માણને મંજૂરી આપી હતી. આ ફિલ્મ મરાઠી અને અન્ય પ્રાદેશિક ભાષાઓમાં બનાવવામાં આવશે અને દૂરદર્શન અને વિવિધ ઓટીટી પ્લેટફોર્મ પર પ્રસારિત કરવામાં આવશે. મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે ગોરેગાંવ સ્થિત ફિલ્મ સિટીને આ પ્રોજેક્ટને અમલમાં મૂકવાનું કામ સોંપવામાં આવ્યું છે. ફડણવીસે જણાવ્યું હતું કે અન્ય મુખ્ય નિર્ણયોમાં કેબિનેટે આદિશક્તિ મિશન માટે ૧૦.૫૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે, જે મહિલા સશક્તીકરણના હેતુથી એક કાર્યક્રમ છે.

કેબિનેટ બેઠકની અધ્યક્ષતા બાદ મુખ્ય પ્રધાને પત્રકારોને જણાવ્યું હતું કે, સરકાર અહિલ્યાનગર જિલ્લામાં ૪૫૮ કરોડ રૂપિયાની કુલ ફાળવણી સાથે ૪૩૦ બેડની હોસ્પિટલ અને મેડિકલ કોલેજ પણ સ્થાપિત કરશે.

ઈન્દોરના રાજા રાજે યશવંતરાવ હોળકરના યોગદાનને સન્માનિત કરવા માટે ખાસ કરીને શિક્ષણમાં કેબિનેટે પ્રતિષ્ઠિત નિવાસી શાળાઓમાં ધનગર સમુદાયના વિદ્યાર્થીઓની નોંધણીને મંજૂરી આપી હતી, એમ મુખ્ય પ્રધાને એક નિવેદનમાં જણાવ્યું હતું.

૨૦૨૧-૨૨ અને ૨૦૨૪-૨૫ વચ્ચે આ પહેલ હેઠળ ૧૬૨ શાળાઓમાં ૩૧,૩૦૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે, જેમાં અત્યાર સુધીમાં ૨૮૮ કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું છે. કેબિનેટે નવી મુંબઈ, પુણે, છત્રપતિ સંભાજીનગર, નાશિક, નાગપુર અને અમરાવતીમાં મહેસૂલ વિભાગના મુખ્યાલયમાં મેધાવી ધનગર વિદ્યાર્થીઓ માટે છાત્રાલયોના નિર્માણને પણ મંજૂરી આપી હતી.

### પરેલ-સીએસએમટી

મુંબઈ જેવા ઝડપથી વિસ્તરતા શહેરોમાં નવા ઉકેલોની જરૂરિયાત પર ભાર મૂકે છે. ''અમારે અભ્યાસ દરમિયાન સીએસએમટી અને પરેલમાં ટનલ બોરિંગ મશીનો દાખલ કરવા/બહાર કાઢવા માટે જમીનની ઉપલબ્ધતા જોવી પડશે. એકવાર ભૂગર્ભમાં ગયા પછી, સીએસએમટી છેડે ટનલને સમાપ્ત કરવા માટે અમારી પાસે વૈકલ્પિક ગોઠવણી છે,'' એક વરિષ્ઠ રેલવે અધિકારીએ જણાવ્યું.

### ભગવાન રામને

સતત હિન્દુ સમુદાયનું અપમાન કરી રહ્યા છે. વીએચપી આની નિંદા કરે છે અને એવી માગણી કરે છે કે રાહુલ ગાંધીએ તેમના નિવેદનો માટે માફી માગવી જોઈએ,' એમ તેમણે કહ્યું હતું. ગાંધી જાણતા નથી કે જે કોઈ ભગવાન રામનો વિરોધ કરે છે તેનો નાશ થાય છે, એમ તેમણે ઉમેર્યું હતું.

### મહાયુતિ એક

આનું સ્વાગત કરીએ છીએ અને રાજ્ય ચૂંટણી પંચને વિનંતી કરીએ છીએ કે પાલિકાઓની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરવામાં આવે, એમ મુખ્ય પ્રધાને કહ્યું હતું. મહારાષ્ટ્ર કૉંગ્રેસના નેતા હર્ષવર્ધન સપકાળે કહ્યું હતું કે મુંબઈ સહિત શહેરી સ્વરાજ્ય સંસ્થાઓમાં ચૂંટણી કરવામાં થઈ રહેલા લાંબા વિલંબ બાદ સુપ્રીમ કોર્ટનો આદેશ આવ્યો છે. ત્રણ વર્ષોથી રાજ્યની મહાનગરપાલિકાઓ ચૂંટાયેલા જનપ્રતિનિધિ વગર કામ કરી રહી છે.

શિવસેના (યુબીટી)ની નેતા અને મુંબઈના ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકરે આદેશનું સ્વાગત કરતાં કહ્યું હતું કે અમે ચૂંટણી લડવા માટે તૈયાર છીએ. આમ આદમી પાર્ટીની પ્રી લોકશાહીને પાટે ચડાવવા માટે મહત્ત્વનો આદેશ છે.

### ૬૫ કરોડ રૂપિયાની

એન્જિનિયર ગણેશ બેન્દ્રે અને તાયશેટ્ટી સહિત મેટપ્રોપ કંપનીના દીપક મોહન, કિશોર મેનન, મે. વિરગો સ્પેશ્યાલિટીસ પ્રા. લિ.ના જય જોશી, વ્હોડર ઇન્ડિયા એલએલપીના કેતન કદમ અને કોન્ટ્રેક્ટર ભૂપેન્દ્ર પુરોહિત તથા એક્યુટ ડિઝાઇન્સ, કૈલાશ કન્સ્ટ્રક્શન કંપની, એનએ કન્સ્ટ્રક્શન, નિખિલ કન્સ્ટ્રક્શન કંપની, જેઆરપી ઇન્ફ્રાસ્ટ્રક્ચરના સંચાલકો સામે મંગળવારે ભારતીય દંડસંહિતાની કલમ ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧ અને ૧૨૦-બી હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે પાલિકાના અધિકારીઓએ ડિસિલ્ટિંગ કોન્ટ્રેક્ટ માટે ટેન્ડર એવી રીતે તૈયાર કર્યું હતું કે તેનાથી કામ માટે જરૂરી મશીનરીના ચોક્કસ સપ્લાયરને ફાયદો થયો. વધુમાં કોન્ટ્રેક્ટરોએ ગાળને મુંબઈ બહાર લઇ જવા માટે બોગસ બિલ બનાવ્યા હતા. તપાસ અનુસાર મેટપ્રોપના દીપક મોહન અને કિશોર મેનને પાલિકાને ૩.૦૯ કરોડ રૂપિયાના ખર્ચે સિલ્ટ પુશર અને મલ્ટિપર્પસ એમ્ફિબિયસ પેટૂન મશીનો ઓફર કર્યાં.

પાલિકાના અધિકારીઓની એક ટીમે કેરળમાં પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને બાદમાં પાલિકાએ બરાબર એ જ સ્પષ્ટીકરણ સાથે ટેન્ડર બહાર પાડ્યા, જેથી કોઇ પણ કોન્ટ્રેક્ટરને ફક્ત મેટપ્રોપ મશીનો ખરીદવા અથવા ભાડે રાખવાની જરૂર પડે. ડીસીપી સંગ્રામસિંહ નિશાનદારે જણાવ્યું હતું કે અમારી પાસે પુરાવા છે કે જ્યારે કોન્ટ્રેક્ટર મશીન ખરીદવા માટે મેટપ્રોપ પાસે ગયો ત્યારે તેમણે તેને એક વચેટિયા પાસે મોકલ્યો હતો, જેણે આઠ કરોડ રૂપિયામાં બે વર્ષ માટે મશીન ભાડા પર આપવાની ઓફર કરી હતી અને બાદમાં ચાર કરોડ રૂપિયામાં સમાધાન થયું હતું.

બાદમાં ભિવંડીમાં જમીનમાલિકો સાથે કરાયેલા નવ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) કોન્ટ્રેક્ટરોએ રજૂ કર્યા હતા, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે નદીમાંથી કાઢવામાં આવેલા ગાળને ત્યાં નાખવામાં આવશે. જોકે તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે કેટલાક એમઓયુ પર કોન્ટ્રેક્ટરને બદલે બીજી વ્યક્તિએ હસ્તાક્ષર કર્યા છે. કેટલાક પર કોન્ટ્રેક્ટરના હસ્તાક્ષર જ નથી, જ્યારે અમુક પર તારીખ નખાઇ નથી. આ એમઆયુ બાબતે જમીનમાલિકોની પૂછપરછ કરતાં તેમણે આવા કોઇ એમઆયુ કર્યા ન હોવાનું, એમઓયુ પર તેમના હસ્તાક્ષર ન હોવાનું અને તેમની જગ્યા પર ગાળ નાખવામાં ન આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. એક કિસ્સામાં તો 'જમીનમાલિક' ૨૦ વર્ષ અગાઉ મૃત્યુ પામ્યો હતો. એસઆઇટીને જાણવા મળ્યું હતું કે જમીનનો એક ટુકડો જ્યાં ગાળ નાખવામાં આવવાનો હતો ત્યાં તો રો-હાઉસ હતા. એક્યુટ ડિઝાઇન્સ, કૈલાશ કન્સ્ટ્રક્શન કંપની, એનએ કન્સ્ટ્રક્શન, નિખિલ કન્સ્ટ્રક્શન તેમ જ જેઆરએસ ઇન્ફ્રાસ્ટ્રકચર પર બોગસ એમઓયુ રજૂ કરવાનો ગંભીર આરોપ છે.

### મધ્ય રેલવેમાં

છે. રેલવે પોલીસ, આરપીએફ દ્વારા ચોરો સામે કાર્યવાહી ભલે કડક કરવામાં આવી છે, પરંતુ તેઓ દ્વારા નવી નવી યુક્તિઓ અપનાવવામાં આવતી હોવાને કારણે પોલીસના માથાનો દુખાવો બન્યો છે. ભીડવાળી ટ્રેનો, મોટા સ્ટેશનો અને રાતના સમયે ચોરીની ઘટનાઓ બની રહી છે. રેલવે પ્રશાસન દ્વારા અનાઉન્સમેન્ટ કરીને પ્રવાસીઓને અલર્ટ કરવામાં આવે છે, પરંતુ પ્રવાસીઓએ વધુ સાવધ રહેવાની જરૂર છે.

#### લૂંટની ઘટનામાં ૭૮ ટકા ઘટાડો

મધ્ય રેલવેમાં લૂંટના કેસમાં ઘટાડો થયો છે. ૨૦૨૩-૨૪માં લૂંટના ૭૩ કેસ નોંધાયા હતા, જ્યારે ૨૦૨૪-૨૫માં આ આંકડો ૧૬ હતો. આ ઘટાડો ૭૮ ટકા જેટલો છે. રેલવે પોલીસ વ્યવસ્થા, પેટ્રોલિંગ વગેરેને કારણે આવી ઘટનાઓમાં ઘટાડો થયો છે.

### પાલિકા ચૂંટણીઓ

ચૂંટણી પૂર્ણ કરવાનો આદેશ આપ્યો છે. ન્યાયાધીશ સૂર્ય કાંતે કહ્યું હતું કે, લોકશાહીના બંધારણીય આદેશ મુજબ સમયાંતરે પાયાના સ્તરે ચૂંટણીઓ યોજા વી જોઈએ. મ્યુનિસિપલ ચૂંટણીઓ યોજાઈ શકે છે, પરંતુ તેમની માન્યતા બાકી રહેલી કાર્યવાહીના પરિણામને આધિન રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, શું ચૂંટણીને આટલા લાંબા સમય સુધી પેન્ડિંગ રાખવા પાછળ કોઈ તર્ક છે? બાંઠિયા કમિશનના ૨૦૨૨ના અહેવાલ પહેલાં તમામ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીના હેતુ માટે ઓબીસી અનામત કાયદા મુજબ વાંચવી જોઈએ. છ સભ્યોના કમિશને જુલાઈ ૨૦૨૨ના રોજ એક અહેવાલ રજૂ કર્યો હતો. તે અહેવાલ ઉપરાંત, પછાતપણાના સ્વરૂપના મુદ્દા પર વિચાર કરવા માટે કમિશનની રચના સહિતના અનેક મુદ્દાઓ કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે. આજે ફરી સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે વચગાળાનો આદેશ આપ્યો છે અને મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી ૨૦૨૨ પહેલાંની અનામત પ્રણાલીના આધારે યોજવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરીને પૂછ્યું કે જૂની સિસ્ટમ હેઠળ ચૂંટણી કેમ નથી થઈ રહી? અધિકારીઓ સ્થાનિક સંસ્થાઓમાં હોદ્દા પર છે. આ કેવી રીતે મંજૂર કરી શકાય? જો આ પિટિશન પર સુનાવણી વર્ષો સુધી ચાલુ રહેશે તો શું ચૂંટણી નહીં થાય? આ ચૂંટણીઓનું પરિણામ સુપ્રીમ કોર્ટના અંતિમ નિર્ણયને આધીન રહેશે.

## જૈન મરણ

સુરેશભાઈ (ઉં.વ. ૭૯) વીરનગરના વતની હાલ સાયન તે વિજયાબેન રતિલાલ હીરાચંદ શાહના પુત્ર. નીલાબેનના પતિ. ગ્રેહા - સિદ્ધાર્થના પિતા. સ્વ. રજનીભાઈ, સ્વ. મધુબેન, સ્વ. મંજુબેન, સ્વ. સરલાબેન, સ્વ. સરોજબેન, સ્વ. વિમલબેન, ચંદ્રિકાબેન, સ્વ. બીપીનભાઈના ભાઈ. શ્વસુર પક્ષે વ્હાલીબેન શાંતિલાલ ગોપાલજી મહેતા (જામનગર)ના જમાઈ. આસ્થાના નાના તા. ૫-૫-૨૫, સોમવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

ગામ વાટાવદર નિવાસી હાલ મલાડ, સ્વ. લાભકુવરબેન ચંદુલાલ મણિલાલ મહેતાના સુપુત્ર કિશોરભાઈ (ઉં.વ. ૬૪) દીપાબેનના પતિ. સ્વ. દિપકભાઈ, યોગેશભાઈ, ભરતભાઈ તથા અંજનાબેન પરેશકુમાર સંઘવીના ભાઈ. ધર્મિલ તથા અભિષેકના પિતા. દિક્ષીના સસરા. જામનગર નિવાસી કનકભાઈ કચરાભાઈ શાહના જમાઈ. તા. ૫-૫-૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા તા. ૮/૫/૨૫ના ગુરુવારના ૧૦ થી ૧૨. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય), પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

નાગબાઈ મોણીયાના નિવાસી હાલ વસઈ સ્વ. પ્રભુદાસભાઈ રાઘવજીભાઈ ગાંધીના પુત્ર જગદીશભાઈના ધર્મપત્ની ઈલાબેન (ઉં.વ. ૫૬) તે ભૂપતભાઈ, મુકેશભાઈ, જીતુભાઈ, હંસાબેન, સ્વ. જયોત્સનાબેન, જાગૃતિબેનના ભાભી. અમિત, નિમેષના મમ્મી. ભૂમી, ચાંદનીના સાસુ. પિયર પક્ષે જુનાગઢ નિવાસી વિઠ્ઠલદાસ પાનાચંદભાઈ મહેતાના પુત્રી તા. ૫-૫-૨૫, સોમવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ભાણવડ નિવાસી હાલ ઘાટકોપર કુ. રશ્મિ રતિલાલ મહેતા તે સ્વ. શાંતાબેન રતિલાલ મહેતાના પુત્રી. અનિલ, સ્વ. તરૂલતા, હર્ષીતા, હેમેન્દ્રના બેન. આરતી અને લીનાના નણંદ. નીરવ - ડો. નેહા - અમી - કરણના ફોઈ. ઉષ્મા, ડો. અવિનાશના ફોઈજી શુક્રવાર, તા. ૨-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ત્વચા અને નેત્રદાન કરેલ છે. પ્રાર્થનાસભા તા. ૮-૫-૨૫, ગુરુવારના ૧૦ થી ૧૨ મહારાજા અગ્રસેન ભવન, ૩૫૩, ૩જો માળ, ગારોડીયા નગર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નરેડીના મંજુલા દેવરાજ હરીયા (ઉં.વ. ૭૮) તા. ૫-૫-૨૫ના અવસાન પામેલ છે. તે હીરબાઈ તેજપાર ધરમશીના પુત્રવધૂ. દેવરાજના પત્ની. ચીઆસરના ભાગબાઈ ધારશી ભાણજી ગોસરની પુત્રી. હીરજી, રમેશ, જવેરચંદ, નાનજી, જયંતી, દીપકના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મંજુલા દેવરાજ હરીયા, સાઈ ઓર નેટ, ઘાસલેટવાલા કોમ્પલેક્ષ, નવઘર રોડ, મુલુંડ (પૂ.).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વાંકાનેર નિવાસી હાલ ઘાટકોપર, મુકેશભાઈ મહેતા (ઉં. વ. ૬૮) તે સ્વ. લીલમબેન મનહરલાલ મહેતાના સુપુત્ર. સ્મિતાબેનના પતિ. વિરાગ તથા દીપના પિતાશ્રી. અ.સૌ. પુનમના સસરા. અનીલભાઈ તથા રેખાબેન કિરણભાઈ દોશીના ભાઈ. ચંદ્રકાન્તભાઈ વાડીલાલ ડેલીવાળાના જમાઈ તા. ૫-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૮-૫-૨૫ના ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, ૨જે માળે, હીંગવાલા લેન, ઉપાશ્રય રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

**પાટણ જૈન**

કેશુશેઠના પાડાના હાલ ૨૨, શિલ્પા કોર્ટ, નંદા પાટકર રોડ, વિલે પાર્લે, કિર્તીલાલ પુનમચંદ શાહ (ઉં. વ. ૯૨) તે સ્વ. સુશીલાબેનના પતિ. વર્ષા, લીના, નીપા, છાયા અને તુષારના પિતાશ્રી. અશોકકુમાર, મયુરકુમાર, મયુરકુમાર, સમીરકુમાર અને ક્રિનાના સસરા. દક્ષિતના દાદા. તરૂણાબેન વિજયકુમાર, હંસાબેનના ભાઈ. કેશવલાલ વાડીલાલ ચાવાલાના જમાઈ તા. ૫-૫-૨૫, સોમવારના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ શિવલખાના સ્વ. દામજીભાઈ પાંચા હોથી ગડા (ઉં. વ. ૬૫) રવિવાર, તા. ૪-૫-૨૫ના મુંબઈમાં અવસાન પામેલ છે. મોંઘીબેન પાંચા હોથીના સુપુત્ર. ભાનુના પતિ. રિતિક્ષા, ફોરમના પિતા. દિપકના સસરા. સ્વ. જીવતી (સંતી), સ્વ. ખીમજી, ચુનીલાલ, હંસરાજ, જવેરના ભાઈ. આધોઈના રામુબેન ભારમલ વધાણના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મહેન્દ્રભાઈ શાહ (ઉં. વ. ૮૧) હાલ કાંદિવલી (વેસ્ટ), તે સ્વ. કાન્તાબેન અમૃતલાલ શાહના પુત્ર. ઈન્દિરાબેનના પતિ. ગોંડલ નિવાસી સ્વ. નિર્મળાબેન વિનયચંદ્ર પિપલીયાના જમાઈ. ફોરમ, જિનેશના પિતાશ્રી. ડો. અમી અને સુકેતુ પારેખના સસરા. સ્વ. મુકેશભાઈ, સ્વ. ક્રિષ્નાબેન કાન્તિલાલ, પ.પુ. તારાબાઈ સ્વામી, લતાબેન પ્રફુલ્લભાઈ, કોકિલાબેન દિલીપભાઈ, અર્ચનાબેન હિતેશભાઈના ભાઈ તા. ૫-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

બિલખા નિવાસી (શાયન) સ્વ. નરભેરામ નાગજી દોશીના સુપુત્ર ભા. પ્રવિણચન્દ્ર (ઉં. વ. ૮૪) તે વિલાસબેનના પતિ. સ્વ. શાંતિભાઈ, સ્વ. રસીકભાઈ, મનસુખભાઈ, હસમુખભાઈ, ગં.સ્વ. વસુમતિબેન, સ્વ. ભારતીબેન, કનકબેન, શૈલાબેનના ભાઈ. ડિમ્પલ-કલ્પેશ, સેજલ-રાહુલ, હેતલ-મનોજના પિતા. શ્વસુરપક્ષે સ્વ. કેશવલાલ ડુંગરશી માવાણીના જમાઈ તા. ૫-૫-૨૫ને સોમવારના અરિહંતશરણ પામેલ છે. તેમની બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૮-૫-૨૫ને ગુરુવાર ૯ થી ૧૧. સ્થળઃ વલ્લભ વિદ્યાલય હાઈસ્કૂલ, સ્કીમ રોડ નં. ૨૪, ગુરુકૃપા હોટલની બાજુમાં, શાયન (વેસ્ટ).

**દશાશ્રીમાળી દેરાવાસી જૈન**

ટંકારા નિવાસી હાલ વિલેપાર્લે, સ્વ. વનેચંદ રૂપચંદ દોશીના સુપુત્ર મહેન્દ્રભાઈ (ઉં.વ. ૮૨) તે સ્વ. નીલાબેનના પતિ. દીપેન, પ્રીતિના પિતા. મોનાના સસરા. સ્વ. રમણીકભાઇ, સ્વ. રસિકભાઈ, સ્વ. હિમ્મતભાઇ, સ્વ. નવીનભાઈ, ગુણવંતભાઈના ભાઈ. સ્વ. ભાઈચંદ કિરચંદ મેહતાના જમાઈ. તા. ૫/૫/૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૭/૫/૨૫ના બુધવાર ૯.૩૦ થી ૧૧.૦૦, પુ લ દેશપાંડે સભાગૃહ, તિલકમંદિર લોકમાન્ય સેવા સંઘ, રામમંદિર રોડ, વિલે પાર્લે પૂર્વ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન**

રાણપુર નિવાસી હાલ કાંદીવલી, રજનીકાંત ચંદુલાલ નારેચાણીયા (ઉં.વ. ૮૬) ૬-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે, તે લીલાબેનના પતિ. નિલેશ, પારસ તથા શીતલના પિતાશ્રી. પંકજ, સોનલ તથા જીનીશાના સસરા. વિધિ સૌમિલ, કવિશા જૈનમ, શાનિલ, ઉન્નતિ, નૈતિકના દાદા. સ્વ. ઇન્દુબેન પ્રવીણચંદ્ર, હંસાબેન ચંદ્રકાન્ત, અરુણાબેન પ્રફુલભાઈના ભાઈ. સ્વ. મણિલાલ ધરમસિંહ વોરાના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૮-૫-૨૫ના ૧૦ થી ૧૨. લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હોલ, ૫-પાંચમે માળે, એસવી રોડ, પારેખગલીના કોર્નર પર, સેન્ટ્રલ બેન્કની બાજુમાં, કાંદીવલી વેસ્ટ.

**દેરાવાસી જૈન**

ઉંઝા નિવાસી હાલ મુંબઈ ગોવાલિયા ટેંક, સ્વ. મંગળદાસ ચંદુલાલ શાહના ધર્મપત્ની તથા સ્વ. સાગરબેન બાબુલાલ દેવચંદ શાહના સુપુત્રી પ્રભાબેન શાહ (ઉં.વ. ૮૩) અરિહંતશરણે તા. ૫/૫/૨૫ના થયેલ છે. સાંસારિક લલિતભાઈના માતા. અનિલભાઇ, ચન્દ્રવદનભાઈના માતુશ્રી. સોનલબેન, રત્નાબેનના સાસુ. અર્પિતા, ઉર્વી, ક્રિશ, જૈનમના દાદી, પ્રાર્થનાસભા તા. ૮/૫/૨૫ ગુરુવારના ૪-૬. સેવા સદન સોસાઇટી, ૩૦/૩૧, પંડિત રમાબાઇ રોડ, નાના ચોક, ગામદેવી પોલીસ સ્ટેશનની બાજુમાં, ગામદેવી ટેલિફોન એક્સચેન્જની સામે, ગ્રાંટ રોડ વેસ્ટ.

**ઝાલા. વિશા શ્રી સ્થા જૈન**

સેંથળી બોટાદ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. રમણીકલાલ લલ્લુભાઇ વોરાના ધર્મપત્ની ગં. સ્વ. મધુકાન્તાબેન (ઉં.વ. ૮૬) તે દિલીપભાઈ, ચેતનભાઈ, પ્રવિણાબેન, કલ્પનાબેનના માતુશ્રી. હરેશકુમાર સંઘવી, હીનાબેન, તૃપ્તિબેનના સાસુ. તેજસ, મિત્તલ, દેવાંશ, રીયા, નેહા, ભારત, નિર્વિના દાદી/નાની. પિયરપક્ષે ધંધુકા નિવાસી સ્વ. મણિલાલ ચકુભાઇ હકાણીના દીકરી. ૫/૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બી/૪૦૨, પંચમ એપાર્ટમેન્ટ નં ૨, ઈરાનીવાડી રોડ નં ૨, કાંદિવલી વેસ્ટ.

**પાટણ જૈન**

દશા શ્રીમાળી કેશુ શેઠના પાડાના, સ્વ. ચંદ્રાબેન પનાલાલ વાડીલાલના સુપુત્ર હર્ષદભાઈ (ઉં.વ. ૭૮) તે મીનાક્ષીબેનના પતિશ્રી. પ્રેમલ, બિજલના પિતાશ્રી. દર્શનકુમારના સસરા. જયોત્સનાબેન વસંતલાલ, જયશ્રીબેન મયંકકુમાર, જનક બાબુલાલના ભાઈ. મહાલક્ષ્મી માતાના પાડાના સ્વ. કુસુમબેન ચીમનલાલના જમાઈ તા. ૫/૫/૨૫ના અરિહંતશરણ થયેલ છે. પ્રાર્થના ૭ મે ૪ થી ૬. પાટણ જૈન મંડળ હોલ, ૭૭, પાટણ જૈન મંડળ, ૪થે માળે, બ્લોક નં. ૩૦, મું.૨૦.

## પારસી મરણ

મીથુ કેકી દારૂવાલા તે મરહુમો તેહમીના મનચેરશા દારૂવાલાના દીકરી. તે સાઈરસના માતાજી. તે કમલના સાસુ. તે રુસ્તમ ને હોશંગના બહેન. તે ફીરદોસ ને કેરમાનના બપઈજી. તે શેરનાઝ બેહરામ એન્જિનિયર, તે મરઝબાન, ખુશનન, દોરાબના ફુઈ. (ઉં. વ. ૯૧) રે.ઠે. રુકી મહાલ, પહેલે માળે, ફ્લેટ નં. ૩૦, શહીદ ભગતસીંગ રોડ, કોલાબા, મુંબઈ ૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૭-૫-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે કરાની અગ્યારીમાં છે જી.

કેકી ગોદરેજ અપપુ તે મરહુમો પીરોજા ગોદરેજ અપપુના દીકરા. તે રોહીનતન ને શારુખના ભાઈ. તે ફેરદુન, વનીસા ને રોખસારના કાકા. (ઉં. વ. ૭૪) રે.ઠે. રમેશ બિલ્ડીંગ, રૂમ નં. ૧, ૨ ને ૫, પાવવાલા સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ, મુંબઈ ૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૭-૫-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે વાડિયાજી આતશબેહરામમાં છે જી.

દોલી દીનશા મહેતા તે મરહુમ દીનશાના ધન્યાની. તે મરહુમો માનેકબઈ રતનશા મીસ્ત્રીના દીકરી. તે મીનુંના માતાજી. તે મરહુમો નરગીશ, જાલ, ખોરશેદ, હોમાય ને ફ્રેનીના બહેન. (ઉં. વ. ૯૩) રે.ઠે. ગુલ મહલ, બી બ્લોક, ત્રીજે માળે, રૂમ નં. ૩૬, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઈ ૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૭-૫-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે ભાભા નં. ૨માં ડુંગરવાડી પર.

સરોશ દીનશા કાલાગોપી તે રોશનના ધની. તે મરહુમો ધન દીનશા કાલાગોપીના દીકરા. તે સામ ને મરહુમ ગેવના ભાઈ. તે ખુશનુમા, પરીઝાદ, ધન, ઉરવૈતીના કાકા. (ઉં. વ. ૭૪) રે.ઠે. ૩૮૬/બી, પહેલે માળે, સર જગમોહન દાસ બિલ્ડીંગ, જગન્નાથ શંકર શેઠ રોડ. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૮-૫-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે વાડિયાજી આતશબેહરામમાં.

## હિન્દુ મરણ

**દશા શ્રીમાળી વૈષ્ણવ**

જુનાગઢ નિવાસી, સુદાનવાળા (હાલ મુંબઈ) લલિતભાઈ નરોત્તમદાસ મીઠાણી (ઉં.વ. ૮૪) શનિવાર, તા. ૩-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ભારતીબેનના પતિ. યશોષ - કૌશુમી, નેહલ, મીતાના પિતાશ્રી. સ્વ. નિતીન, યતીશભાઈ, રશમી, તરૂણ, હંસા, મધુના ભાઈ. સ્વ. પ્રાણલાલ છગનલાલ દેસાઈ (ગોંડા)ના જમાઈ. અરવિંદ લલિત, સ્વ. કિર્તી મધુ, વર્ષાના બનેવી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૮-૫-૨૫ના ૫ થી ૭. સ્થળઃ કે. સી. કોલેજ ઓડિટોરિયમ, સુંદર મહેલ, વીર નરીમન રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રાહ્મણ**

રોહિસા નિવાસી હાલ મુંબઈ, રમેશભાઈ હરિશંકર પુરોહિતનાં પત્ની કાશ્મીરાબહેન (ઉં.વ. ૮૦) ૪થીને રવિવારે શ્રીજીચરણ પામ્યાં છે. તે કવિતાબહેન, અલ્પેશભાઈનાં માતા. કવિતાનાં સાસુ. સ્વ. ભાનુશંકર, સ્વ. દલપતભાઈના નાનાભાઈનાં પત્ની. નર્મદાબહેન નર્મદાશંકર જોષી, ઉમિયાબહેન જયશંકર બીટ્ટાનાં ભાભી. બાલાસિનોર હાલ મુંબઈના બાબુભાઈ સાકરલાલ શાહ તથા શાંતાબહેનનાં પુત્રી. પ્રાર્થનાસભા ગુરુવાર ૮મીએ ૫ થી ૭. ઠે.: યશવંતરાવ ચવ્હાણ સેન્ટર, જનરલ જગન્નાથ ભોસલે માર્ગ, મંત્રાલયની સામે, મુંબઈ-૨. લૌ. વ્ય. બંધ છે.

**ઘોઘારી લોહાણા**

જ્યોતિબેન પ્રવીણ ચોલેરા (ઉં. વ. ૮૫) તે કેશવલાલ સાયતાના પુત્રી. રાજુલ ઉદયન ઠક્કર અને નીતા સંદીપ સંસારેના માતા. સરયુબેન, કુમુદબેન, સ્વ. ગીતાબેન, નંદિનીબેન, સ્વ. ઘનશ્યામભાઈ, ભક્તિનબેનના બહેન. રિચા સિદ્ધાર્થ દેસાઈ અને ગરિમા યશદીપ બિંદલના નાનીમા. જયંતભાઈ ચોલેરા અને ચંદ્રાબેન ઠક્કરના ભાભી. ૪ મેના દિવસે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૫-૭, બુધવાર, ૭ મે, નેહરુ સેન્ટર, હોલ ઓફ હાર્મની, એની બેસન્ટ રોડ, વરલી, મુંબઈ ૧૮.

**કચ્છી ભાટિયા**

અ.સૌ. નલીની પ્રવિણભાઈ આશર (ઉં. વ. ૭૯) તે પ્રવિણભાઈ ડુંગરશી આશરના ધર્મપત્ની. માનકુંવરબાઈ ડુંગરશી આશરના પુત્રવધૂ. કામીની તથા જયના માતુશ્રી. સૌ. પુજાના સાસુ. સ્વ. પ્રાગજી જમનાદાસ ભીમાણીના દીકરી. સ્વ. ધનુબેન, હિંમતભાઈ, સ્વ. ભરત, સ્વ. તરલા તથા સ્વ. દેવેન્દ્રભાઈના ભાભી તા. ૬-૫-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**૨૫ ગામ ભાટિયા**

રેખાબેન દુતિયા તે સ્વ. રાજેન્દ્ર કે દુતિયાના ધર્મપત્ની. વિરેન, જયેશ, જીતુ અને સોનલના માતુશ્રી. છાંયા, સ્વ. અંજના તથા નીલેશ આશરના સાસુ. સ્વ. મણીલાલ પી પારેખના પુત્રી. હેતા યશ વેદ અને મેઘા ધ્વનિલ મેઘાણીના દાદી. આયુષના નાની તા. ૫-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૮-૫-૨૫ના ગુરુવાર, ૪ થી ૬. લાયન્સ કમ્યુનિટી હોલ, ગરોડીયા નગર, ઘાટકોપર ઈસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

દેપલા નિવાસી હાલ ભાયંદર, ચેતન મહેતા (ઉં.વ. ૫૭) ચેતનાના પતિ. પાર્થ તથા રાજના પિતા. ગં.સ્વ. હીરાલક્ષ્મી છોટાલાલ મહેતાના પુત્ર. સ્વ. જયેશ તથા ઉમેશના ભાઈ. સ્વ. ઇલાબેન મહેન્દ્રભાઈ વખારીયાના જમાઈ. તા. ૨/૫/૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. સાદડીપ્રથા તથા લૌકીક વ્યવહાર બંધ છે.

**સિદ્ધપુર દશા દિશાવળ વૈષ્ણવ**

સુલોચનાબેન દિનેશચંદ્ર શાહ (ઉં.વ. ૮૮) તે પ્રિતી, તૃપ્તિ તથા પિયુષભાઇના માતુશ્રી. અનસૂયાબેન, કોકિલાબેન તથા હરેશભાઇના ભાભી. ડૉ. સંજયભાઈ મેહતા, સ્વ. હિમાંશુભાઈ ભગત તથા દિપાલીના સાસુ. દીપના નાની. ૫/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ તિલકનગર, તુલસીદાસ ઓધવજી મહેતાના ધર્મપત્ની અ.સૌ. જસવંતીબેન (ઉં.વ. ૮૮) તે પ્રકાશ-તૃપ્તિ, હિતેશ - જ્યોતિ, શીલા - સંજય, આશા - રવિન્દ્ર, અલકા - વિનયના માતુશ્રી. ટીંબીવાળા સ્વ. મગનલાલ માનડનલાલ કીકાણીની પુત્રી. અમીષ - ખ્યાતિ, અમી - ચિત્રાંગ અને બંસરી - દર્શનના દાદી. જિયાંશ તથા મહેરના મોટાદાદી તા. ૫-૫-૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૮-૫-૨૫ના ગુરુવાર ૫ થી ૭, ઉતોપિઆ બેન્કેટ્સ, યુનિવર્સલ સ્કૂલની બાજુમાં, સહકાર ટૉકીઝની સામે, તિલકનગર, ચેમ્બુર, મું. ૮૯.

**વિશાનીમા વણિક**

ગામ મહુધા હાલ મુંબઈ, ગં. સ્વ. નીલુબેન (મંગળાબેન) પરીખ તે સ્વ. નટવરલાલ એમ. પરીખના પત્ની. કુંદનબેન, નીતિનભાઈ, બિમલભાઈના માતોશ્રી. જગદીશભાઈ, રેખાબેન, અનુબેનના સાસુ. પિયરપક્ષે સ્વ. માણેકબેન અને સ્વ. ગોકળદાસ દોશીના દિકરી, તા. ૫-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૮-૫-૨૫ના ૫ થી ૭, મહાવીર હોલ, પંચશીલ હાઈટ્સની બાજુમાં, પીત્ઝા હટની સામે, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ. પિયર પક્ષનું બેસણું પણ આજ સ્થળે રાખેલ છે. લૌકિક વ્યહવાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

જામનગરવાળા, હાલ મિરારોડ, જગદીશ (ઉં.વ. ૭૪), તે સ્વ. ગંગાબેન વલ્લભદાસ અઢિયાના સુપુત્ર. છાયાબેનના પતિ. આશિષના પિતા. વૈશાલીના સસરા. સાત્વિકના દાદા. મેંગલોરવાળા સ્વ. જયાગૌરી બાબુલાલ વસાણીના જમાઈ. સ્વ. નટવરલાલ, જીતેન્દ્ર, સ્વ. અરુણ, જયંત, ગં. સ્વ. મંજુલાબેન, ભારતીબેન, ગં. સ્વ. મેનાબેનના ભાઈ, સોમવાર, તા. ૫-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક



## સરહદી ટેન્શન શેરબજારને કેટલું અવરોધશે?

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

**શેરબજાર** માટે જ્યારે મોટાભાગના પરિબળો પોઝિટિવ છે ત્યારે એકમાત્ર નાપાક પાકિસ્તાનના ઊંબાડિયાને કારણે સેન્ટિમેન્ટ ખોરવાઇ રહ્યું છે. એ જ રીતે, યુદ્ધ સંદર્ભે ભારત આ શત્રુ પાડોશી કરતા ચાર હાથ ઊંચું હોવા છતાં એકમાત્ર ન્યુક્લિઅર ફેકટરને કારણે નાદાન અને મુફલીસ દેશ સાથે યુદ્ધ ટાળી રહ્યું છે.

ભારત-પાકિસ્તાન તણાવમાં વધારો ટૂંકા ગાળા માટે શેરબજારનું મુખ્ય જોખમ પરિબળ બની જાય એવા અણસારો આવી રહ્યાં છે. હાલના સંજોગો જોતા બજાર ટૂંકા સમયમાં અગાઉના ઉચ્ચતમ સ્તરને પાર કરે એવી શક્યતા દેખાઇ રહી છે, જોકે શત્રુ રાષ્ટ્ર સાથેનો તણાવ ચોક્કસપણે નજીકના ગાળામાં ઇક્વિટી માર્કેટ માટે જોખમી છે.

ભારત-અમેરિકા વેપાર કરારની વાસ્તવિક જાહેરાત નજીકના અને મધ્યમ ગાળામાં ભારતમાં વધુ ઉત્પાદન સ્થળાંતર અને લાંબા ગાળામાં નવા એફઆઇઆઇને ભારત તરફ દોરી શકે છે. આ બાબત ચોક્કસપણે એક મજબૂત વૃદ્ધિ માટે ચાલકબળ બની શકે છે, કારણ કે ભારત-અમેરિકા ૨૦૩૦ સુધીમાં ૫૦૦ બિલિયન ડોલરની ટ્રેડ ડીલ માટે સહમત થયા છે.

આપણે નકારાત્મક પાસાં જોઇએ તો ભારત-પાકિસ્તાન યુદ્ધની વધતી સંભાવના જોતા કેટલાક વિદેશી ફંડો અને સ્થાનિક રોકાણકારો બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા હોવાથી બજારમાં નજીકના ગાળામાં નકારાત્મક પ્રતિક્રિયા આવવાની શક્યતા છે.

જોકે, કોઈપણ સુધારો ટકી રહેવાની શકયતા ઓછી છે, કારણ કે મોટે ભાગે એવું જોવા મળ્યું છે કે મજબૂત અર્થતંત્રોમાં સંઘર્ષ દરમિયાન, બજારો સ્થિતિસ્થાપક રહી શકે છે પરંતુ આગળ વધી શકતા નથી.

જમા પાસું એ જ છે કે, વિદેશી ફંડો માટે ભારત એક અનિવાર્ય બજાર બની રહ્યું છે. ભારત એકમાત્ર મોટું ઊભરતું બજાર છે જેની પાસે મજબૂત બેલેન્સ શીટ, મોટા ફોરેક્સ રિઝર્વ અને અત્યંત ઊંચા વિકાસ દર છે.

નજીકના ભવિષ્યમાં ભારત-પાકિસ્તાન યુદ્ધનું જોખમ ચોક્કસપણે છે. આગામી થોડા દિવસોથી અઠવાડિયામાં કેટલીક મજબૂત લશ્કરી અને વ્યૂહાત્મક કાર્યવાહી થવાની સંભાવના છે.

યુદ્ધ પાછળ સરકાર દ્વારા વધારાનો પુષ્કળ ખર્ચ પણ થાય છે, જે અર્થતંત્રને નજીકના ભવિષ્યમાં વેગ આપે છે, જેના પરિણામે બજારની સકારાત્મક પ્રતિક્રિયા પણ આવે છે. કોઈ પણ સંજોગોમાં, ભારતીય કંપનીઓ માટે મૂળભૂત બાબતો સઘન બની રહી છે. આપણે અગાઉના ઉચ્ચ સ્તરથી થોડાં જ દૂર છીએ અને જો અમેરિકા કે પાકિસ્તાન તરફથી કોઇ અળવીતરું પરિબળ ના જાગે તો આ સ્તર થોડા સત્રોમાં હાંસલ થઈ શકે છે.

ચીન અને ભારતના ટેરિફ વચ્ચેના સંબંધિત તફાવતને ધ્યાનમાં રાખીને અથવા તો કેટલાક અન્ય નિકાસલક્ષી દેશોની તુલનામાં કે જેના પર અમેરિકાએ ઊંચા ટેરિફ લગાવ્યા છે, તેની સામે ભારત પર દયાભાવ કે મિત્રભાવ રાખ્યો હોય એવી છાપ ઊભી થઇ છે. આપણે આઇફોન ઉત્પાદન પ્રતિબદ્ધતા જોઈ છે કે યુએસ-નિર્ધારિત ઉત્પાદનને ચીનથી ભારતમાં સ્થળાંતરિત કરવામાં આવ્યું છે.

ઊંચા ટેરિફ તફાવતને ધ્યાનમાં રાખીને આ બાબત બિલકુલ આશ્ચર્યજનક નથી. જો કે, સેમસંગ પણ વિયેતનામથી ભારતમાં સ્થળાંતર કરવાનું વિચારી રહી છે, જ્યાં તફાવત ઘણો ઓછો છે. આ દર્શાવે છે કે સંજોગો ભારતની તરફેણમાં તો આવ્યા છે. ઉપરાંત, એવી શક્યતા છે કે ભારત અને અમેરિકા વચ્ચેનો ૫૦૦ અબજ ડોલરનો વેપાર સોદો લગભગ પૂર્ણ થઈ ગયો છે. આ સોદાની વાસ્તવિક જાહેરાત નજીકના અથવા મધ્ય ગાળામાં ભારતમાં વધુ ઉત્પાદન સ્થળાંતર અને લાંબા ગાળામાં નવા એફઆઇઆઇ ભારત તરફ દોરી શકે છે.

આનો અર્થ એ થશે કે વેપાર પ્રતિબદ્ધતાઓના સંતુલનને ધ્યાનમાં રાખીને ભારતથી અમેરિકા ખાતે આશરે ૨૫૦ બિલિયન ડોલરની નિકાસ થશે. યુએસમાં વર્તમાન ભારતીય નિકાસ ૧૦૦ બિલિયન ડોલર કરતા થોડી ઓછી છે. જો આ હાંસલ કરવામાં આવે તો લગભગ ૨૦ ટકા સીએજીઆર થશે. આ હાંસલ કરવામાં મુખ્ય ફાળો ચીનથી ભારતમાં ઉત્પાદનનું સ્થળાંતર હશે.

જોકે, ટ્રમ્પ ક્યારે શું કરશે એ કહી શકાય એમ નથી. તાજેતરમાં જ ફિલ્મો પરની ટેરિફને સ્પર્શીને તેણે જાહેર કર્યું છે કે હજું તેના માથા પરથી ટેરિફનું ભૂત ઉતર્યું નથી! એકંદરે યુએસ ટેરિફને કારણે વૈશ્વિક મંદીનો ભય છે, જે આપણા નિકાસકારોને પણ અસર કરશે. અગાઉ જણાવ્યા અનુસાર ચીનથી ભારત તરફના સ્થળાંતર છતાં, યુએસ ટેરિફ યુએસ વ્યાપાર ધંધા માટે વિવિધ સ્તરે મુશ્કેલી સર્જશે.

ઉપરોક્ત પરિસ્થિતિનું પરિણામ એવું આવી શકે છે કે તેઓ વિવેકાધીન ખર્ચ મુલતવી રાખશે. ઉદાહરણ તરીકે, મોટી યુએસ કંપનીઓ વધુ વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સ મેળવવામાં આઇટી પાછળનો ખર્ચ ટાળી શકે છે. અન્ય બિન-અમેરિકન મોટી કંપનીઓ માટે પણ આવી જ અનિશ્ચિતતા હશે, જે વૈશ્વિક મંદી લાવી શકે છે અને ભારતીય નિકાસકારોને પણ અસર કરી શકે છે.

જોકે, આશા રાખીએ કે અસર અલ્પજીવી રહેવી જોઈએ. જો અમેરિકામાં પુરવઠાની તંગી સર્જાય તો અગાઉ આપણા જે ઉદ્યોગો યુએસમાં નિકાસ કરી શકતા નહોતા, તેઓ ડિફરન્શિયલ ટેરિફ અને સંભવિત સોદાને કારણે નિકાસનો લાભ લઇ શકે છે.

અમેરિકામાં સંભવિત મંદી તેમજ ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા સરહદી તણાવની ચિંતા બજારના મૂડ પર નકારાત્મક અસર કરે છે. વર્તમાન ભૂ-રાજકીય તણાવ વચ્ચે નજીકના ભવિષ્યમાં રોકાણકારોમાં સાવચેતીનું માનસ રહી શકે છે, જોકે નિષ્ણાતો માને છે કે ખરેખર યુદ્ધ ના થાય ત્યાં સુધી હાલમાં કોઈ તીવ્ર કરેક્શનની અપેક્ષા નથી.

વૈશ્વિક સ્તરે, અમેરિકા અને ચીન વચ્ચેના વેપાર તણાવમાં ઘટાડો, નબળા પડતા યુએસ ડોલર સાથે, ભારત જેવા ઊભરતા બજારો માટે મધ્યમ ગાળાના હકારાત્મક પરિમાણ તરીકે જોવામાં આવે છે. એકંદરે, જોકે ભૌગોલિક રાજકીય તણાવને કારણે બજારમાં અસ્થિરતાની ધારણાં છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## કેનેડાના લોકોએ ટ્રમ્પને મારી જબરી લપડાક...

### ભૂતપૂર્વ બેન્કર માર્ક કાર્નેએ બાજી કેવી રીતે પલટાવી દીધી?




ટ્રમ્પ

માર્ક કાર્ને

કેનેડામાં થોડા મહિના પહેલાં કોઈએ માન્યું નહોતું કે ત્યાંની લિબરલ પાર્ટીનો વિજય થશે... અગાઉના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો કેનેડાના વડા પ્રધાન હતા ત્યારે એમના આ પક્ષનો પરાજય લગભગ નિશ્ચિત લાગતો હતો, પરંતુ બે પરિબળે આખો માહોલ અને મુકાબલો જ પલટાવી નાખ્યો.

પ્રથમ તો લોકોમાં અપ્રિય ટ્રુડોના સ્થાને ચૂંટણી પૂર્વે ભૂતપૂર્વ બેન્કર માર્ક કાર્ને નવા વડા પ્રધાન બન્યા હતા. આને લીધે ટ્રુડોના નબળા દેખાવ અને એની નકારાત્મક અસર ઓછી થઈ ગઈ.

બીજું મોટું કારણ ટ્રમ્પ ખુદ છે. કાર્નેના વિજયને અનપેક્ષિત ઉપલબ્ધિ ગણાવી શકાય. નવેમ્બરના ઓપિનિયન પોલમાં લિબરલ પાર્ટી ૨૫ પોઈન્ટ પાછળ હતી. ટ્રુડોની વિદાય અને ટ્રમ્પની ધમકીઓને લીધે રાજકારણી નહીં, પરંતુ અર્થશાસ્ત્રી તરીકે જાણીતા માર્ક કાર્ને પહેલી વાર ચૂંટણી લડ્યા અને એમાં વિજય મેળવ્યો. લિબરલ પાર્ટીએ ૩૪૩ બેઠકના નીચલા ગૃહમાં ૧૬૯ બેઠક જીતી છે. આ પક્ષ બહુમતીથી ફક્ત ત્રણ બેઠક દૂર છે. લિબરલ પાર્ટી કોઈ બીજા પક્ષ સાથે ગઠબંધન કરીને આસાનીથી સત્તા પર આવશે.. માર્કનો પક્ષ 'ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (એનડીપી)' નો ટેકો લઈને સરકાર બનાવે એવી અટકળો છે. મુખ્ય વિરોધ પક્ષ કોન્સરવેટિવ પાર્ટીએ ૧૪૪ બેઠક જીતી, પરંતુ તેને ઘણું નુકસાન થયું છે. તેના નેતા પિયર પોલિવર પોતે પણ હારી ગયા. આવા જ હાલ જગમીતસિંહના થયા છે. ખાલિસ્તાની તરફી જગમીતસિંહ પોતે ચૂંટણી હારી ગયા. આ પક્ષ ફક્ત સાત બેઠક જીતી શક્યો છે અને તેણે રાષ્ટ્રીય પક્ષનો મોભો ગુમાવી દીધો છે. લિબરલ પાર્ટી સતત ચોથી વાર સત્તામાં આવી છે. લિબરલ પાર્ટીએ ૪૩.૭ ટકા મત મેળવ્યા છે. ૧૯૮૦ પછી આ પક્ષે પહેલી વાર આટલો મોટો જનાદેશ મેળવ્યો છે.

જોકે, આ ચૂંટણીને ટ્રમ્પે સૌથી વધારે પ્રભાવિત કરી છે. ટ્રમ્પે કેનેડા પર ટેરિફ લગાવીને ત્યાંના લોકોને નારાજ કર્યા હતા. ટ્રમ્પે કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવાની જાહેરાત કરી હતી. આને લીધે કેનેડિયનો અતિશય ધુંવાપુંવા થયા હતા. કેનેડામાં અમેરિકાના માલનો બહિષ્કાર કરવાની ઝુંબેશ ચાલી હતી. લોકોએ અમેરિકાના પ્રવાસે જવાનું કેન્સલ કર્યું હતું. કેનેડાના લોકોનો આવા આક્રોશનો લિબરલ પાર્ટીએ બરાબર ફાયદો ઉઠાવ્યો. મતદારોએ રાષ્ટ્રવાદને મુખ્ય મુદ્દો બનાવ્યો. આની સરખામણીમાં રૂઢિચુસ્ત પક્ષે વસાહતી, ઓછા વેરા વગેરેને મુદ્દા બનાવ્યા. લોકોને તેનો અભિગમ ટ્રમ્પ જેવો લાગતા તેને જાકારો આપ્યો..

માર્ક કાર્ને 'બેન્ક ઓફ ઈંગ્લેન્ડ' અને 'બેન્ક ઓફ કેનેડા'ના ભૂતપૂર્વ ગવર્નર હતા. આ વર્ષની શરૂઆતમાં ટ્રુડોના સ્થાને એ લિબરલ પાર્ટીના વડા બન્યા હતા. કાર્નેએ એમની ચૂંટણી ઝુંબેશમાં પ્રમુખ ટ્રમ્પ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. માર્કે જીત મેળવ્યા બાદ કહ્યું કે હું મહિનાઓથી ચેતવણી આપું છું કે અમેરિકાને આપણી જમીન, સંસાધનો અને પાણી જોઈએ છે. પ્રમુખ ટ્રમ્પ કેનેડાના વિભાજનનો પ્રયાસ કરી રહ્યા છે. જેથી તેના પર માલિકી ધરાવી શકે. આ કદી નહીં બને. એમણે કેનેડાના લોકોને પૂછ્યું કે : 'તમે મારી સાથે કેનેડાના પડખે ઊભા રહેવા તૈયાર છો? ' એમના આ સવાલે કેનેડાના લોકોને એમના પક્ષે કરી દીધા હતા. આ સવાલને લીધે ત્રણ મહિના પહેલાં હારી રહેલી લિબરલ પાર્ટી બાજી મારી ગઈ. ટ્રમ્પની વિદેશી નીતિને લીધે કેનેડાના લોકોએ એની વિરુદ્ધ મન બનાવી લિબરલ પાર્ટીને મત આપ્યો. કેનેડાની પ્રજાના- સરકારના આઘાત અને ગુસ્સા છતાં ટ્રમ્પે મતદાનના દિવસે પણ કેનેડાના લોકોને ચીડાવ્યા હતા. ટ્રમ્પે સોશિયલ મીડિયામાં લખ્યું કે 'કેનેડાના મહાન લોકોને શુભેચ્છા. તમે એવા માણસને ચૂંટો જે તમારા વેરાને અડધા કરવાની તાકાત અને ડહાપણ ધરાવે છે. તમારા કાર, સ્ટીલ, એલ્યુમિનિયમ, ઊર્જા અને બિઝનેસ ચાર ગણા થઈ જશે. ઝીરો ટેરિફ સાથે કેનેડા ૫૧મું રાજ્ય બની શકે છે માટે અનેક વર્ષોથી કૃત્રિમ રીતે દોરાયેલી રેખા ભૂંસી નાખો'.

ટ્રમ્પના આવા અહંમી વર્તનને કારણે કેનેડાના મતદાર વધુ ગિન્નાયા.

બીજી તરફ કાર્ને કહે કે 'હું જાણું છું કે હું વિશ્વની મોટી કંપની ચલાવનાર લોકોને જાણું છું. મને ખબર છે કે નાણાકીય સંસ્થાઓ કઈ રીતે કામ કરે છે. મને ખબર છે કે બજારો કઈ રીતે કામ કરે છે. હું મારું એ જ્ઞાન કેનેડાના લાભમાં વાપરવા માગું છું'.

કાર્નેએ જીત મેળવ્યા બાદ પ્રતિજ્ઞા કરી છે કે હું કેનેડાનું નવઘડતર કરીશ. હું કેનેડાનું અમેરિકા પરનું અવલંબન ઓછું કરીશ.

કાર્ને ચૂંટણી પહેલાં વડા પ્રધાન બન્યા હતા ત્યારે એમણે સૌથી પહેલાં યુરોપની મુલાકાત લીધી હતી. કેનેડાના લોકોમાં એવી લાગણી પ્રબળ બની હતી કે કાર્ને એક જાણીતા અર્થશાસ્ત્રી છે અને ટ્રમ્પ ટેરિફ ધમકીને પહોંચી વળવા ફક્ત એ જ સમર્થ છે.

આ બધા વચ્ચે ભારતને લાગેવળગે છે ત્યાં સુધી ૨૦૨૩થી ભારત અને કેનેડાના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. સપ્ટેમ્બર ૨૦૨૩માં તત્કાલીન વડા પ્રધાન ટ્રુડોએ એવો આક્ષેપ કર્યો હતો કે કેનેડાના નાગરિક અને ખાલિસ્તાની ટેકેદાર હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સંડોવાયું છે. આ આક્ષેપથી વાવાઝોડું આવ્યું હતું. ત્યાર બાદ ભારત અને કેનેડાએ એકબીજાના ડિપ્લોમેટની હકાલપટ્ટી કરી હતી. દ્વિપક્ષીય સંબંધો તળિયે બેસી ગયા. વેપારની વાતચીત સ્થગિત કરવામાં આવી હતી. રાજકીય સંબંધોમાં ઓટ આવી હતી, પરંતુ આર્થિક સંબંધો એટલા વકર્યા નહોતા. કેનેડાના પેન્શનફંડ અને બીજા સંસ્થાકીય રોકાણકારોએ ભારતમાં રોકાણ કરવાનું ચાલુ રાખ્યું હતું. હવે આ હોલ્ડિંગ ૧૦૦ અબજ ડૉલરનું થયું છે.

કાર્નેએ અર્થશાસ્ત્રી તરીકે ભારતમાં રોકાણ કરવાની હિમાયત કરી હતી. હવે કાર્ની પાસે ભારત સાથે સંબંધ સુધારવાનો જનાદેશ છે. ભારત માટે આનંદની વાત એ છે કે ભારત સામે ઝેર ઓકનાર જગમીત સિંહના પક્ષે રાષ્ટ્રીય પક્ષનો મોભો ગુમાવ્યો છે. જગમીતે ૨૦૨૧ અને ૨૦૨૪માં ટ્રુડોને ટેકો આપ્યો હતો. જગમીતના બ્લેકમેલિંગને લીધે જ ટ્રુડોએ ભારત સામે આક્રમક વલણ અખત્યાર કર્યું હતું. જગમીતની પાર્ટી કેનેડાના નીચલા ગૃહમાં હંમેશાં ત્રીજા કે ચોથા મોટા પક્ષ તરીકે અગાઉ ઉભરતી હતી. હવે આ પક્ષે રાષ્ટ્રીય પક્ષ તરીકેનો મોભો ગુમાવી દીધો છે.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ માર્ક કાર્નેને અભિનંદન આપ્યા પછી ભારત તેના સત્તાવાર નિવેદનમાં કહે છે કે કેનેડામાંના આતંકવાદી અને અલગતાવાદી તત્ત્વોને લીધે ભારત અને કેનેડાના સંબંધોમાં ખટાશ આવી હતી. નવી દિલ્હી હવે એવી આશા રાખે છે કે પારસ્પરિક વિશ્વાસ અને સંવેદનશીલતાના આધારે બન્ને દેશના સંબંધો સુધારે.

કાર્ને પણ અમેરિકાના વિકલ્પો શોધી રહ્યા છે. કેનેડાએ પેટ્રોલ અમેરિકાને બદલે ચીનને આપવાનું નક્કી કર્યું છે.. કેનેડા યુરોપના દેશો સાથે મજબૂત સંબંધો બનાવ્યા છે. કાર્નેએ પણ ભારત સાથે સંબંધો સુદૃઢ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે... ■

## આ તો સ્કેમ છે... નેતાજીના વિશ્વાસુ ખજાનો લઈ ગયા?






પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

નેતાજી સુભાષચંદ્ર બોઝના મોત અને ઇન્ડિયન નેશનલ આર્મીના ખજાના વિશે ખૂબ ચર્ચા થઇ, વિવાદો થયા અને આરોપ-પ્રતિઆરોપ પણ. તપાસ સમિતિઓ પણ નીમાઇ. છતાં આજ સુધી સંતોષકારક, સર્વસ્વીકાર્ય એવા નિષ્કર્ષ મળ્યા નથી.

સ્વાભાવિક છે કે નેતાજીના રહસ્યમય મોતનો સંબંધ આઇ.એન.એ.ના ખજાનાના ગાયબ થવા સાથે હોય જ. પત્રકારમાંથી આઝાદ હિન્દ સરકારના પ્રચાર મંત્રી બનેલ એસ. ઐયર નેતાજીના છેલ્લાં દિવસોમાં એમની સાથે હતા. ૧૯૪૫ની ૨૨મી ઑગસ્ટે ઐયર સાયગોનથી ટોકિયો ગયા અને ત્યાં આઇ.એલ.એલ.ના ભૂતપૂર્વ પ્રમુખ એમ. રામમૂર્તિને મળ્યા. આ બન્નેએ જાપાની આર્મી પાસેથી બે બોક્સ મેળવ્યા હતા. તેમણે નેતાજીના અવશેષ ટોકિયોના રાન્કોજી મંદિરમાં મૂકયા હતા, તો ખજાનો મૂર્તિએ પોતાની પાસે રાખ્યો હતો. અલબત્ત, આ માહિતી અનેકના નિવેદન અને દાવાની ઉપજ છે.

આ બધામાં એક નાનકડી પણ મહત્ત્વની નોંધ જાણવી જોઇએ. ૧૯૪૬ની ૨૫મી ઑગસ્ટે સુપ્રીમ એલાઇડ કમાન્ડના સાઉથ એશિયા સ્થિત એક મિલિટરી કાઉન્ટર ઇન્ટેલિજન્સ ઑફિસર લેફ્ટનન્ટ કર્નલ જોહન ફિગીસે નેતાજીના અવસાન, એમના બે બોક્સ કોને અપાયા એ મતલબની નોંધ પોતાના ઉપરી લોર્ડ લુઇસ માઉન્ટબેટનને સુપરત કરી હતી. ફિગીસના દાવા મુજબ ફોર્મોસા (હાલના તાઇવાન)માં થયેલી વિમાન દુર્ઘટનામાં નેતાજી ખરેખર અવસાન પામ્યા હતા.

બીજા વિશ્વ યુદ્ધના અંત બાદ ભારતમાં સ્વાતંત્ર્ય આંદોલન ઉગ્ર બન્યું હતું અને બ્રિટિશરો પણ પીછેહઠ કરવા લાચાર થઇ ગયા હતા. આ સંજોગોમાં નેતાજીના અવસાન અને એમના પક્ષ સરકારના ખજાનાને બહુ મહત્ત્વ મળી શકયું નહોતું. સત્તાના હસ્તાંતરણના આનંદ, ઉન્માદ, ઉત્તેજના અને ઉતાવળમાં ઘણી મહત્ત્વની બાબતો વિસરાઇ ગઇ એમાં આ બે મુદ્દા ય ખરા, પરંતુ સત્યને કયાં દફનાવી શકાતું હોય છે!

૧૯૪૭માં જ સચ્ચાઇએ બહાર આવવા પ્રયાસ કર્યા. જાપાનના ટોકિયો સ્થિત ઇન્ડિયન લાયઝન મિશનના પ્રથમ વડા સર બેનેગલ રામરાવે ભારતના વિદેશ મંત્રાલયને એક સ્ફોટક પત્ર લખ્યો હતો. આમાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં આરોપ મૂકયો હતો કે આઇ.આઇ.એલ.ના એમ. રામમૂર્તિએ નેતાજીના ભંડોળમાં ઘાલમેલ કરી છે અને તેમના ખજાનાનોય દુરુપયોગ કર્યો છે. એમના આરોપના મૂળમાં સ્થાનિક એટલે જાપાનના વસતા ભારતીયોની ફરિયાદ હતી. માત્ર પ્રજામાં જ નારાજગી હતી એટલું જ નહીં, જાપાનીઝ મીડિયામાં પણ એનો પડઘો પડયો હતો. એમ. રામમૂર્તિ અને એમના ભાઇ જે. મૂર્તિએ એકદમ સમૃદ્ધ-સભર જીવતા હતા. એ સમયે યુદ્ધથી છિન્નભિન્ન જાપાનમાં તેઓ બે-બે મોંઘી સેડાન કાર વાપરતા હતા, જે એ સમયે દુર્લભ અને મોટી બાબત હતી.

સર બેનેગલ રામરાવને ભારતના વિદેશ મંત્રાલય તરફથી અત્યંત ઉદાસીન અને નિરાશાજનક જવાબ મળ્યો: સૉરી, ઇન્ડિયન નેશનલ આર્મીના ખજાનામાં અમે દિલચસ્પી ન લઇ શકીએ. કદાચ ત્યારે તાત્કાલિક પગલાં ભરાયા હોત અથવા તપાસ કે પૂછપરછ પણ થઈ હોત તો થોડું ઘણું સત્ય બહાર આવ્યું હોત અને ખજાનાનો અંશ પણ પાછો મળી શકયો હોત.

પરંતુ આ પ્રશ્ન, ફરિયાદ કે રજૂઆતના શબ્દો માત્ર કાગળ પર અંતિમ શ્વાસ લેવાના નહોતા. બહુ નામાંકિત રાજદૂત કે. કે. ચેટ્ટુરને જાપાન સાથે સંપૂર્ણ રાજદ્વારી સંબંધ બાંધવા માટે મોકલાયા. એ સમય હતો ૧૯૫૧ના મેનો.

અનુભવી વિદ્વાન દૂરંદેશી ધરાવતા, ગજબની કોઠાસૂઝના માલિક અને સ્પષ્ટ-વકતા ચેટ્ટુર એસ.એ. ઐયરને બરાબર ઓળખતા હતા. એક સમયના આ નેતાજીના સાથી હવે ભારતની નવી સવી સરકાર અને વહીવટતંત્રનો ભાગ બની ગયા હતા. તેમને મુંબઇ રાજયના પ્રચાર નિયામકનો હોદ્દો સોંપાયો હતો. નેતાજીના અવસાન (?)ના સાતેક વર્ષ બાદ ઐયર 'રજા માણવા'ના નામે ટોકિયો ગયા પણ તેઓ ગુપ્ત-ખાનગી એજન્ડા ધરાવતા હોવાનું ચર્ચાયું હતું.

એ સમયે હજી વૉટસઍપ કે ઇ-મેઇલ તો ઘણા પ્રકાશવર્ષ દૂર હતા. કે. કે. ચેટ્ટુર છાશવારે નવી દિલ્હી સ્થિત વિદેશ મંત્રાલયને કેબલ મોકલે, એમાં તેમણે પહેલીવાર શબ્દપ્રયોગ કર્યો: આઇએનએ ટ્રેઝર એટલે કે આઇ.એન.એ.નો ખજાનો. પછી તો આ શબ્દસમૂહ ચલણી થઇ ગયો અને સરકાર પણ એનો ઉપયોગ કરવા લાગી હતી.

આ મામલો આગળ વધતા ખુદ એસ. એ. ઐયરે ચેટ્ટુરને ટોકિયોમાં મહત્ત્વપૂર્ણ માહિતી આપી હતી. એ મુજબ ભારત સરકારે ઐયરને બે જવાબદારી સોંપી હતી. એક, રેન્કોજી મંદિરમાં મુકાયેલા અસ્થિ-ખરેખર નેતાજીના જ છે? બે, વિમાન દુર્ઘટનાના સ્થળેથી મળેલા સોનાનાં ઘરેણાં પાછા મેળવી લેવા.

અને આ જવાબદારીનું વહન કેવું, કેટલું થવું? કેવી રીતે થવું? એના કેવા પ્રતિભાવ પડયા? ચેટ્ટુરે વિદેશ મંત્રાલયને મોકલેલો ગુપ્ત અહેવાલ ચોંકાવનારો અને ઘણો સૂચક હતો. એસ.એ.ઐયર અને તેમના સાથીઓ રામમૂર્તિ અને એમના નાનાભાઇ જે. મૂર્તિને પાછા આવેલા જોઇને સ્થાનિક ભારતીયો ક્રોધથી લાલચોળ થઇ ગયા હતા. નેતાજીનો ખજાનો રહસ્યમય ગાયબ થવા પાછળ આ લોકોનો જ હાથ હતો?

નેતાજી સુભાષચંદ્ર બોઝના ખજાના સાથે સંકળાયેલા પાત્રોના હજી તો ઘણા નીતનવા રંગ સામે આવવાના હતા.

(ક્રમશઃ)■

## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# સ્મશાન વૈરાગ્યઃ ક્ષણિક આવીને ભાગી કેમ જાય છે?

### સ્મશાન નામનો સિલેબસ હોય તો એકમાત્ર લેસન યાદ રાખવાની જરૂર છે કે જીવન ક્ષણભંગુર છે

યુધિષ્ઠિરના ભાઇઓ ઝેરી પાણી પીને મૃતપ્રાય થઈ ગયા હતા ત્યારે યુધિષ્ઠિરે એમને બચાવવા યક્ષ સાથે થયેલી પ્રશ્નોત્તરી વખતે જે રીતે યુધિષ્ઠિર સચોટ જવાબ આપ્યા હતાં, એ જોતાં તો ક્યારેક માની જ ન શકાય કે આ માણસ જુગાર રમીને પરિવારને જોખમમાં મૂકી શકે.

યક્ષે એક સવાલ પૂછ્યો હતો કે, ‘જગતનું સૌથી મોટું આશ્ચર્ય ક્યું છે?’

યુધિષ્ઠિર જવાબ આપ્યો હતો કે, ‘નિકટના સંબંધીને મરતાં જોવા છતાં પોતે ક્યારેય મરવાનો નથી તેવો મોહ રાખવો એ મનુષ્ય જગતનું સૌથી મોટું આશ્ચર્ય છે.’

આ આશ્ચર્યનો અનુભવ જયારે આપણા કોઈ સંબંધીનું નિધન થાય ત્યારે સમજાય છે. સ્મશાન એ એવી જગ્યા છે જ્યાં મૃત્યુનું સીધું અને કઠોર સ્વરૂપ નજર સામે આવે છે. ચિતાને અગ્નિદાહ આપવામાં આવે ત્યારે વ્યક્તિમાં વૈરાગ્યભાવ જાગ્રત થઇ જાય છે.

માણસ સ્મશાનમાં જાય ત્યારે વૈરાગ્યભાવ આવવાનું કારણ એ છે કે સ્મશાનનું વાતાવરણ અને મૃત્યુની નિકટતા જીવનની નશ્વરતાનું ભાન કરાવે છે. સ્મશાનમાં મૃતદેહ સાથે સંબંધીઓ, અંતિમસંસ્કારની પ્રક્રિયા, વિચિત્ર વાસ ધરાવતા ધુમાડા વચ્ચે માણસનું મન થોડું ધીમું પડતું હોય છે. એ અલગ વાતાવરણ માણસને યાદ અપાવે છે કે જીવન ક્ષણિક છે. સ્મશાનમાં મૃતદેહો, અંતિમ સંસ્કાર અને અલગ શાંતિ જોવા મળે છે, જે માણસને દુન્યવી સુખો, સંપત્તિ અને ઈચ્છાઓની ક્ષણભંગુરતા યાદ અપાવે છે. આ અનુભવ માણસને જગતથી વિમુખ કરીને આત્મચિંતન કરવા માટે પ્રેરે છે.

સમૃદ્ધ, શક્તિશાળી કે દેખાવડી વ્યક્તિનું શરીર નજર સામે અગ્નિમાં બળીને રાખ બની જાય છે ત્યારે આપણને અહેસાસ થાય છે કે શારીરિક અને ભૌતિક બાબતોનું કોઈ કાયમી મૂલ્ય નથી. આ અહેસાસ વૈરાગ્યનું કામચલાઉ પહેલું પગથિયું બને છે. ભારતીય દર્શનમાં, ખાસ કરીને વેદાંત અને બૌદ્ધ દર્શનમાં કશું કાયમી નથીનો વિચાર કેન્દ્રમાં રહ્યો છે. સ્મશાનમાં દરેક વસ્તુ ક્ષણભંગુર હોવાના આ વિચારનો અનુભવ થાય છે. આ અનુભવ માણસના મનને દુન્યવી સુખો, સંપત્તિ, સંબંધો અને મહત્ત્વાકાંક્ષાઓની દુનિયામાંથી અલગ દિશામાં લઇ જાય છે અને આપણા મનમાં વૈરાગ્યનો ભાવ જાગે છે.



સ્મશાનમાં રોજિંદા જીવનનો ઘોંઘાટ, દોડધામ અને ભૌતિક ચમક-દમક ગેરહાજર હોય છે. આ શાંતિ મનને ખાલીપણાનો અનુભવ કરાવે છે. આ સંજોગોમાં મનમાં જીવન પરત્વે પ્રશ્નો ઊભા થાય છે. ‘જીવનનો હેતુ શું છે?’ અથવા ‘આ બધું પ્રાપ્ત કર્યા પછી શું?’ જેવા વિચારો એને ઘેરી વળે છે. આ પ્રશ્નોના તત્કાળ કોઈ જવાબ હોતા નથી અને તે વૈરાગ્યની ભાવનાને વધુ તીવ્ર બનાવે છે. જ્યારે વ્યક્તિ ભૌતિક દુનિયામાં પાછો આવે છે, ત્યારે વૈરાગ્યભાવ નબળો પડી જાય છે. આધ્યાત્મિક ગ્રંથોમાં આવા વૈરાગ્યને સ્મશાન વૈરાગ્ય કહેવામાં આવે છે.

મૃત્યુનું ચિંતન ઘણા લોકો માટે ભય અને અસ્વસ્થતાનું કારણ બની શકે છે. સ્મશાનમાં આ ભય વૈરાગ્યના રૂપમાં પ્રગટ થાય છે, પરંતુ સ્મશાનમાંથી બહાર નીકળતાં જ આ ભયને ટાળવા માટે વ્યક્તિ રૂટિન જિંદગીમાં જાણી જોઈને ડૂબી જાય છે. મન અસ્વસ્થ કરનારા વિચારોને દબાવીને ગમતા વિષય પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વ્યક્તિ ડરનો માર્યો સ્મશાનનો ગહન અનુભવ ઝડપથી ભૂલાવા પ્રયત્ન કરે છે.

આપણે અનુભવ્યું છે કે માણસ સ્મશાનમાંથી બહાર નીકળે છે, તે શ્રદ્ધાંજલિ આપવાના બહાને મોબાઈલ ખોલે છે અને વૈરાગ્ય ગાયબ થવા લાગે છે. ભારતીય દર્શનમાં માયાની ભ્રમજાળ પર ઘણું બધું સાહિત્ય લખવામાં આવ્યું છે.

સ્મશાનમાં સંસારની માયા થોડા સમય માટે નિરર્થક લાગે છે, પરંતુ બહાર નીકળતાં જ રોજિંદા જીવનમાં પરિવાર, મિત્રો, કામ, મનોરંજન, સોશિયલ મીડિયામાં મનને પરોવતાં વૈરાગ્યની ભાવનાથી દૂર થઇ જાય છે. માયાની દુનિયામાં સુખ અને વ્યસ્તતા મળતાં જ વ્યક્તિ સ્મશાનના ગંભીર ચિંતનને ભૂલી જાય છે.

સ્મશાનમાં આવેલા વૈરાગ્ય ભાવને સ્થાયી કરવાની ઈચ્છા દરેક વ્યક્તિને હોય છે. ઊંચી ઇમારત ઊભી કરવા પાયો મજબૂત હોવો જરૂરી છે. વૈરાગ્યનો ભાવ સ્થાયી બનાવવા માટે કેટલાક પાયા મજબૂત કરવા પડે. વૈરાગ્ય ભાવને કાયમી કરવા આધ્યાત્મિક સાધના, ધ્યાન, સારા પુસ્તકોનું વાંચન અથવા ગુરુનું માર્ગદર્શન જરૂરી છે. સ્મશાનમાં ઉદ્ભવેલો વૈરાગ્ય એક એવા બીજ જેવો છે, જેને ખીલવા માટે નિયમિત પોષણની જરૂર હોય છે. મોટાભાગના લોકો આ ભાવને આગળ લઈ જવા માટે કોઈ નિશ્ચિત પ્રયાસ કરતા નથી અને પોતાની દુનિયામાં ખોવાઈ જાય છે.

વ્યક્તિ સ્મશાનમાં હોય ત્યારે દુ:ખી પરિવારો અને મૃત્યુનું દૃશ્ય જોવાથી મનમાં સહાનુભૂતિ અને ક્ષમાની લાગણી જાગે છે. એ સમયે એને યાદ આવે છે કે નાનકડા જીવનમાં અભિમાન કે નારાજગી રાખ્યા વગર સહુ સાથે પ્રેમથી રહેવું જોઈએ. નાની- મોટી ભૂલ માટે માફી આપતા અને માફી માંગતા શીખવાની જરૂર છે. સ્મશાનમાંથી બહાર નીકળતા માણસ પ્રતિજ્ઞા લેતો હોય છે કે પરિવાર સાથે શક્ય એટલો વધુ સમય કાઢવો જોઈએ.

સ્મશાનમાં માણસ પોતાના મનને પ્રશ્ન પૂછે છે કે ‘જીવનનો હેતુ શું છે’ એનો જવાબ શોધવા પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રશ્નનો વિચાર કરે તો તેને સમજાશે કે જીવન ફક્ત ભૌતિક સફળતા કે સુખોની પાછળ દોડવા માટે નથી. જિંદગી તો સત્યની શોધ અને પ્રેમ તથા સંવેદના વ્યક્ત કરવા માટે બની છે.

ઓશો કહેતા કે સ્મશાન ગામની બહાર રાખવું જોઈએ નહિ, સ્મશાન ગામની બરોબર વચ્ચે રાખવું જોઈએ. સ્મશાનની આસપાસ દરેક વ્યક્તિએ પસાર થવું પડે એ પ્રકારનું આયોજન કરવું જોઈએ. જો ગામની વચ્ચે સ્મશાન હશે તો કેટલાય પ્રકારની ગુનાખોરી ઘટી શકે છે અને સમાજમાં પ્રેમ અને લાગણી વધી શકે છે. સ્મશાન નામનો સિલેબસ હોય તો એકમાત્ર લેશન યાદ રાખવાની જરૂર છે કે જીવન ક્ષણભંગુર છે. મૃતદેહ, અંતિમ સંસ્કાર અને રાખનું જોઈને શીખવાની જરૂર છે કે શરીર, સંપત્તિ, સંબંધો અને દુન્યવી સિદ્ધિઓમાં કશું જ કાયમી નથી.. દરેકના જીવનનો અંત નિશ્ચિત છે. આ સત્ય સામે કોઈ શક્તિ ટકી શકતી નથી. ઈશ્વરના અવતાર પણ ધરતી પર પ્રગટ થયા છે ત્યારે એમણે પણ આ જ નિયમનું પાલન કર્યું છે- કરવું પડ્યું છે.

આજથી આપણે ધ્યાન રાખીએ કે સ્મશાનમાં ઉદ્ભવતો વૈરાગ્ય ભાવ ક્ષણિક હોય છે, કારણ કે માણસનું મન રોજિંદા જીવનના સુખ અને આકર્ષણોમાં ખોવાઈ જાય છે. હકીકતે આ કોઈ વૈરાગ્ય નથી પણ ક્ષણ માટે થતી ભાવના છે. આ ભાવને સાધના, ચિંતન, વાંચન કે યોગ્ય ગુરુના માર્ગદર્શન દ્વારા આગળ વધારવામાં આવે તો માણસજાત જીવનનો માર્ગ બદલી શકે છે.■

**ધ એન્ડ**

*મૃત્યુની ઊંઘમાં કેવાં કેવાં સ્વપ્ન આવતા હશે? (શેક્સપિયર)*

## વ્યંગ

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# પરીક્ષાના પેપરમાં પાસ થવું છે?



**પરીક્ષા** લેવી સૌ કોઇને ગમે છે, પરંતુ, પરીક્ષા આપવી કોઇને ગમતી નથી. સીતા માતાજીને જ પૂછી લો. નખશિખ પવિત્રતાની સાક્ષાત મૂર્તિ સીતામાતાજીએ લંકા વિજય પછી લોકલાજ ખાતર અગ્નિ પરીક્ષા આપવી પડેલી. કઇ સ્ત્રીને આવી અપમાનજનક પરીક્ષા દેવી ગમે?

ગુરૂ દ્રૌણ ગ્રાંટેડ ડીમ્ડ તીરંદાજી યુનિવર્સિટી ચલાવતા હતા. એમાં કૌરવ - પાંડવ અભ્યાસ કરતા હતા. રાજકુમારોએ મોજમજા કરવાની હોય કે પરીક્ષા આપવાની હોય?

આ તો રાજાનું માન રાખવા રાજકુમારો અભ્યાસ કરતા હોય. રાજકુમારો ધારે તો ઓનલાઇન કે ઓફલાઇન અભ્યાસ કર્યા સિવાય ચોસઠ કળામાં ડિસ્ટિંકશન વીથ ડિસ્ટિંકશન ગ્રેડમાં ઉત્તીર્ણ થયેલ હોવાનું પ્રમાણપત્ર ઘર બેઠા બેઠા કુરિયરથી મેળવી શકે. રાજકુમારોને ક્યાં ભણવાની જરૂર હતી? એમને ક્યાં વિદ્યા સહાયક, પ્રવાસી શિક્ષક કે જ્ઞાન સહાયકની ફિક્સ પગારની નોકરી કરવાની ગુલામી કરવાની હતી? રાજકુમારને વંશપરંપરાગત રાજા બનવાનું હોય. સેનાપતિ અને પ્રજાની પરીક્ષા લેવાની હોય, પછી ભણીને શું કાંદા કાઢવાના હોય?

મહાન બાદશાહ અકબર ક્યાં પીએચ. ડી થઇને ડૉક્ટર અકબર બનેલા? શિક્ષણના નામે અંગૂઠાછાપ હતા. તો પણ અકબરની મહાન શાસકમાં ગણના થાય છે કે નહીં? વિશ્વ વિજેતા સિકંદરે કંઇ આઇએએમમાંથી એમબીએ કરેલ હતું? છતાં, સફળ યુદ્ધ સંચાલક પુરવાર થઇ વિશ્વવિજેતા તરીકે ઇતિહાસમાં અમર થયેલ કે નહીં?

બીજી તરફ, દુનિયાભરની મેનેજમેન્ટની ડિગ્રી હોવા છતાં અનિલ અંબાણી લુઝર સાબિત થયા કે નહીં? માની લઇએ કે શિક્ષણ લેવું જરૂરી છે તો બચ્ચાઓને ફાવે તેટલું શિક્ષણ આપો. ભણાવ્યા એટલે પરીક્ષા લેવી થોડી જરૂરી છે? બેંકિંગ વિષયના ગ્રેજયુએટ કે માસ્ટર ગ્રેજયુએટને બેંકમાં ખાતું ખોલાવવા માટેનું નવ દસ પાનાનું ફોર્મ એક પણ ભૂલ પાડ્યા સિવાય ભરતા આવડે છે? મેથ્સના પીએચ. ડીને કેલકયુલેટર સિવાય બાર આંકડાનો સરવાળો કરતા આવડે છે? એક પણ યુનિવર્સિટી કે કોલેજ પરીક્ષામાં કાપલી કરતા શીખવાડે છે?

આ તો ભણવાનું જેના લમણે લખાયેલ હોય એમણે મને - કમને પરીક્ષા આપવી જ પડે. ‘બાવા બન્યા હૈ તો હિન્દી બોલના પડતા હૈ’ જેવું આ તિકડમ છે.

‘ઓ રંગ રસિયા ક્યાં રમી આવ્યા રાસ રે, આ આંખલડી રાતીને ઉજાગરો ક્યારે કીધો’ એવું ગીત છે. આંખલડી રાતી હોય એટલે આદમી રાસ રમવા ગયો હોય એવા મનઘડંત આક્ષેપ કરવાના? પરીક્ષાનું વાંચનારની પણ આંખલડી રાતી નહીં પણ લાલચોળ હોય કે નહીં? જિંદગીના તમામ સુખ નેવે મૂકીને રાતના બે વાગ્યાનો એલાર્મ મૂકી ઉંઘરેટિયા ચહેરે દસ મિનિટ વાંચી અગિયારમી મિનિટે ઘોરી જતા યુવાનની કુરબાનીની કોઇ નોંધ જ લેવાની નહીં? આખી રાત ચોંટી બાંધીને વાંચે અને પરીક્ષામાં વાંચેલું વરાળ થઇ જાય તેમાં પરીક્ષાલોહિયો શું કરે?

પેપરસેટર પરીક્ષામાં શું પૂછવું કરતા શું ન પૂછવું તેનું ચિંતન કરતા હોય છે. હવે અકબર હુમાયુનો દીકરો હતો એ જગજાહેર છે. આવી બાબત અંગે પ્રશ્ન પૂછીને પેપર સેન્ટર શું સેટ કરવા ચાહે છે? એના કરતાં કંગના રાણૌતના માનસિક સંતુલન પર ટૂંક નોંધ લખવાનું કહીને એકઝામ્પલ સેટ ન કરી શકાય? આ સવાલ સિલેબસ બહારનો હોવા છતા પરીક્ષાર્થીઓ પેપરસેટર સામે નવો મોરચો ખોલી શકશે નહીં.

પરીક્ષાર્થીઓ યેનકેન પ્રકારેણ પાસ થવા ઇચ્છતા હોય. પરીક્ષાર્થીઓ સીધી આંગળીએ ઘી ન નીકળે તો વાંકી આંગળીએ ઘી નીકળે તે ઉક્તિ જાણતા હોય છે. કોઇ કામ માટે સામ, દામ, દંડ, ભેદની ચાણકયનીતિ આત્મસાત કરી હોય એ તો ગૌરવની વાત ન કહેવાય?. પ્રેમ અને યુદ્ધમાં બધુ બરાબર કહેવાય તેમાં પરીક્ષા પણ ઉમેરી દેવાની નોબત આવી ગઇ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

એક પરીક્ષાર્થીએ સહાનુભૂતિ સર્જી પાસ થવા માટે હીરરાંઝા જેવી ખુદની નિષ્ફળ પ્રેમ કહાની લખી. પાસ થવા માટે આ પૂરતું ન કહેવાય? પરીક્ષાર્થીને ફૂલ્લી પાસ કરવાના બદલે પેપર ચેકરે પરીક્ષામાં ગેરરીતિનો કેસ ઠોકી દીધો. કેટલો હળાહળ અન્યાય? પરીક્ષાર્થીઓ કરે તો ક્યા કરે?

ઓલ્ડ એસએસસીના જમાનામાં ફિલ્મની સ્ટોરી લખનાર પાસ થઇ જતા. પેપરમાં એક પણ અક્ષર ન પાડનારને સ્વચ્છતાના દસ ગુણને બદલે પાંત્રીસ માર્ક આપી પાસ કરી દેવામાં આવતા. પેપર ચેકરની પણ મથરાવટી ઉજળી નથી. અમે એક પ્રિન્સિપાલને બદલે એની સાતમા ધોરણમાં ભણતી પૌત્રીના હાથે ઓલ્ડ એસએસસીની બોર્ડની પરીક્ષાના પેપરો ચેક થતા જોયા છે.!

ગુજરાતમાં બારમા ધોરણની પરીક્ષામાં એક યુવતી પ્રેકટિકલ વિષયમાં ડિસ્ટિંકશન લાવી. થિયેરીના પેપરમાં ભમરડો હતો. દીકરીના બાપે પેપર ખોલાવ્યું. દીકરીએ મેન ઉપરાંત ચાર ચાર સપ્લિમેન્ટરી ભરેલી છતા દીકરી નાપાસ. દીકરીએ ‘હરિ કા નામ લે લે સહારા મિલેગા, ગુરૂ કા નામ લે લે કિનારા મિલેંગા’ એવા આધ્યાત્મિક ચિંતનનો લાંબો નિબંધ લખ્યો હતો. આવી શ્રદ્ધાવાન પરીક્ષાર્થીની અધ્યાત્મ તરફની શ્રદ્ધા દ્રઢ કરવાના બદલે નાપાસ કરવામાં આવે તો ઊગતી ધાર્મિક પ્રતિભાને કેટલો કુઠુરાઘાત થાય?

પરીક્ષાનું અલ્ટિમેટ લક્ષ્ય તો પાસ થવાનું છે. પરીક્ષામાં પાસ થવાના સાધન અને સાધ્ય શુદ્ધ શા માટે હોવા જોઇએ? આવો હઠાગ્રહ અને દુરાગ્રહ આજના જમાનામાં નકામો જ નહીં, તદ્દન વાહિયાત છે.

આ બધા વચ્ચે હમણાં રણમાં મીઠા વીરડી જેવો બનાવ બન્યો. ઉત્તર પ્રદેશના એક યુનિવર્સિટીમાં બનેલી ઘટના છે. પ્રથમ વર્ષના ફાર્મસી કોર્સના વિદ્યાર્થીઓની ૧૮ ઉત્તરવહીઓનું પુનઃમૂલ્યાંકન કરવાની વિનંતી થઈ હતી.એમાં ફાર્મસીના ચાર વિદ્યાર્થીએ ‘કણ કણ અને રોમ રોમમાં રામ વસેલા છે.’ તેની પેપરમાં ખાતરી કરાવી હતી. અત્યારનું સર્વાધિક લોકપ્રિય કથન ‘જય શ્રીરામ’ પણ પેપરમાં લખેલું.

રામનામ તો પારસમણિ છે. લોખંડને કાંચન કરે તો પેપર ક્યા ચીજ હૈ? એ ચાર પરમહંસ વિદ્યાર્થીઓ ૫૦ ટકા માર્કથી પાસ થઇ ગયા. બોલો જય શ્રીરામ.! ■

## તસવીરની આરપાર

ભાટી એન.
feedback@bombaysamachar.com

# આપણી મહિલા સશક્તીકરણના દરેક મોરચે અગ્રસર...

હિન્દુસ્તાનમાં અનેક ભાષા ભિન્ન ભિન્ન રીતરિવાજ છે, તેમાંય હિન્દુ, મુસ્લિમ, પારસી, ક્રિશ્ચિયન જેવા અનેક ધર્મ છે, તેમાં મહિલાઓ માટે અલગ અલગ કાયદાઓ હતા અને આજે પણ અમુક જ્ઞાતિમાં મહિલાઓ ભલે સ્વતંત્ર હોય તેમ છતાં રૂઢિગત રિવાજ હોય છે. ભારતની સરકાર અને તમામ સમાજમાં મહિલાઓ માટે માન સન્માન ઊભું થયું છે. તે જોતા આવતા દિવસોમાં મહિલાઓનું ભાવી ઉજળું છે અને હોવું જ જોઈએ. આજની મહિલા તમામ મોરચે અગ્રેસર ભૂમિકા નિભાવે છે, અને નીડર, નિર્ભય બની બિન્દાસ બોલે છે, તો હું માનું છું કે તમામ માતા, પિતા પોતાનું સંતાન દીકરો હોય કે દીકરી હોય સમાન દૃષ્ટિથી જુએ છે,,,! આજે ભ્રૂણ હત્યાનાં કિસ્સા જૂજ પ્રમાણમાં જોવા મળે છે, જોકે તેમાં સરકારનું કડક વલણ પણ કામ કરે છે, પણ જૂના જમાનાની મહિલાઓ સાડી (એક લાંબું કપડું જેને શરીરની ફરતે વિંટાળી શકાય) અને સલવાર-કમીઝ પહેરે છે. બિંદી (ચાંલ્લો) એ ભારતીય મહિલાઓ માટે મેકઅપનો એક ભાગ છે.

પરંપરાગત રીતે લાલ બિંદી અને સિંદૂર ફક્ત લગ્ન કરેલી હિન્દુ મહિલાઓ જ પહેરી શકતી હતી. પણ આજની મહિલા મોડર્ન બની ગઈ છે,,,!. જીન્સ પેન્ટ, ટીશર્ટ પહેરે છે, બિન્દાસ ટુ વ્હીલર, ફોર વ્હીલર ફેરવે છે, તમામ જોબ કરે છે ને તમામ વિભાગમાં મહિલાઓનો હિસ્સો બરાબર છે. આજે મહિલાઓમાં જાગ્રતતા આવી છે, સરકારે પણ કન્યા કેળવણી ફ્રી કરી છે તેમજ સરકારી સ્કૂલમાં ટ્રાયસિકલ પણ આપે છે, સ્કોલરશીપ આપે છે તેમાં જાગ્રતતા લાવવા માટે ભારત સરકાર દ્વારા દીકરીઓને કાયદાઓથી માહિતગાર કરવામાં આવે છે, જો પતિ તેની પત્નીને મારઝૂડ કરે કે કનડગત કરે તો તેના માટે પણ ખાસ કાયદાથી પોતાનું સુરક્ષા કવચ કરી શકે છે.

ભારતમાં મહિલાઓને ૩૩% ભાગીદારી કોર્પોરેશન, પાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતને સરપંચ તો બને છે પણ ભારતનાં રાષ્ટ્રપતિ જે પ્રથમ નાગરિક પણ દ્રૌપદી મુર્મૂજી છે, કોંગ્રેસ અગ્રણી નેતા સોનિયા ગાંધી પણ મહિલા છે,૧૯૬૬: ઈન્દિરા ગાંધી ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યાં. ૧૯૭૦: કમલજીત સંધૂ એશિયન રમતોત્સવમાં સુવર્ણ પદક મેળવનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા. ૧૯૭૨: કિરણ બેદી ભારતીય પોલીસ સેવામાં જોડાનાર પ્રથમ મહિલા બન્યા. ૧૯૭૯: મધર ટેરેસાએ નોબલ શાંતિ પુરસ્કાર જીત્યો, આમ કરનાર તેઓ ભારતના પ્રથમ મહિલા નાગરિક બન્યાં હતાં.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૮ મી માર્ચે ઉજવાય છે. મહિલા દિવસની ઉજવણીનું કારણ એ છે કે મહિલાઓને દરેક ક્ષેત્રમાં પુરૂષો જેવો દરજ્જો મળે છે, પગારથી લઈને હોદ્દા સુધી કોઈપણ ભેદભાવ દૂર થયાં છે. આ ૧૯૦૮ માં થયું હતું, જ્યારે અમેરિકામાં મજૂર આંદોલન શરૂ થયું હતું, જેમાં ૧૫ હજાર મહિલાઓએ માંગ કરી હતી કે તેમના કામના કલાકો ઘટાડવા જોઈએ અને તેમના પગારમાં વધારો કરવો જોઈએ. આ સાથે મહિલાઓને પણ મતદાનનો અધિકાર મળવો જોઈએ. બીજા વર્ષે ૧૯૦૯માં મહિલા દિવસની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી.

મહિલાઓને મજબૂત કરવા માટે, સરકાર દુર્વ્યવહાર, લિંગ ભેદભાવ, સામાજિક અલગતા અને મહિલાઓ વિરુદ્ધ હિંસા વગેરેને રોકવા માટે ઘણા પગલાં લઈ રહી છે. મહિલાઓના સાચા વિકાસ માટે સરકારે પછાત ગ્રામીણ વિસ્તારોમાં જઈને ત્યાંની મહિલાઓને સરકાર દ્વારા અપાતી સુવિધાઓ અને તેમના અધિકારો વિશે જાગૃત કરે છે.આવું એટલા માટે કરે છે કે તેમનું ભવિષ્ય સારું બની શકે. મહિલા સશક્તીકરણના સ્વપ્નને સાકાર કરવા માટે છોકરીઓના શિક્ષણને મહત્ત્વનું પ્રોત્સાહન આપવામાં આવે છે. મહિલા સશક્તીકરણને ખૂબ જ સરળ શબ્દોમાં વ્યાખ્યાયિત કરી શકાય છે કે તે મહિલાઓને શક્તિશાળી બનાવે છે, જેથી તેઓ તેમના જીવન સાથે સંબંધિત તમામ નિર્ણયો પોતાની જાતે લઈ શકે.

વાંકાનેરમાં સુરક્ષા સેતુ સોસાયટી મોરબી અંતર્ગત મહિલા સ્વરક્ષણ તાલીમ આપવાનું કાર્ય સરકારે પૂરજોશમાં ઉપાડેલ છે!?. જી, હા, મોરબી જિલ્લાની સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા વિદ્યા ભારતી સંકુલ ખાતે માધ્યમિક શાળા જવાહર વિદ્યાલય મોરબી અને એલ. કે. સંઘવી સ્કૂલની વિદ્યાર્થીનીઓને સતત ૧૫ દિવસ સુધી કરાટેનાં દાવ શિખવાડેલ. મોરબીથી ખાસ ટ્રેનર આવી તાલીમ આપતા હતા અને મહિલાઓ માટે નવા કાયદાનું માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ સમાપન સમારોહની પૂર્ણાહુતી પ્રસંગે આઈ. જી. પી. અશોકકુમાર, સાંસદ કેશરીદેવસિંહ ઝાલા, મોરબી એસ. પી. રાહુલ ત્રિપાઠી તેમજ ડી. વાય. એસ. પી. સમીર સારડા. ચીફ ઓફિસર ગિરીશ સરૈયા એ હાજરી આપી હતી. તેમની હાજરીમાં ખાસ પોલીસ ચોકી મંડપમાં બનાવેલ, જેમાં ફરિયાદ કે એફ. આઈ.આર. કેવી રીતે નોંધાય, તમામ વિભાગની કામગીરી કેમ થાય તેની સમજણ આપેલ, જેલ પણ બનાવેલ અને અત્યાધુનિક રાયફલનું પ્રદર્શન રાખેલ. આથી અભ્યાસ કરતી કન્યાઓને માહિતગાર કરવામાં આવેલ. તેમજ આઈ. જી. પી. અશોકકુમારની હાજરીમાં તમામ વિદ્યાર્થીનીઓએ કરાટેનાં દાવ કરેલા અને બાળાઓ હાથેથી બે નળિયાં ફોડતી હતી, તો એક બાળા માથેથી નળિયાં ફોડતી હતી. આજની મહિલા તાકાતવર બની પોતાની સુરક્ષા કરી શકે છે. તેનાથી માહિતગાર કરી એક અનોખા કાર્યક્રમની તસવીર જોઈ તમામ મહિલાઓને જાણકારી મળશે. ■








# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## પર્વત પર પૈસા ઊગે? હા, આમ ઊગે!



વિજ્ઞાન કહે છે કે ઊંચાઈ પર હવા પાતળી હોવાથી શ્ર્વાચ્છોશ્ર્વાસમાં તકલીફ પડે, નસીબ કહે છે કે ઊંચાઈ પર જવાથી આર્થિક તકલીફ દૂર થઈ જાય છે. શબ્દોનો ખેલ લાગે એવી આ વાત ચેકસ્લોવાકિયામાંથી છુટા પડેલા ચેક રિપબ્લિક (બીજો સ્લોવાકિયા)ના બે પર્વતારોહકના જીવનમાં હકીકત બની છે. ફિલ્મ ‘પાકિઝા’ના સદાબહાર ગીતની જેમ ‘ચલતે ચલતે યૂંહી કોઈ ખઝાના મિલ ગયા’ જેવો અનુભવ એમને થયો છે. મળી આવેલા ગુપ્ત ધનમાં સોનાના ૫૯૮ સિક્કા, ઘરેણાં અને તમાકુની પોટલીઓનો સમાવેશ છે. ઈમાનદાર નાગરિક તરીકે બંને પર્વતારોહકે ગુપ્તધન પુરાતત્ત્વ વિભાગને સોંપી દીધું અને અધિકારીઓની જાંચમાં ફ્રાન્સ, બેલ્જિયમ અને ઓસ્ટ્રિયા- હંગેરીના આ સિક્કા ૧૯મી સદીના હોવાનું જાણવા મળ્યું છે. બે કરોડ ૮૭ લાખ રૂપિયાનું મૂલ્ય ધરાવતો આ ખજાનો બીજા વિશ્ર્વયુદ્ધ દરમિયાન રશિયાના આક્રમણ સામે પીછેહઠ કરી રહેલા હિટલરના નાઝી સૈનિકોએ છુપાવી રાખ્યો હોવાનું એક અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. કોઈ એન્ટિક શોપમાં લૂંટ ચલાવી કિંમતી માલસામાન અહીં દાટવામાં આવ્યો હોવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. રસપ્રદ વાત એ છે કે ચેક રિપબ્લિકના કાયદા અનુસાર મળી આવેલા ગુપ્ત ધનની કિંમતની ૧૦ ટકા રકમ બંને પર્વતારોહકને આપવામાં આવશે.

## ચંદ્રમા સાથે માછલીનું કનેક્શન



વિજ્ઞાન ચંદ્રને એક ઉપગ્રહ જ માને છે, જયારે મનુષ્ય માટે તો એ રોમેન્સનું પ્રતીક છે. પૂનમનો ચંદ્રમા ખીલ્યો હોય ત્યારે કંઈ કેટલાય હૈયાં ફૂલોથી લહેરાતા બગીચા જેવું મહેસૂસ કરી ‘આધા હૈ ચંદ્રમા રાત આધી, રેહના જાએ તેરી મેરી બાત આધી’ મુલાકાત આધી ગણગણવા લાગે છે. અંગ્રેજીમાં પૂનમ Full Moon અને અમાસ No Moon તરીકે ઓળખાય છે. ઑગસ્ટમાં આવતી પૂનમ ‘Sturgeon Moon' તરીકે ઓળખાય છે. આવી ઓળખ એટલે છે કે ઉત્તર અમેરિકાનાં તળાવો અને નદીઓમાં Sturgeon નામની માછલી એક સમયે મોટી સંખ્યામાં જોવા મળતી હતી. ૧૩ કરોડ વર્ષ પહેલાંથી અસ્તિત્વ ધરાવતી આ માછલીનું આયુષ્ય બળવાન હોય છે અને એમાંય ખાસ કરીને માદાને જન્મતાની સાથે જ ‘આયુષ્યમાન ભવઃ’નું વરદાન મળ્યું હોય એવું લાગે છે. આ જાતિની નર માછલી ૫૫ વર્ષ સુધી જીવે છે, જ્યારે માદા લગભગ ત્રણ ગણું આયખું ભોગવી ૧૫૦ વર્ષ સુધી જીવી હોય એવા દાખલા છે. લાંબા આયુષ્ય સાથે લાંબા કદના પણ આશિષ મળ્યા હોય એમ સૌથી મોટી માછલી છ ફૂટ લાંબી હોય છે અને એનું વજન ૯૦ કિલોની આસપાસ હોય છે.. જાણવા જેવી વાત એ છે કે આ માછલી સરોવર અને નદીમાં જોવા મળે છે, પણ સમુદ્રમાં નથી હોતી!

## યે પુલીસ સ્ટેશન હૈ, તુમ્હારા બ્યુટી પાર્લર નહીં..!




ફરજમાં ફજેતી ન થાય એની સભાનતા દરેક જવાબદાર કર્મચારીમાં હોવી જરૂરી છે. એમાંય જ્યારે પોલીસનો યુનિફોર્મ પરિધાન કર્યો હોય ત્યારે ગાફેલ રહેવું જરાય ન પાલવે. આ એક એવી જવાબદારી છે જેમાં વ્યાવસાયિક અને અંગત સતર્કતા અહર્નિશ જાળવી રાખવાના હોય છે. અંગત શોખ, આદત વિસારે પાડવાના હોય છે. બિહારના ચંપારણ જિલ્લાના બગહા પોલીસ સ્ટેશનની મહિલા પોલીસ કોન્સ્ટેબલ પ્રિયાંશી યાદવને પોતાના કામ અને યુનિફોર્મ માટે કેટલો લગાવ હતો એ તો પ્રભુ જાણે, પણ લેડી કોન્સ્ટેબલને દેખાવડી હોવાનો ઘમંડ હતો. ડ્યૂટી પર હોય ત્યારે મેડમ મેકઅપ કરી ગણવેશમાં રીલ બનાવી સોશિયલ મીડિયામાં અપલોડ કરતાં હતાં. એટલું જ નહીં, અપલોડ કરેલા રીલ માટેના અકાઉન્ટનું નામ ‘પપી પ્રિયા’ જેવું આકર્ષક રાખ્યું હતું. હદ તો ત્યારે થઈ જ્યારે પોલીસ યુનિફોર્મમાં વાયરલ થયેલા એક રીલમાં પ્રિયાંશી યુનિફોર્મમાં નજરે પડે છે અને બેકગ્રાઉન્ડમાં અવાજો આવે છે કે ‘ઈતની સુંદર હૂં મૈં ક્યા કરું, ભજન કર લે, ભજન કર લે.’ સાથે અંગ્રેજીમાં લખાણ છે કે ‘હું કેવળ ખૂબસૂરત નથી, મારા યુનિફોર્મ માટે પણ મને આદર છે.’ બીજા પણ રોમેન્ટિક રીલ બનાવી પ્રિયાંશીએ અપલોડ કર્યા છે. અગાઉ પણ આવી હરકત કરનારી પ્રિયાંશીને ત્યારે ચેતવણી આપવામાં આવી હતી. જોકે, દોઢ લાખ ફોલોઅર્સ સાથે યુટ્યુબ ચેનલ ધરાવતી પ્રિયાંશીનો મામલો વાયરલ થઈ પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ સુધી પહોંચ્યો અને ગણવેશની ગરિમા ન જાળવવા બદલ તેને તાબડતોબ સસ્પેન્ડ કરી દેવામાં આવી છે.

## પેહલા મૈં પેહલા મૈં!



મન હોય તો માળવે જવાય એ જુગ જુગ જૂની કહેવતને ઉત્તર પ્રદેશના બાળકે એકવીસમી સદીના ત્રીજા દાયકામાં યથાર્થ ઠેરવી છે. ‘પેહલે આપ પેહલે આપ’ ના શિષ્ટાચાર માટે જાણીતા લખનઊ શહેરથી પચાસેક કિલોમીટર દૂર આવેલા નિઝામપુર ગામના ૧૬ વર્ષના રામકેવલે ‘પેહલા મૈં, પેહલા મૈં’ જેવી કમાલ દેખાડી ઈતિહાસ રચ્યો છે.

ગણીને માંડ ૪૦ ખોરડાં અને ૨૦૦ લોકોની વસતિ ધરાવતા આ ગામનો એકેય વિદ્યાર્થી આઝાદી મળ્યા પછી મેટ્રિકની પરીક્ષા પાસ નહોતો કરી શક્યો. મહત્તમ સફળતા આઠમું પાસની હતી. ગણ્યાગાંઠ્યા નવમું પાસ કરી શક્યા હતા, પણ મજૂર બાપ અને શાળામાં રસોઈનું કામ કરતી માના દીકરાએ મેટ્રિક પાસ કરીશ જ એવી મનમાં ગાંઠ વાળી હતી. શિક્ષકોના સહકારથી રામકેવલ ૬૦૦માંથી ૩૨૨ માર્ક લાવી યુપી બોર્ડ એક્ઝામમાં ઉત્તીર્ણ થનાર ગામનો પહેલો વિદ્યાર્થી સાબિત થયો છે. એથી વધુ હરખ આપનારી વાત એ છે કે ગામના વધુ વિદ્યાર્થીઓ મેટ્રિક પાસ થાય એવા અભરખા રામકેવલને છે. નવમા ધોરણમાં અને પાંચમા ધોરણમાં ભણતા એના બે ભાઈ પણ હવે મોટાભાઈની મોટી સિદ્ધિ જોઈ મેટ્રિક પાસના સપનાં જોવા લાગ્યા છે. રામકેવલ ખુદ કહે છે કે ‘મારા ભાઈઓ ઉપરાંત અભ્યાસ કરતા ગામના અન્ય વિદ્યાર્થીઓ મેટ્રિક પાસ કરે અને ઉચ્ચ અભ્યાસમાં આગળ વધે એ દિશામાં હું બનતા પ્રયત્નો કરીશ, લખી રાખજો.’ ‘જ્યોત સે જ્યોત જગાતે ચલો’નો ભાવાર્થ આ જ રીતે સાકાર થાય છે. ■

## લ્યો કરો વાત!

*આફતમાં અવસરનું અદ્ભુત ઉદાહરણ દક્ષિણ અમેરિકાના બોલિવિયા દેશમાં જોવા મળ્યું છે. ત્રિનિદાદ જઈ રહેલા વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાતા તાકીદનું ઉતરાણ એક જળાશયમાં કરવું પડ્યું. નાનકડા વિમાનમાં ત્રણ સન્નારી, એક બાળક અને ૨૯ વર્ષનો પાઈલટ મળી કુલ પાંચ જણ હતાં. પાંચેય વિમાનના ઉપલા હિસ્સામાં સલામત ગોઠવાઈ ગયા, પણ અચાનક નજર નાખી તો પાણીમાં મગર વર્ગના પાંચ ઘડિયાલ(એલિગેટર) અને એક વિશાળકાય એનાકોન્ડા અજગર દેખાયા. મનુષ્ય ભક્ષણમાં માહેર આ પ્રાણીઓ જોઈ મોત આવે એ પહેલા બધાના મોતિયા મરી ગયા, પણ.. પણ વિમાનમાંથી કેરોસીનનું ગળતર થઈ એ પાણીમાં ભળી જવાને કારણે આ માનવભક્ષી પ્રાણી વિમાનથી દૂર રહ્યા એવો ખુલાસો ખુદ પાઈલટે કર્યો છે. ગળતરે ગળી જવાથી બધાને બચાવી લીધા.*

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**આશાવાદી કોને કહેવાય?**
* છૂટાછેડા પછી ફરી જીવનસાથીની શોધ ચલાવે એ

**જોડી સ્વર્ગમાં રચાય તો છૂટાછેડા કોર્ટમાં કેમ?**
* ઉપરનો હિસાબ નીચે ચૂકતે કરવા !

**સાળાને ક્યારે સાલો કહેવો પડે?**
* જીજાજીના ખાનગી પરાક્રમો બહેનાને બતાવી દે ત્યારે.

**બાર વર્ષે બાવો બોલે તો રોજ કોણ બોલે?**
* બાપા-- બૈરી ને બોસ.

**મિસ્ટ્રી અને મિસ્ત્રી વચ્ચે શું ભેદ?**
* સ્ત્રી અને ઈસ્ત્રી જેટલો.

**વેલકમ ડ્રીંકમાં શરબત, કોલ્ડ્રિંક અપાય તો**
* ગુડ બાય ડ્રીંકમાં શું આપવું?

**ગુજરાતમાં પ્લેઈન વોટર...સાદું પાણી ને**
* બીજે ‘પેલું’ વોટર !

**મારે એની તલવાર... ના મારે તો?**
* મ્યાનમાં તલવાર.

**નાક કપાય ત્યારે ?**
* ત્યારે બેન્ડ એઈડ ન મરાય ...

**જમાનો બદલાઈ ગયો એટલે?.**
* આવા વાહિયાત સવાલના મફત જવાબ આપવા પડે એ!

**અમારા ઘરમાં ટાવર પકડાતું નથી.**
* -તો પડોશીને પકડો.

**દુર્યોધન, સંશોધન, ઉદ્બોધન... આ બધા ભાઈઓ હશે?**
* સંશોધનને પૂછી લેજો....

**સત્તાવાર વાર છે કે તહેવાર?**
* વ્યવહાર.

**આંટીઘૂંટીમાં આંટી સૂતરની હોય તો?**
* સૂતરફેણી બનાવી દો.

**મને રાત્રે ઊંઘમાં ખરાબ સ્વપ્ન આવે છે...**
* -તો દિવસે સૂવાનું રાખો...! .

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# દાની બનો તો ઈશ્વર જેવા બનો...



સામાન્ય રીતે દાતારો એટલે કે દાનવીરો જ સન્માનના અધિકારી ગણાતા હોય છે. વળી, બધા કિસ્સાઓમાં એવું જોવા નથી મળતું. દાતાર તો દાન આપી દે પણ જે કામ માટે દાન અપાયું છે, એ કામ કરીને, પોતાની જાત ઘસી દેનારા પણ દાતાર કરતાં વધારે સન્માનને પાત્ર ગણાય છે. તેના માટે પ્રચલિત ચોવક એવી છે કે **‘‘ડાન ભલા ક માન ભલા’’**. માન-સ્વમાનનું પણ ભારોભાર મહત્ત્વ જાળવે છે, ચોવક. એ વાત ખરી છે કે, દાનવીર હોય એ છાબડે ઢાંકયા ન રહે. અહીં ‘દાન’ના બદલે કચ્છીઓ બોલાતા ‘ડાન’ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. દાનવીર છાના ન રહી શકે તે દર્શાવતી પણ એક ચોવક છેઃ ‘‘ડાતાર નેં જૂંજાર ઢકયા ન રેં’’. ‘ડાતાર’ એટલે દાતાર અને ‘જૂંજાર’નો અર્થ થાય છેઃ શૂરવીર.

આ ચોવક જેટલી દાનવીરોને લાગુ પડે છે, તેટલી જ શૂરવીરો અને ગુણિયલ લોકોને પણ લાગુ પડે છે. ગુણિયલ વ્યક્તિ પણ સમાજમાં અલગ તરી આવતી હોય છે. પણ જે દાતાર હોય એ ગુણિયલ હોય એવું જરૂરી નથી હોતું! બહુ ઓછી વ્યક્તિઓ બન્ને ગુણ ધરાવતી જોવા મળે છે. સંસ્કૃતમાં કહેવાયું છે કેઃ સર્વે ગુણાઃ કાંચનમાંશ્રયન્તિ! જેની પાસે ધન છે, એ તો જાણે કે બધા જ ગુણોના અધિકારી ગણાય છે! પરંતુ ચોવક એમ કહે છે કેઃ **‘‘ડાતાર ડે તડેં ડઈ ન પૂછે’’** આ ચોવકમાં ‘ડઈ’ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જેના ઘણા અર્થ થાય છે, પણ ચોવકમાં તેના અર્થ નાત-જાત કે અપાતાં દાનનાં કારણોમાં ઊંડા ન ઉતરવા જેવા થાય છે.

દાતાર તો ‘માનવ કલ્યાણ’ માટે કે ‘પશુઓની સેવા’ માટે દાન આપતા હોવાનો સંતોષ માની લે છે. દાની બનો તો ઈશ્વર જેવા બનો!

ચોવક એવી સલાહ આપે છે કે, દાન આપનારે ફળની અપેક્ષા ન રાખવી જોઈએ. એવી અપેક્ષાથી દાન આપનારાઓને ફળ પણ એવાં જ મળે. ચોવક બહુ સ્પષ્ટ કહે છેઃ **‘‘ડાનત તેડી ભરકત’’**. જેવી ભાવના કે અપેક્ષા સાથે દાન કર્યું હોય તેને તેજ પ્રમાણે ફળ મળે! ચોવકમાં ‘ડાનત’ શબ્દ છે જેનો અર્થ થાય છેઃ દાનત! ‘તેડી’ એટલે તેવી.

આપણે જોવા હોઈએ છીએ કે, ઘણા લોકો પહોંચ કે ગજાથી બહાર, દેખાદેખીથી ખર્ચ કરીને જીવતા હોય છે. તેમના જેવા લોકો માટે એક ચોવક પ્રચલિત છેઃ **‘‘ડિસે ડીં જો ન નેં રાત જો રાસૂડા રમે’’** મતલબ કે જે દિવસે જોઈ પણ નથી શકતા એ વળી રાતના રાસૂડા રમે છે! આપણે હમણાં દાન અને દાનવીરોની વાત માંડી હતી, તો ‘દાન’ શબ્દને વણી લઈને બીજી પણ ઘણી ચોવકો બની છે કહેવાય છે કે, **‘‘ડિનાં ડાન પાછા ન વરેં’’**. અર્થ થાય છે કે આપેલું દાન પાછું ન લેવાય. ‘ડિનો’ એટલે આપેલું.

વળી, દાનનું એક અલગથી મહત્ત્વ હોય છે. એવું કહેવા માટે પણ એક ચોવક છેઃ **‘‘ડિનૂં કરેં કિનૂ ન થીયે’’**. ‘ડિનૂં’ એટલે આપેલું અને ‘કિનૂ ન થીયે’નો અર્થ થાય છે એળે નથી જતું. આપેલું દાન ક્યારેય એળે નથી જતું. કચ્છીમાં એમ પણ કહેવાય છે કેઃ **‘‘ડીજે ન ત ડુખાઈ જે પ ન’’**. અહીં ‘ડીજે ન’ એટલે આપી ન શકો તો... ‘ડુખાઈ જે પ ન’નો અર્થ થાય છેઃ ઈર્ષ્યા ન કરો અથવા કોઈનું દિલ ન દુભાવો! અર્થ સ્પષ્ટ છે કે, જો તમે કોઈને કાંઈ આપી ન શકો તો, કોઈનું દિલ પણ ન દુભાવો.

દાન તો દિવસમાં અજવાળાં જેવું હોય છે. તેથી જ એમ કહેવાય છે કે, **‘‘ડીં કરે સે કોય ન કરે’’** આમ તો આ ચોવક દિવસનાં અજવાળાંનું મહત્ત્વ બતાવે છે, પણ ગુઢાર્થ થોડો જૂદો જ છે. દિવસે જે કામ થાય તે રાત્રે ન થાય. દિવસે કરેલું કામ સફળતા અપાવે છે, પછી એ દાન પણ શા માટે ન હોય! ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# અક્કલ + આવડત + અનુભવ = સફળ જિંદગીની ગુરુચાવી



કોઈપણ મનુષ્ય જીવનમાં સર્વાંગ રીતે સફળ ત્યારે જ થાય છે કે, જ્યારે એની પાસે અક્કલ,આવડત અને અનુભવ હોય.માત્ર અક્કલથી પણ કામ ચાલતું નથી.માત્ર આવડતથી પણ કામ ચાલતું નથી કે માત્ર અનુભવથી પણ કામ ચાલતું નથી.આ ત્રણે પરિબળ મનુષ્યને સંપૂર્ણ બનાવવામાં અતિ અગત્યનાં છે. એ ત્રણેય કોઈના પણ વ્યક્તિત્વ અને કાર્યક્ષમતા માટે ખૂબ જ મહત્ત્વના ગુણધર્મ છે.

અક્કલ એ માનસિક ક્ષમતા છે, જેનાથી વ્યક્તિ સંજોગોનું યોગ્ય વિશ્લેષણ કરી શકે છે. જીવનમાં ઉપસ્થિત થતી પરિસ્થિતિઓ કે સમસ્યાઓમાં સમજદારીપૂર્વક ઉકેલ લાવી શકે છે. આમાં તર્કશક્તિ, વિવેક અને સંયમ પણ સામેલ હોય છે. ઉદાહરણ તરીકે, કોઈ પણ કઠિન પરિસ્થિતિમાં વિચાર વિમર્શ કરીને ક્યો યોગ્ય રસ્તો પસંદ કરવો એ અક્કલ દર્શાવે છે. જીવનની ઘટમાળમાં રોજબરોજના વ્યવહારમાં ઘણી વખત એવી સમસ્યા ઉદ્ભવતી હોય છે કે ત્યારે સામાન્ય રીતે માણસ ગભરાઈ જાય છે. કોઈ ઉકેલ શોધી શકતો નથી.આવા સમયે જો ઉતાવળે નિર્ણય લેવામાં આવે તો ઘણી વખત નુકસાનકારક ખોટો નિર્ણય લેવાય જતો હોય છે .આવા સમયે અક્કલનો ઉપયોગ કરી અને ધીરજપૂર્વક જો નિર્ણય લેવામાં આવે તો ખૂબ જ ઉપકારક નિવડે છે.

અક્કલના ત્રણ પ્રકાર છે સામાન્ય અક્કલ,જે દૈનિક જીવનમાં પ્રશ્નોનો ઉકેલ શોધવાની સમજ આપે છે. સામાજિક અક્કલ જે, લોકો સાથે કેવી રીતે વ્યવહાર કરવો તેની સમજણ આપે છે અને બૌદ્ધિક અક્કલ જે, ગાઢ વિચારો, તર્ક અને અભ્યાસ દ્વારા વિકાસ પામે છે.

બીજા ગુણધર્મ આવડતની જો વાત કરીએ તો એ વ્યવહારિક ક્ષમતા છે, જે વ્યક્તિએ અભ્યાસ, તાલીમ કે અનુભવ દ્વારા પ્રાપ્ત કરી હોય છે. આવડત વ્યક્તિને કાર્ય કરવાની પદ્ધતિને સરળ અને અસરકારક બનાવે છે.

આવડતના પણ પ્રકાર છે. તકનિકી આવડત, જેમ કે કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ, ડ્રાઈવિંગ, પેઈન્ટિંગ, માણસ સાથેના સંવાદ, સંયોજન, નેતૃત્વ, સમય સંચાલન, આયોજન શક્તિ વગેરે. આવડત વગર માત્ર વિચાર શક્તિ કામ આવતી નથી, જેમકે વાહન ચલાવવાની અક્કલ હોય પણ આવડત ન હોય તો વાહન ચલાવી શકાય નહીં.

ત્રીજા ગુણધર્મ અનુભવની વાત કરીએ તો જે વ્યક્તિએ પોતાના જીવનમાં વિવિધ પરિસ્થિતિઓમાંથી શીખીને અનુભવ મેળવ્યો હશે એ અનુભવ ઘણીવાર એવી એવી વાત શીખવે છે,જે પુસ્તકોમાંથી શીખી શકાતી નથી.લાંબા સમયથી એક જ ક્ષેત્રમાં કામ કરવાથી જે અનુભવ થાય છે એ વ્યવસાયિક અનુભવ છે.તેવી જ રીતે જીવનમાંથી મળેલી સફળતા કે નિષ્ફળતા એ વ્યક્તિગત અનુભવ છે.

આમ, અક્કલ એ વિચાર કરવાની ક્ષમતા છે,આવડત એ કાર્ય કરવાની ક્ષમતા છે અને અનુભવ એ શીખવાની ક્ષમતા છે.બીજા અર્થમાં જોઈએ તો અક્કલ ખ્યાલ આપે છે કે શું કરવું. આવડત ક્ષમતા આપે છે કે કાર્ય કેવી રીતે કરવું અને અનુભવ એ શીખવે છે કે ભવિષ્યમાં તે કાર્ય વધુ સારી રીતે કેવી રીતે કરવું.

આ ગુણધર્મોને શિક્ષણના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો શિક્ષણ ક્ષેત્રમાં પણ તેમનું મહત્ત્વ ઓછુ આંકી શકાય તેમ નથી.

શિક્ષણ એ માત્ર પાઠ્યપુસ્તકો પૂરતું સીમિત નથી, એ એક જીવન પ્રક્રિયા છે,જેમાં શીખવાનો,સમજવાનો અને સમજાવવાનો સતત અભ્યાસ ચાલે છે.આ પ્રક્રિયામાં અક્કલ,આવડત અને અનુભવ ત્રણેય મજબૂત પાયા તરીકે કામ કરે છે.આ ગુણધર્મ ખાસ કરીને જેટલા શિક્ષક માટે જરૂરી છે એટલા જ વિદ્યાર્થી માટે પણ અગત્યના છે.

દરેક વિદ્યાર્થી અલગ પ્રકારના હોય છે. દરેકની સમજણ, અભ્યાસની પદ્ધતિ અને મનોવૃત્તિ અલગ અલગ હોય છે. અહીંયા જો શિક્ષક દરેક વિદ્યાર્થીને સમાન ગણીને પોતાની અક્કલનો ઉપયોગ કરે તો એ ભૂલ ભરેલું છે. કયા વિદ્યાર્થીને શા કારણે ન સમજાયું એ તપાસવું જોઈએ.એ જાણ્યા પછી કયા વિદ્યાર્થીને કેવી રીતે સમજાવવું અને શું ઉકેલ આપી શકાય એ બધું વિચારીને યોગ્ય પગલું ભરવું જોઈએ.આ રીતે જે શિક્ષક અક્કલનો ઉપયોગ કરે એ જ સાચો શિક્ષક કહેવાય.

શિક્ષક પાસે અક્કલ હોય પણ જો શીખવાની પદ્ધતિ તેને આવડતી ન હોય તો પરિણામ મળતું નથી. આવડત એટલે ટુલ્સ અને ટેકનિકનો સચોટ ઉપયોગ. વર્ગખંડમાં નિયંત્રણ માટે ભાષણ કામ આવતું નથી, પરંતુ ટેકનોલોજીનો ઉપયોગ અને વિદ્યાર્થી સાથે સંબંધ બાંધવાની ક્ષમતા કામ લાગે છે.

વિદ્યાર્થી માટે અભ્યાસ કરવાની આવડત, નોંધ બનાવવાની ટેક્નિક, સાંભળેલી માહિતી લખી શકવાની ક્ષમતા, પ્રેઝન્ટેશન આપવાની કળા વગેરે શૈક્ષણિક આવડત છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થવા માટે સર્જન શક્તિ, ટાઈમ મેનેજમેન્ટ અને આવડત ખૂબ જરૂરી છે.

અનુભવી શિક્ષક જાણે છે કે કઈ રીતે કઠિન વિષયને સરળ બનાવીને સમજાવવો..વર્ષો સુધી શિક્ષણ આપવાથી શિક્ષકને એ વાત સમજાઈ છે કે કયા પ્રકારના વિદ્યાર્થીઓ કેવી રીતે શીખે છે.

વિદ્યાર્થી પોતાના ભૂતકાળના અનુભવથી આગળ વધે છે.પ્રયત્નથી પાકો થાય છે.અગાઉની પરીક્ષાઓનો અનુભવ અને શીખવાના જુદા જુદા પ્રયાસો વગેરેથી શીખે છે.આ બધું ભવિષ્યમાં વધુ સારી રીતે શીખવામાં મદદરૂપ બને છે.

એક ઉદાહરણ દ્વારા વધુ સ્પષ્ટ થઈએ. માનો કે કોઈ શિક્ષક પ્રથમ વખત વર્ગ લઈ રહ્યો છે. એમની પાસે વિષયનું જ્ઞાન પૂરતું છે અર્થાત્ અક્કલ છે. એબોર્ડ પર સરસ લખી શકે છે. પ્રેઝન્ટેશન બનાવી શકે છે, જે શિક્ષકની આવડત છે, પરંતુ વિદ્યાર્થીઓ શાંતિથી સાંભળે, શિસ્તમાં રહે, શિક્ષક ભણાવે તેમાં ધ્યાન આપે એ અનુભવ આધારે જ શક્ય બને.વર્ગખંડને નિયંત્રણ રાખવો એ શિક્ષકના અનુભવ પરથી જ આવે છે. આમ, શિક્ષક તરીકેની નોકરીની શરૂઆત કરનાર શિક્ષક પાસે અક્કલ અને આવડત હોવા છતાં જ્યાં સુધી એ અનુભવ નહીં કરે ત્યાં સુધી એ સફળતા પ્રાપ્ત નહીં કરી શકે.

આ બધી વાત ચર્ચાનો નિષ્કર્ષ એ છે કે શિક્ષણ ક્ષેત્રમાં સફળ થવા માટે અક્કલથી વિચારવું, આવડતથી ભણાવવું અને અનુભવથી વર્ગ નિયંત્રણ રાખવું અને એ જ શિક્ષણ યાત્રાની કુંચી છે. ■




# હસતો-રમતો રિષભ પંત આ વખતે જોવા જ નથી મળ્યો: ગિલક્રિસ્ટ

**વીરેન્દર સેહવાગ તો કહે છે કે પંતે ધોનીને ફોન કરીને તેની સલાહ લેવાની જરૂર છે**



લખનઊ: આઇપીએલ-૨૦૨૫ની સીઝન માટે ગયા વર્ષે યોજવામાં આવેલી હરાજીમાં આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં સૌથી ઊંચા ૨૭ કરોડ રૂપિયાના ભાવે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) દ્વારા ખરીદવામાં આવેલો વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંત આ વખતે સૌથી મોંઘો ખેલાડી બનવા બદલ સૌથી સારું પર્ફોર્મ કરવાના માનસિક બોજ નીચે ઢંકાઈ ગયો છે કે પછી એલએસજીની કૅપ્ટન્સીનો ભાર સહન નથી થઈ શકતો એ ચર્ચાનો વિષય છે. કારણ એ છે આ વખતે તે અસલ મિજાજમાં રમતો જોવા જ નથી મળ્યો.

પંતે લખનઊ વતી ૧૧ મૅચમાં કુલ ફક્ત ૧૨૮ રન કર્યા છે. એમાં માત્ર એક હાફ સેન્ચુરી સામેલ છે અને ૧૨.૮૦ તેની અત્યંત ખરાબ બૅટિંગ-સરેરાશ છે.

સામાન્ય રીતે લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન રિષભ પંત બૅટિંગમાં અનોખી સ્ટાઇલમાં પુલ શૉટ અને લૉફ્ટેડ શૉટ મારતો જોવા મળતો હોય છે, પણ આ વખતે તેનો એ અંદાજ જરાય જોવા જ નથી મળ્યો. ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વિકેટકીપર-બૅટ્સમૅન ઍડમ ગિલક્રિસ્ટ એક જાણીતી ક્રિકેટ-વેબસાઇટને કહે છે કે 'રિષભ પંતને જ્યારે પણ બૅટિંગ કરતો જોઈએ ત્યારે એવું જ લાગે છે કે તે બૅટિંગ એન્જૉય કરી રહ્યો છે. જોકે આ વખતે તેનામાં એવું જરાય જોવા નથી મળ્યું. સાથી ખેલાડીઓ તેમ જ હરીફ પ્લેયરો સામે સ્મિત લહેરાવતો, હસતો, શૉટ મારતી વખતે ઉછળતો-કૂદતો અને બધા સાથે મજાકમસ્તી કરતો પંત આ વખતે જોવા જ નથી મળ્યો. શક્ય છે કે સૌથી ઊંચો (૨૭ કરોડ રૂપિયાનો) ભાવ મેળવવાની સાથે તેના માથે નવી ટીમના નેતૃત્વની જવાબદારી આવી પડી છે એટલે એ બોજનો અનુભવ કરી રહ્યો હશે.'

પંતે ૨૦૧૬ની સાલમાં આઇપીએલમાં ડેબ્યૂ કર્યું હતું અને ત્યારથી માંડીને અત્યાર સુધીમાં ૨૦૨૫ની સીઝન તેના માટે સૌથી મોટી કસોટીની સીઝન બની છે.

ગિલક્રિસ્ટ એવું પણ કહે છે કે 'પંત તેની નૅચરલ બૅટિંગ-સ્ટાઇલ માટે જ કરોડો ચાહકોમાં પ્રિય છે, પણ આ વખતે તેની એ નૅચરલ સ્ટાઇલ નથી જોવા મળી. તેનો અસલ પ્રભાવ મને આ વખતે જોવા જ નથી મળ્યો. તેનામાં જે ચમક હંમેશાં જોવા મળતી હોય છે એ જોવા જ નથી મળી. તેનામાં સામાન્ય રીતે જે ઊર્જા જોવા મળતી હોય છે એ પણ નથી જોવા મળી. તે એવો ખેલાડી છે જે બધાને ખૂબ મનોરંજન કરાવતો હોય છે. તેના જેવો ભાગ્યે જ કોઈ પ્લેયર હશે. જોકે આ વખતે એવું કંઈ જ નથી જોવા મળી રહ્યું.'

સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર શૉન પોલૉકનું પણ પંત વિશે ગિલક્રિસ્ટ જેવું જ માનવું છે.

ભારતના ભૂતપૂર્વ ઓપનર અને ક્રિકેટજગતના સૌથી વિસ્ફોટક બૅટ્સમેનોમાં ગણાતા વીરેન્દર સેહવાગનું કહેવું છે કે 'રિષભ પંતે નકારાત્મકતામાંથી બહાર આવવા બીજું કંઈ પણ કરવાની જરૂર નથી. તેણે પોતાનો મોબાઇલ લઈને એમએસ ધોનીને કૉલ કરવો જોઈએ. ધોની રોલ મૉડેલ છે. તે પંતના માનસમાંથી નકારાત્મકતા જરૂર દૂર કરી આપશે.' ■

# મેઘરાજાનો પ્રકોપ: મુંબઈ-ગુજરાત મોડી રાત સુધી પરેશાન

## જેક્સ-સૂર્યાની ૭૧ રનની ભાગીદારી, પત્નીનો બર્થ-ડે ઉજવીને આવેલા બુમરાહના બે ધમાકા

મુંબઈ: વાનખેડે સ્ટેડિયમમાં ગઈ કાલે વરસાદ અને પવનના વાતાવરણ વચ્ચે યજમાન મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ને ડીએલએસ પદ્ધતિને આધારે ગુજરાત ટાઇટન્સ (જીટી)ની પ્રવાસી ટીમ સામે પાંચ રનના તફાવતથી જીતવાનો મોકો હતો અને પૉઇન્ટ્સ-ટેબલમાં મોખરાનું સ્થાન મેળવવાની તક હતી ત્યારે વરસાદ પડવાનો ચાલુ જ હતો અને ખેલાડીઓ, અમ્પાયરો, અધિકારીઓ, હજારો પ્રેક્ષકો તેમ જ કરોડો ટીવી-દર્શકો અવઢવમાં હતા. ગુજરાતને ૧૫૬ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. રાત્રે ૧૧.૪૫ વાગ્યે ધોધમાર વરસાદ પડતાં વધુ રમત નહોતી થઈ શકી અને મુંબઈના ૧૫૫/૮ના સ્કોર સામે ગુજરાતનો સ્કોર ૧૮ ઓવરને અંતે ૧૩૨/૬ હતો અને ગુજરાતે ૧૨ બૉલમાં ૨૪ રન કરવાના હતા. ગુજરાતની છમાંથી બે-બે વિકેટ બુમરાહ, બૉલ્ટ અને અશ્વની કુમારે લીધી હતી. ગિલ (૪૩ રન, ૪૬ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) અને બટલર (૩૦ રન) વચ્ચે બીજી વિકેટ માટે ૭૨ રનની ભાગીદારી થઈ હતી. જોકે વરસાદના વિઘ્ન બાદ બુમરાહે



વાનખેડેમાં ગઈ કાલે વિલ જેક્સ અને સૂર્યકુમાર યાદવ. (અમય ખરાડે)

ગિલને ક્લીન બોલ્ડ કર્યો જ્યારે રુધરફર્ડ બે સિક્સર, બે ફોરની મદદથી ૨૮ રન કરીને બૉલ્ટના બૉલમાં એલબીડબ્લ્યૂ થયો હતો. બુમરાહની પત્ની સંજનાનો મંગળવારે ૩૪મો બર્થ-ડે હતો. એ પહેલાં, મુંબઈએ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૫ રન કર્યા હતા. વિલ જેક્સ (૫૩ રન, ૩૫ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર) અને સૂર્યકુમાર યાદવ (૩૫ રન, ૨૪ બૉલ, પાંચ ફોર)ના કુલ ત્રણ કેચ છૂટયા હતા. તેમની વચ્ચે ૭૧ની ભાગીદારી થઈ હતી. ■

# અનિર્ણીત મૅચમાં ઈશાન કિશનનો આઈપીએલમાં અનોખો વિક્રમ

## મેઘરાજાએ હૈદરાબાદને આઉટ કર્યું, દિલ્હીને રાહત આપી

હૈદરાબાદ: સોમવારે વરસાદ પડવાને કારણે આઈપીએલ-૨૦૨૫ની પંચાવનમી મૅચ અનિર્ણીત રહી હતી જેને પગલે સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમ સત્તાવાર રીતે પ્લે-ઑફ રાઉન્ડની રેસમાંથી બહાર થઈ ગઈ હતી અને એક સમયની નંબર-વન ટીમ દિલ્હી કેપિટલ્સને થોડી રાહત મળી હતી.

હૈદરાબાદની ટીમ હારી ગઈ, પણ એના વતી આ સીઝનમાં પહેલી જ વાર વિકેટકીપિંગ કરનાર ઇશાન કિશને એક અનોખો આઇપીએલ-વિક્રમ પોતાના નામે કર્યો હતો.

**કમિન્સ-કિશનનો હૅટ-ટ્રિક તાલમેલ**

દિલ્હીએ સોમવારે માત્ર ૧૫ રનમાં પહેલી ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. એ ત્રણેય વિકેટ કેપ્ટન અને પેસ બોલર પૅટ કમિન્સે લીધી હતી અને ત્રણેય ટૉપ-ઑર્ડર બૅટ્સમેન (કરુણ નાયર, ફાફ ડુ પ્લેસી, અભિષેક પોરેલ)ના કૅચ આ સીઝનમાં પહેલી જ વખત વિકેટકીપિંગ કરનાર ઈશાન કિશને ઝીલ્યા હતા.

ચોથી વિકેટ કે. એલ. રાહુલની પડી હતી. જયદેવ ઉનડકટના બૉલમાં રાહુલનો કૅચ પણ ઈશાન કિશને પકડ્યો હતો. એ સાથે, કિશને આઇપીએલની એક ઇનિંગ્સમાં હરીફ ટીમના ટૉપ-



ઑર્ડરના ચારેય બૅટ્સમેનના કૅચ પકડનાર આ ટૂર્નામેન્ટના ઇતિહાસનો પ્રથમ વિકેટકીપર બન્યો હતો.

**ત્રણ ટીમ આઉટ, ક્રમવાર આ સાત વચ્ચે હરીફાઈ**

અક્ષર પટેલની કેપ્ટન્સીમાં દિલ્હીની ટીમ હજી પણ પાંચમા નંબરે છે અને પ્લે-ઑફમાં પહોંચવા માટે સંઘર્ષ કરી રહી છે. ચેન્નઇ, રાજસ્થાન પછી હવે હૈદરાબાદની ટીમ પ્લે-ઑફની દોડમાંથી બહાર થઈ જતાં હવે બાકીની સાત ટીમ વચ્ચે રસાકસી છે. એમાં ૧થી ૭ ક્રમ મુજબ બેંગ્લૂરુ, પંજાબ, મુંબઈ, ગુજરાત, દિલ્હી, કલકત્તા, લખનઊનો સમાવેશ છે.

**૧૩૩/૭ બાદ દિલ્હીની ટીમ પરાજયથી બચી ગઈ**

દિલ્હીની ટીમ સોમવારે ૨૦ ઓવરમાં સાત વિકેટે ફક્ત ૧૩૩ રન કરી શકી હતી જેને પગલે એનો પરાજય નક્કી લાગતો હતો, પરંતુ એની ઇનિંગ્સ બાદ હૈદરાબાદની ઈનિંગ્સ શરૂ નહોતી થઈ શકી અને બેઉ ટીમને એક-એક પોઈન્ટ આપી દેવામાં આવ્યો હતો. દિલ્હીની ટીમને જાણે બોનસમાં એક પોઇન્ટ મળ્યો છે.

**દિલ્હીએ ૨૯ રનમાં પાંચ વિકેટ ગુમાવેલી**

દિલ્હીના ૧૩૩ રનમાં ટ્રિસ્ટેન સ્ટબ્સ અને આશુતોષ શર્માના ૪૧-૪૧ રન હાઈએસ્ટ હતા. એક તબક્કે દિલ્હીએ ૨૯ રનમાં પહેલી પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે ટ્રિસ્ટેન અને આશુતોષ વચ્ચે ૬૬ રનની ભાગીદારી થઈ હતી જેને લીધે દિલ્હીની ટીમની થોડી ઘણી આબરૂ સચવાઈ હતી. ■

# 'જમાઈ' ધોની આજે છેલ્લી વાર કોલકાતામાં રમશે?

**▸ ઈડનમાં સાંજે ૭.30 વાગ્યાથી કેકેઆર સામે સીએસકેની ટક્કર ▸ માહી જુનિયર ક્રિકેટ કોલકાતામાં રમ્યો હતો**

કોલકાતા: મહેન્દ્રસિંહ ધોનીની આ છેલ્લી આઇપીએલ છે એવું ઘણા સમયથી કહેવામાં આવી રહ્યું છે એટલે આ વખતની સીઝનમાં પ્લે-ઑફની રેસની બહાર થઈ ગયેલી ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની જે સ્થળે છેલ્લી મૅચ રમાવાની હોય ત્યારે એવું કહેવામાં આવી રહ્યું છે કે ધોની સંબંધિત સ્થળે છેલ્લી વાર રમતો જોવા મળશે. જોકે ખુદ ધોની તાજેતરમાં કહી ગયો છે કે આઇપીએલમાં પોતાનું ભાવિ શું રહેશે એનો નિર્ણય લેવા તેની પાસે હજી ૧૦ મહિના પડ્યા છે. બુધવાર, સાતમી મેએ (આજે) ઈડન ગાર્ડન્સમાં પાંચ વખત ટાઇટલ જીતી ચૂકેલી સીએસકેનો ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામે મુકાબલો (સાંજે ૭.૩૦ વાગ્યાથી) છે અને એ જોવા કેકેઆરના ચાહકો ઉપરાંત ખાસ કરીને ધોનીના અસંખ્ય ફૅન્સ સ્ટેડિયમમાં ઊમટી પડશે.

૪૩ વર્ષના ધોની માટે આ મૅચ અત્યંત મહત્ત્વની છે, કારણકે તેના સાસરિયા પક્ષના સભ્યો કોલકાતામાં રહે છે એટલે તે 'કોલકાતાનો જમાઇ' કહેવાય. બીજું, ધોની ટીનેજ વયે ઘણી જુનિયર ક્રિકેટ કોલકાતામાં રમ્યો હતો એટલે એ રીતે પણ પશ્ચિમ બંગાળના આ શહેર સાથે તેનું ખાસ કનેક્શન છે.

ધોનીએ ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં સૌપ્રથમ સેન્ચુરી ઈડન ગાર્ડન્સમાં ફટકારી હતી અને છમાંથી બે ટેસ્ટ સદી પણ તેણે આ જ મેદાન પર નોંધાવી હતી. તે ટીનેજ વયે આ જ શહેરમાં ક્લબ ક્રિકેટ રમ્યો હતો. ત્યારે તે પી. સેન ટ્રોફીની ફાઇનલમાં શામબાઝાર ક્લબ વતી રમ્યો હતો.

એક તરફ કૅપ્ટન ધોની બે અનુભવી સ્પિનર આર. અશ્વિન અને રવીન્દ્ર જાડેજાને કેકેઆર સામે ટીમમાં કદાચ સમાવશે. સીએસકેના ૧૭ વર્ષના ઓપનર આયુષ મ્હાત્રે પર પણ સૌનું ધ્યાન રહેશે.

બીજી તરફ, અજિંક્ય રહાણેના સુકાનમાં કેકેઆરની ટીમ વતી ખાસ કરીને સૌથી મોંઘો ખેલાડી વેન્કટેશ ઐયર આ વખતે સારું રમશે કે કેમ એ જોવું રહ્યું. જોકે આન્દ્રે રસેલ પાછો ફૉર્મમાં આવે એ પણ (પ્લે-ઑફની રેસમાં ટકી રહેવા માટે) કેકેઆર માટે અત્યંત જરૂરી છે. ■

---




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| GRADE | કબર |
| GRACE | લોભ |
| GRAVE | મોહકતા |
| GREED | દળવું |
| GRIND | દરજ્જો |

## ઓળખાણ પડી?

૧૯૭૧માં ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ વિજયમાં મહત્ત્વનું યોગદાન આપનાર ભારતીય વિકેટકીપરની ઓળખાણ પડી? કાઉન્ટી ક્રિકેટ પણ રમ્યો હતો.



અ) કિરમાણી બ) કૃષ્ણમૂર્તિ ક) મોંગિયા ડ) એન્જિનિયર

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મં | ૨ ત્રો | ચ્ચા | ૩ ર | ■ | ૪ ન | ૫ કા | ૬ રા | ત્મ | ૭ ક |
| ૮ ગ | ડ | ■ | ૯ સ | ૧૦ ભા | શા | સ | ન | ■ | ર્મ |
| ૧૧ લ | વું | ■ | ૧૨ દા | વ | ■ | દ | ■ | ૧૩ ભ | યો |
| ■ | ■ | ૧૪ ગિ | ર | ના | રી | ■ | ૧૫ ફા | રે | ગ |
| ૧૬ સુ | ૧૭ વ | ર | ■ | ત્મ | ■ | ૧૮ દા | ■ | લું | ■ |
| ૧૯ ખા | ર | વા | ■ | ૨૦ ક | ૨૧ ર | તા | ૨૨ લ | ■ | ૨૩ એ |
| કા | ■ | ૨૪ વ | દી | ■ | જ | ■ | ૨૫ ચ | મ | કી |
| ૨૬ રી | ૨૭ ઝ | વું | ■ | ૨૮ આં | ત | રિ | ક | ■ | ફ્ |
| ■ | બ | ■ | ૨૯ સા | ચ | ■ | ■ | ૩૦ દા | ૩૧ વ | ત |
| ૩૨ હ | કી | ક | ત | ■ | ૩૩ એ | ક | ર | સ | ■ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | ■ | | ■ | ૮ | ■ | ■ | ૯ | |
| ૧૦ | | ■ | ૧૧ | | | | ૧૨ | ■ | |
| | ■ | ૧૩ | | ■ | | ■ | ૧૪ | ૧૫ | |
| ■ | ૧૬ | | ■ | ૧૭ | | ■ | ૧૮ | | ■ |
| ૧૯ | | | | ■ | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ |
| | ■ | | ■ | ૨૩ | ■ | ■ | ૨૪ | | |
| ૨૫ | ૨૬ | ■ | ૨૭ | | ૨૮ | ૨૯ | ■ | ■ | |
| ૩૦ | | ૩૧ | ■ | ૩૨ | | | ૩૩ | ■ | |
| ■ | ૩૪ | | | | ■ | ૩૫ | | | |

### આડી ચાવી

(૧) વિવિધતાથી ભરેલું (૫)
(૪) ખૂબ ઉત્સાહ-ઉત્તેજન આપવું તે (૪)
(૭) ઘાસચારો (૨)
(૯) 'રટવું'નું આજ્ઞાર્થ (૨)
(૧૦) સિનેમાનાં દૃશ્યોની લાંબી પટ્ટી (૨) (જો.છૂ.)
(૧૧) વરદાન આપનાર હાથ (૫)
(૧૩) દિવસનો પહેલો વકરો (૨)
(૧૪) કાવ્યની પંક્તિ (૩)
(૧૬) એક હિંસક શિકારી પ્રાણી (૨)
(૧૭) જરૂર (૨)
(૧૮) હાથમાં ટેક્સ આપો (૨)
(૧૯) સંમિશ્રિત (૪)
(૨૦) --- કાઢવો એટલે ખૂબ કામ કરાવવું (૨)
(૨૧) નર્મદાશંકર લાલશંકર --- પ્રથમ ગદ્યકાર (૨)
(૨૪) લક્ષ્મી (૩)
(૨૫) સુધી, લગી (૨)
(૨૭) ખૂબ હોવું તે (૪)
(૩૦) વંદન (૩)
(૩૨) ચમત્કાર, યુક્તિ, કારીગરી (૪)
(૩૪) નવું જન્મેલું (૪)
(૩૫) ભવાઈના કલાકાર (૪)

### ઊભી ચાવી

(૧) વિચારને લગતું (૪)
(૨) અજોડ, મળવું મુશ્કેલ (૩)
(૩) પૂર્તિ, પરિશિષ્ટ (૪) (જો.છૂ.)
(૫) ભગવાન શિવ (૨)
(૬) નટોમાં શ્રેષ્ઠ (૪)
(૮) નાડીની ગતિ માપવાનું યંત્ર (૫)
(૧૨) પરિચ્છેદ, અધ્યાય (૩)
(૧૩) દૂધ ભરવાનું મોટું વાસણ (૪)
(૧૫) હંમેશાં, નિત્ય (૪)
(૧૬) વાચા, વાણી (૨)
(૧૯) સમતોલપણું (૪)
(૨૨) શુભાશુભ વખત (૫)
(૨૩) વાંધો, નડતર, અડચણ (૪)
(૨૬) જવું તે (૩)
(૨૮) મારવા આવનારા (૨)
(૨૯) ખેલ, ક્રીડા (૩)
(૩૧) નવું (૨)
(૩૩) દૂધ ઉપર તરે (૨)
(૩૫) ભવાઈના કલાકાર (૪)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'કેટલાક લોકો પાષાણ હૃદયના હોય છે' પંક્તિમાં પાષાણ શબ્દનો અર્થ જણાવો.

અ) પવિત્ર બ) મીણ ક) કોમળ ડ) પથ્થર

## ગુજરાત મોરી મોરી રે

'પોતાનો ગુસ્સો ત્રાહિત પર ઉતારવો' એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

બળે આમળે કુંભાર ગધેડીના રીસે કાન ત્યારે

## માતૃભાષાની મહેક

ચોળિયું કપડું વેચનાર ચોળિયા કહેવાય છે. એવું કહેવાય છે કે અસલ પોળમાં ચોરા પર બેસવાનો હક અમુક પરિવાર કે વ્યક્તિઓનો જ હતો. જે લોકો એ હક ભોગવતા એ ચોરિયા તરીકે ઓળખાતા હતા. કાળક્રમે એનું રૂપાંતર થઈ ચોળિયા બની ગયું અને એ અટક કાયમી સ્વરૂપ માટે અસ્તિત્વમાં આવી ગઈ.

## ઈર્શાદ

*ગળપણ ગઝલ કે કોફીમાં ઝાઝું હો શું મજા?*
*બહુ બોલકાપણું તો કરે ભીડ આસપાસ*

– સંજુ વાળા

## સુડોકુ-૮૦૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૪ | ૧ | | | ૮ | |
| ૯ | ૭ | ૧ | | ૩ | ૨ | | | ૪ |
| | ૮ | | | ૫ | ૭ | | | |
| ૭ | | ૩ | | ૪ | | ૬ | | |
| | | | ૫ | | ૩ | | | |
| | | ૪ | | ૬ | | ૩ | | ૨ |
| | | | ૬ | ૨ | | | ૫ | |
| ૨ | | | ૭ | ૮ | | ૯ | ૪ | ૩ |
| | ૪ | | | ૯ | ૫ | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૮ | ૭ | ૨ | ૫ | ૬ | ૧ | ૯ |
| ૯ | ૭ | ૫ | ૬ | ૧ | ૮ | ૩ | ૪ | ૨ |
| ૧ | ૬ | ૨ | ૩ | ૪ | ૯ | ૭ | ૫ | ૮ |
| ૪ | ૮ | ૩ | ૨ | ૬ | ૭ | ૫ | ૯ | ૧ |
| ૭ | ૫ | ૧ | ૮ | ૯ | ૪ | ૨ | ૬ | ૩ |
| ૬ | ૨ | ૯ | ૫ | ૩ | ૧ | ૮ | ૭ | ૪ |
| ૨ | ૩ | ૪ | ૧ | ૭ | ૬ | ૯ | ૮ | ૫ |
| ૫ | ૯ | ૭ | ૪ | ૮ | ૨ | ૧ | ૩ | ૬ |
| ૮ | ૧ | ૬ | ૯ | ૫ | ૩ | ૪ | ૨ | ૭ |

## માઈન્ડ ગેમ

વિશ્વમાં એવા કેટલાક દેશ છે જેની રાજધાનીનું નામ દેશના નામ જેવું જ છે. આપેલા વિકલ્પોમાંથી એ દેશ શોધી કાઢી જણાવો.

અ) કઝાખસ્તાન બ) મડાગાસ્કર ક) મોંગોલિયા ડ) કુવૈત

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| COURSE | અભ્યાસક્રમ |
| COARSE | બરછટ |
| CRUISE | મુસાફરી |
| CRUSADE | ધર્મયુદ્ધ |
| CROSS | ઓળંગવું |

ઓળખાણ પડી? સંદીપ પાટીલ

માઈન્ડ ગેમ ડોલ્ફિન

ચતુર આપો જવાબ અર્થ જણાવો આંખ

ગુજરાત મોરી મોરી રે
જીવતો હાથી લાખનો મૂએ તો સવા લાખનો

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલારાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) હર્ષા મહેતા (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) લજિતા ખોના (૧૨) અંબરીશ ઓઝા (૧૩) પુષ્પા પટેલ (૧૪) પ્રવીણ વોરા (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) મહેશ સંઘવી (૨૦) અમીશી બંગાળી (૨૧) કિશોર બી. સંઘરાજકા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૬) જયવંત પદમશી ચિખલ (૨૭) મહેશ દોશી (૨૮) અલકા વાણી (૨૯) હરીશ મનુભાઈ ભટ્ટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) તાહેર ઔરંગાબાદવાલા (૩૨) શીરીન ઔરંગાબાદવાલા (૩૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૪) વિણા સંપટ (૩૫) દેવેન્દ્ર સંપટ (૩૬) જગદીશ ઠક્કર (૩૭) પુષ્પા ખોના (૩૮) અરવિંદ કામદાર (૩૯) નિતિન બજરિયા (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) હિના દલાલ (૪૨) ઈનાક્ષી દલાલ (૪૩) રમેશ દલાલ (૪૪) જ્યોત્સના ગાંધી (૪૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૬) દિપીકા દોશી (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) નયના ગિરીશ મિસ્ત્રી

# ૧૯૭૧ પછી પહેલી વખત મૉક ડ્રિલ યોજાશે: આજે ગુજરાતનાં ૧૯ શહેરમાં બ્લેકઆઉટ અને સાયરન ગૂંજી ઊઠશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પહલગામ આતંકી હુમલામાં ૨૬ નિર્દોષ નાગરિકોનાં મોત થયા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે સરહદ પર તણાવની સ્થિતિ પેદા થઈ છે. એવામાં ભારત સરકારે આજે (૭ મે બુધવાર)ના રોજ ગુજરાતનાં ૧૯ શહેરની સાથે દેશનાં ૨૪૪ શહેરમાં મોકડ્રિલ યોજવાનો નિર્ણય કર્યો હતો, જેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ગુજરાતમાં પણ મોકડ્રિલને અંગે ગાંધીનગરમાં સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

મોકડ્રિલના આયોજન અનુસંધાને ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી અને સૂચિત એક્શન પ્લાનની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં ગૃહ વિભાગનાં અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતી રવિ, રાજ્યના પોલીસવડા વિકાસ સહાય, હોમગાર્ડ્સ અને સિવિલ ડિફેન્સ ડીજીપી મનોજ અગ્રવાલ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલી રૂપરેખા મુજબ તમામ જિલ્લા તંત્રો, પોલીસ, હોમગાર્ડ, મ્યુનિસિપલ સ્ટાફ, આરોગ્ય તંત્ર અને સિવિલ ડિફેન્સ સક્ષમ રીતે તૈયાર રહેશે. આગામી સમયમાં આવા અભ્યાસો નિયમિત કરવામાં આવશે એવું પણ અનુમાન છે, જેથી રાજ્ય હંમેશાં ચુસ્ત રહે.

સિવિલ ડિફેન્સ ડિસ્ટ્રિક્ટને તેના મહત્ત્વ અથવા સેન્સેટિવિટીના આધાર પર ત્રણ કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. કેટેગરી એકમાં તે જિલ્લા છે, જે સૌથી સેન્સેટિવ છે. ગુજરાતમાં આવાં ડિસ્ટ્રિક્ટની સંખ્યા ત્રણ છે. જ્યારે કેટેગરીમાં બેમાં ૧૦ અને કેટેગરી ત્રણમાં છ ડિસ્ટ્રિક્ટનો સમાવેશ થાય છે. મળતી વિગતો મુજબ ગુજરાતમાં વડોદરા, સુરત, તાપી, અમદાવાદ, દ્વારકા , જામનગર, કચ્છ, મહેસાણા, ભાવનગર, ભરૂચ, ગાંધીનગર, નર્મદા, નવસારીમાં, ડાંગ સહિતના જિલ્લામાં મોકડ્રિલ યોજવામાં આવશે.

સરકારના જણાવ્યા અનુસાર, મોકડ્રિલ દરમિયાન આ મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવશે. હવાઈ હુમલાના સાયરનનું નિરીક્ષણ અને ઉપયોગ. હુમલાના કિસ્સામાં પોતાને બચાવવા માટે સામાન્ય લોકો અને વિદ્યાર્થીઓને તાલીમ, ક્રેશ બ્લેકઆઉટ વ્યવસ્થા, મહત્ત્વપૂર્ણ સ્થળો છુપાવવાની તૈયારીઓ, વિસ્તાર ખાલી કરાવવાની યોજનાઓને અપડેટ કરવી અને એનો અભ્યાસ કરવો. આ મોકડ્રિલનો હેતુ લોકોને કોઈપણ કટોકટી માટે તૈયાર કરવાનો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશમાં છેલ્લી વખત આવી મોકડ્રિલ ૧૯૭૧માં યોજાઈ હતી. ત્યાર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું. આ મોકડ્રિલ યુદ્ધ દરમિયાન થઈ હતી. ૧૯૭૧ બાદ પ્રથમવાર આખા દેશમાં મોકડ્રિલ યોજાઈ રહી છે. આ પ્રકારની મોકડ્રિલ ૧૯૬૨ ચીન યુદ્ધ અને ૧૯૬૫ પાકિસ્તાન યુદ્ધ સમયે પણ યોજવામાં આવી હતી. ■

# ગુજરાતના ૧૬૮ તાલુકામાં કમોસમી વરસાદ ખાબક્યો: ૧૪ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ભરઉનાળે ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો હતો. મંગળવારે ગુજરાતના અનેક ભાગોમાં ભારે પવન અને ધૂળની આંધી સાથે વાવાઝોડાને કારણે ઓછામાં ઓછા ૧૪ લોકોનાં મોત થયાં હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ભારતીય હવામાન વિભાગે આગામી થોડા દિવસો માટે રાજ્યભરમાં વીજળી સાથે વાવાઝોડા અને ૫૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાશે તેવી આગાહી કરી હતી. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન્સ સેન્ટરે તેના અપડેટમાં જણાવ્યું હતું કે રાજ્યના ૨૫૩ તાલુકાઓમાંથી ૧૬૮ તાલુકાઓમાં છેલ્લા ૨૪ કલાકમાં કમોસમી વરસાદ પડ્યો હતો, જેમાં ખેડા, ગાંધીનગર, મહેસાણા અને વડોદરા જિલ્લામાં ૨૫ થી ૪૦ મીમી વરસાદ ખાબક્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારે પવનને કારણે અનેક જિલ્લાઓમાં વૃક્ષો, હોર્ડિંગ્સ અને થાંભલા ઊખડી ગયાં હતાં અને ઘરોના ભાગો ધરાશાયી થયા હતા, જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન્સ સેન્ટર મુજબ સોમવારે ગુજરાતના અમદાવાદ, આણંદ, ખેડા, દાહોદ, અરવલ્લી અને વડોદરા જિલ્લામાં વીજળી પડવા, વીજ કરંટ લાગવા અને વૃક્ષો, મકાનો અને હોર્ડિંગ્સ પડવા જેવી વરસાદ સંબંધિત ઘટનાઓમાં તેર લોકો માર્યા ગયા હતા, અને રવિવારે અમદાવાદના વિરમગામમાં વીજળી પડવાથી એક વ્યક્તિનું મોત થયું હતું. ખેડા જિલ્લામાં ચાર, વડોદરામાં ત્રણ, અમદાવાદ, દાહોદ અને અરવલ્લીમાં બે-બે અને આણંદ જિલ્લામાં એક વ્યક્તિના મોત થયા હોવાનું જાણવા મળ્યું હતું. વૃક્ષો પડવાથી ચાર લોકોનાં મોત થયાં હતાં, જ્યારે હોર્ડિંગ્સ તૂટી પડતાં બે લોકોના મોત થયા હતા. બે લોકોના મોત વીજ કરન્ટ લાગવાથી, ત્રણ લોકોના મોત વીજળી પડવાથી અને ત્રણ લોકોનાં મોત ઘરની પછીત પડવાથી થયાં હતાં. દાહોદ જિલ્લાના લીમખેડામાં ભારે પવનને કારણે લાગેલી આગમાં એક ડઝનથી વધુ ઝૂંપડાઓ બળીને ખાખ થઈ ગયાં હતાં. માવઠાથી સર્જાયેલી દુર્ઘટનાઓમાં રાજ્યમાં ૨૬ પાલતુ પશુઓનાં મોત થયા હતાં.

હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ત્રણ દિવસ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી. માવઠાની આગાહી વચ્ચે રાજ્ય સરકારે અપીલ કરી છે. લોકોને બિન જરૂરી મુસાફરી ન કરવા સૂચના અપાઈ હતી. વાવાઝોડાની સ્થિતિમાં સલામત સ્થળે જ રહેવા સૂચના આપવામાં આવી હતી. અનિવાર્ય સંજોગોમાં ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સંપર્કની સૂચના આપવામાં આવી છે. અનિવાર્ય સંજોગોમાં જરૂર જણાય તો લોકોને ડિસ્ટ્રિક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-૧૦૭૭ તથા સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-૧૦૭૦નો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી હતી. ■

# ચંડોળા તળાવના સ્થાનિકોના પુનર્વસન અંગે હાઇ કોર્ટમાં અરજી: હાઈ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના ચંડોળા તળાવ આસપાસ ઊભી થયેલી ગેરકાયદે વસાહતો હટાવવા ૨૯ એપ્રિલે ડિમોલિશનનો પ્રથમ તબક્કો શરૂ કરવામાં આવ્યો હતો, જોકે સવારમાં ૭ વાગ્યે ડિમોલિશન શરૂ થતાં જ મામલો હાઇ કોર્ટ પહોંચ્યો હતો. ત્યાર બાદ હાઇ કોર્ટે સુનાવણી કરી ડિમોલિશન પર સ્ટે મૂકવા ઇનકાર કર્યો હતો. ત્યાર બાદ સ્થાનિકોના પુનર્વસન અંગે હાઇ કોર્ટમાં અરજી થઈ હતી, જેના પર ૬ મે, ૨૦૨૫ મંગળવાર સુનાવણી થઈ હતી, જોકે કોર્ટે બન્ને પક્ષોની દલીલો બાદ ચુકાદો અનામત રાખ્યો હતો.

અરજદારે કોર્ટમાં રજૂઆત કરી હતી કે કેટલાક ભારતીય નાગરિકો પણ ઘરવિહોણા થયા છે, જેથી કોર્ટે કહ્યું હતું કે, અમને ભારતીય નાગરિક છે કે કેમ એ નહીં, બાંધકામ ગેરકાયદે છે એ ધ્યાને આવ્યું છે. આ વોટર બોડી પર બાંધકામ હતું અને એ ગેરકાયદે હતું. ત્યાર બાદ અરજદારે કહ્યું હતું કે, જે લોકો ખરેખર ત્યાં રહે છે, તેમનો સર્વે કરી અન્ય સ્થાન આપવાની વાત છે, પરંતુ જો ડિમોલિશન કરવામાં આવશે તો શું પ્રૂફ બચશે? જ્યારે સરકારી વકીલે રજૂઆત કરી કે તળાવ જગ્યામાં રહેવાનો દાવો કરતા લોકોએ જે દસ્તાવેજ રજૂ કર્યા છે એમાં ફરક છે. જે લોકોએ આ દાવો કર્યો છે તેમનાં સરનામાં તળાવની આસપાસ હોય એ પ્રકારે દર્શાવવામાં આવ્યાં છે.

વિરોધપક્ષના નેતા શહેઝાદખાન પઠાણે કમિશનરને કરેલી અરજી અને ૫૮ અરજદારોના દસ્તાવેજો પર પણ સરકારી વકીલે સવાલ ઉઠાવ્યા હતા. સરકારી વકીલે કહ્યું હતું કે તમામ લોકોના દસ્તાવેજોમાં જુદી જુદી વાત દર્શાવવામાં આવી છે. સરકારે રજૂઆત કરી હતી કે, અરજદારે કરેલા દસ્તાવેજ ખોટા છે અથવા વિશ્વસનીય નથી તેમજ ચંડોળા તળાવ પર ડિમોલિશન બાદ પુનર્વસનને લઈ રાજ્ય સરકારે કોર્ટમાં ખાતરી આપતાં કહ્યું હતું કે કોઈ અરજદાર સક્ષમ ઓથોરિટી સમક્ષ રજૂઆત કરશે અને યોગ્ય દસ્તાવેજ હશે તો પુનર્વસન અથવા યોગ્ય વળતર અંગે વિચાર કરવામાં આવશે. બંને પક્ષની દલીલો બાદ હાઈ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. ■

# ખેડૂતોની ૧૨ મહિનાની મહેનત વ્યર્થ, કેરી, તલ અને મગના પાકને સૌથી વધુ નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સતત બીજા દિવસથી તેજ પવન સાથે કમોસમી વરસાદ થતા ખેડૂતોની હાલત કફોડી બની છે. સોમવાર રાત્રે ભારે પવન અને ગાજવીજ સાથે પડેલા વરસાદે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોના પાકને મોટું નુકસાન પહોંચાડ્યું હતું. આ વરસાદે ખાસ કરીને કેરી, તલ અને મગ જેવા પાકોને નુકસાન પહોંચાડ્યું છે, જેના કારણે ખેડૂતોની બાર મહિનાની મહેનત વ્યર્થ ગઈ છે.

સૌરાષ્ટ્રમાં ભારે પવન સાથે પડેલા વરસાદે ખેડૂતોના આંબાના બગીચામાં ૫૦ ટકાથી વધુ કેરી ખરી ગઈ હતી. આ માવઠાએ ખેડૂતોની મહેનત પર પાણી ફેરવી દીધું છે. ખેડૂતોને મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. મહેસાણામાં બાગાયત પાકોમાં ખેડૂતોને ભારે નુકસાન થયું છે. જિલ્લામાં ચીકુ, કેરી અને ફાલસાનું વાવેતર થયેલું છે. આ ત્રણેય પાકમાં ખેડૂતોને નુકસાન જોવા મળ્યું છે. કમોસમી વરસાદના કારણે બનાસકાંઠા, પાલનપુર સહિતના વિસ્તારોમાં ખેડૂતોના કેરી, ટેટી સહિતના પાકને ભારે નુકસાન થવાથી ખેડૂતોને રડવાનો વારો આવ્યો છે. ■

# અમદાવાદ એરપોર્ટ પરથી ૧૫ દિવસમાં ₹ ૧૧૩ કરોડનો ગાંજો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી વધુ એક વખત ગાંજો ઝડપાયો હતો. સોમવારે વધુ એક વખત ૨૦ કરોડની કિંમતનો ૧૯.૭૨૮ કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો હતો. આમ છેલ્લા ૧૫ દિવસમાં અમદાવાદ એરપોર્ટ પરથી ૧૧૩ કરોડનો ગાંજો પકડાયો હતો. સોમવારે વિયેટજેટની ફ્લાઈટમાં આવેલા સુરતની એક મહિલા મુસાફર પાસેથી એરટાઈટ પેકેટમાંથી ૨૦ કરોડની કિંમતનો ગાંજો પકડાયો હતો.

એક અઠવાડિયામાં હવાઈ માર્ગે ગાંજાની હેરફેરનો આ ત્રીજો કેસ છે, જેમાં કુલ આઠ લોકોની ધરપકડ કરીને ૯૬ કરોડનો ગાંજો ઝડપી પાડ્યો હતો. છેલ્લા ૧૫ દિવસમાં ૧૧૩ કરોડની કિંમતનો હાઈડ્રોપોનિક વીડ્સ-ગાંજો અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપાયો હતો. સોમવારે સુરતની મહિલા અમદાવાદ એરપોર્ટ પર ઊતરી ત્યારે તેની પાસેની ટ્રોલી બેગમાંથી ૧૮ એર ટાઈટ પેકેટ મળ્યા હતા. સ્કેનિંગ દરમિયાન આ જથ્થો ઝડપાયો હતો.

આ અંગે એક કસ્ટમ અધિકારીએ જણાવ્યું હતું કે, એરપોર્ટ પર ચાર નવા અપગ્રેડેડ સ્કેનિંગ મશીનો મુકાયા છે, જેના થકી કોઈ બાતમી ન હોય, મુસાફરની પ્રોફાઈલ યોગ્ય હોય તો પણ સ્કેનિંગમાં શંકાસ્પદ વસ્તુઓ ઝડપાય છે. મોટા ભાગનો ગાંજો થાઈલેન્ડથી અમદાવાદ આવે છે. થાઈલેન્ડમાં ગાંજા પર પ્રતિબંધ ન હોવાથી તે અમદાવાદ લાવવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦ એપ્રિલે ૧૭.૫ કિલો, ૨૯ એપ્રિલે ૩૭.૨ કિલો, બીજી મેના રોજ ૩૯.૨૪ કિલો અને પાંચમી મેના રોજ ૧૯.૭૨ કિલો ગાંજો ઝડપાયો હતો. ■

# અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ૧૯.૭૨ કરોડની કિંમતનો ઝડપાયો ગાંજો: એક મહિલાની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કસ્ટમ વિભાગે તપાસ કરતા એક વિદેશી મહિલા પાસેથી અંદાજે ૧૯.૭૨ કરોડની કિંમતનો ગાંજો ઝડપાયો હતો.

આ મહિલા બેંગકોકથી વિયેતનામ થઈ અમદાવાદ આવી હતી. સામાનના સ્કેનિંગ દરમિયાન બેગમાં શંકાસ્પદ વસ્તુ લાગતા ત્યાંના અધિકારીઓએ વિશેષ તપાસ કરી હતી. તેની બેગમાંથી ૧૮ એરટાઈટ પેકેટ મળ્યા હતા. જેની વધુ તપાસ કરતા તેમાંથી ૧૯.૭૨ કરોડ કિંમતનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો હતો.

આ પેકેટમાં લીલોટી પ્રકારનું પદાર્થ હતું. કસ્ટમ વિભાગે તે પદાર્થને લેબોરેટરીમાં ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યું હતું. પરીક્ષણ કરતા તે પદાર્થ ગાંજો હોવાનું જાણવા મળ્યું હતું. ગાંજાનું કુલ વજન ૧૯.૭૨૮ કિલોગ્રામ હતું. જેની અંદાજિત કિંમત ૧૯.૭૨ કરોડ આંકવામાં આવી હતી. કસ્ટમ વિભાગે ગાંજો જપ્ત કરીને વિદેશથી આવેલી મહિલાની અટકાયત કરી એન.ડી.પી.એસ. કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. પ્રાપ્ત થતી માહિતી અનુસાર અમદાવાદ એરપોર્ટ પરથી છેલ્લા કેટલાક સમયમાં ૧૧૦ કરોડનો હાઈડ્રોફોનિક ગાંજો ઝડપાયો હતો. ■

# સિલિકોસિસથી ૧૯ મજૂરનાં મોત: વળતર ચૂકવવા મામલે હાઈ કોર્ટે ચીફ લેબર કમિશન પાસે જવાબ માગ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સિલિકોસિસથી મૃત્યુ મામલે હાઈ કોર્ટે ચીફ લેબર કમિશન ઑફિસ પાસેથી જવાબ માગ્યો હતો. પથ્થર તોડવાના કામ કરતા ૧૯ મજૂરનાં મોત નિપજ્યા હતા, ત્યારે ૧૯ વિધવાઓએ હાઈ કોર્ટમાં અરજી કરી હતી.

હાઈ કોર્ટમાં પીપલ્સ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ સેન્ટર ટ્રસ્ટ અને ૧૯ વિધવા મહિલાઓ દ્વારા અરજી કરવામાં આવી હતી. અરજદાર સંસ્થા અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે કામ કરે છે. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ આ કેસની સુનાવણી કરવામાં આવી હતી. તેમાં ૧૯ અરજદાર મહિલાઓના પતિ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા હતા. વર્ષ ૨૦૦૮ થી ૨૦૨૧ દરમિયાન સિલિકોસિસથી ૧૯ મહિલાઓનાં પતિના મૃત્યુ થયા હતા. ગુજરાત સરકારના ૨૦૧૫ના ઠરાવ મુજબ મૃતકના પરિવારજનોને એક-એક લાખ રૂપિયાની સહાય કરવામાં આવી હતી. ત્યારે સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ ત્રણ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનું હોય છે. ત્રણ લાખનું વળતર મેળવવા માટે પરિવારજનોએ ૯૦ દિવસમાં અરજી કરવાની હોય છે. આ માટે અરજદારોએ ઓથોરિટી સમક્ષ અરજી કરી હતી. પરંતુ અમૂક અરજદારોને રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૫ના પરિપત્ર મુજબ એક લાખ રૂપિયાનું વળતર જ મંજૂર કર્યું હતું.

સુપ્રીમ કોર્ટના આદેશથી અરજદાર મહિલાઓએ પોતાના પતિઓને પથ્થર ક્રશિંગ ફેક્ટરીમાં કામ કરતા સિલિકા ડસ્ટ શ્વાસમાં જવાથી ફેફસામાં સિલિકોસિસ થયો હતો. આ અરજદારો આદિજાતિના હતા, તેઓ ગુજરાત આવીને પથ્થરની ફેક્ટરીમાં કામ કરીને પરત મધ્ય પ્રદેશ ફરતા તેમનું સિલિકોસિસથી મૃત્યુ થયું હતું. આમાં ૨૩૮ લોકોનો સમાવેશ થાય છે. નેશનલ હ્યુમન રાઈટ કમિશન મુજબ સિલિકોસિસથી મૃત્યુ પામનારા પરિવારને ત્રણ લાખ રૂપિયાનું વળતર અને પુનઃવસન અંગે કામ કરવાનું હોય છે. હાઈ કોર્ટે સુપ્રીમ કોર્ટના આદેશ ઉપર ચીફ લેબર કમિશનને જવાબ આપવા હુકમ કર્યો હતો. ■

# સુરતમાંથી ધોરણ ૧૦ પાસ બે બોગસ ડૉક્ટરો ઝડપાયા: ૧૦ વર્ષથી પ્રેક્ટિસ કરતા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના પૂણા વિસ્તારમાંથી બે બોગસ ડૉક્ટરોને ઝોન-૧ એલસીબીની ટીમે ઝડપી પાડ્યા હતા. આ બંને ડૉક્ટરો માત્ર ધોરણ ૧૦ પાસ જ હતા. તેમની પાસે કોઈ પણ પ્રકારની ડૉક્ટરી ડિગ્રી ન હતી.

સુરતની ઝોન-૧ની એલસીબી પોલીસ ટીમે બે બોગસ ડૉક્ટરોનો પર્દાફાશ કર્યો હતો. આ ડૉક્ટરો કોઈ પણ પ્રકારની તબીબી સેવા વિશે જાણતા ન હતા. તેમની પાસે કોઈ પણ પ્રકારની તબીબી ડિગ્રી પણ ન હતી. તેઓ માત્ર ધોરણ ૧૦ પાસ જ હતા. આસપાસના વિસ્તારમાંથી પોલીસને બાતમી મળતા તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ આ બંને ડૉક્ટરો ડિગ્રી વગર જ દર્દીઓની સારવાર કરતા હતા. આ સિવાય તેમની પાસે ફેક સર્ટિફિકેટના આધારે પ્રેક્ટિસ કરતા હતા. પોલીસ અને હેલ્થ ડિપાર્ટમેન્ટે સાથે મળીને રેડ પાડી હતી. તેઓ પાસે ડૉક્ટરી પ્રેક્ટિસ કરવા માટે કોઈ પણ પ્રકારનું લાઈસન્સ પણ ન હતું. તેમની પાસેથી અલગ-અલગ કંપનીઓની દવાઓ અને રોકડ સહિત કુલ રૂપિયા ૩૮૧૯૬ મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો. તેઓ ૧૦-૧૨ વર્ષથી પ્રેક્ટિસ કરી રહ્યા હતા. આ બંને બોગસ ડૉક્ટરો પૈકી એક પ્રશાંત પ્રોમથનભાઈ માલકર જે મૂળ પશ્ચિમ બંગાળનો અને બીજો આરોપી તેજબહાદુર મિર્જારામભાઈ નિશાદ ઉત્તર પ્રદેશનો વતની હતો. તે બંને બોગસ ડૉક્ટરોમાંથી એક પૂણા ઉમરવાડા આશાનગર ઝૂંપડપટ્ટી અને બીજો રાજીવનગર ઝૂંપડપટ્ટીમાં દર્દીઓની સારવાર કરતા હતા. હાલમાં આ બંને આરોપીઓ સામે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર બંને આરોપીઓ દર્દીઓ પાસેથી ૫૦ થી ૧૦૦ રૂપિયાની ફી વસૂલતા હતા. આ સિવાય બેઝીક સર્જરી કીટ પણ મળી આવી હતી. ■

# અરવલ્લી જિલ્લાના ધંધાસણ ગામમાં વીજળી પડતા બે યુવાનોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં સોમવારે રાત્રે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. અરવલ્લી જિલ્લામાં કમોસમી વરસાદ પડતા અનેક જગ્યાએ વીજળી પડ્યાની ઘટના પણ સામે આવી હતી.

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ધંધાસણ ગામે વીજળી પડી હતી. તેમાં બે યુવાનોનાં કરુણ મોત નિપજ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર ધંધાસણ ગામમાં પંચાયતની બાજુમાં બે યુવાનો ઊભા હતા. તે દરમિયાન અચાનક વીજળી પડી હતી. કમોસમી વરસાદ વરસતા ભારે પવન અને વીજળીના કડાકાભડાકા સાથે મોટાભાગના વિસ્તારોમાં માઠી અસર જોવા મળી હતી. વીજળી પડતા બંને યુવાનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.

આ સમગ્ર ઘટનાની સ્થાનિકો દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. આ બંને યુવાનોના મોતથી ગામમાં શોકની લાગણી જોવા મળી હતી.

પોલીસે બંને યુવાનોના મૃતદેહની કાયદેસરની કાર્યવાહી કરી પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ■

# ધોરાજીમાં ગમખ્વાર અકસ્માત: ચાર લોકોનાં મોત, બેની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લામાં વધુ એક હિટ એન્ડ રનની ઘટના બની હતી. ગતરોજ ગોંડલ રોડ પર કોરાટ ચોક નજીક ટ્રકચાલકે બે ટુ-વ્હીલરને અડફેટે લેતા સાસુ અને વહુનાં મોત નીપજ્યાં હતાં. આ દરમિયાન ધોરાજીના સુપેડી ગામ નજીક ગંભીર અકસ્માત સર્જાતા ચાર લોકોનાં કમકમાટીભર્યા મોત નિપજ્યાં હતાં. જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માત મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ રાજકોટ જિલ્લાનાં ધોરાજીથી સુપેડી ગામ જવાના રસ્તેથી પસાર થતી કાર પસાર થતી હતી. જેમાં છ વ્યક્તિ સવાર હતા અને કોઈ કારણથી કાચ અચાનક ધડાકાભેર એક ઝાડ સાથે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ડ્રાઈવર સહિત અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે ચાર વ્યક્તિઓનાં ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યા મોત નિપજ્યાં હતાં. અકસ્માતને પગલે સ્થાનિકો ભેગા થઈ ગયા હતા અને પોલીસને ઘટનાની જાણ કરી હતી. અકસ્માતના બનાવની માહિતી મળતા જ ધોરાજી પોલીસ તંત્ર અને એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં કારચાલકે કાર પરથી કાબૂ ગુમાવતા અકસ્માત બન્યો હોવાનું બહાર આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યભરમાં અનેક સ્થાનો પર વાવાઝોડાએ તબાહી મચાવી હતી. માર્ગો પર ધૂળની ડમરીઓ ઊડતા વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડયો હતો. સંભવત્ જોરદાર પવનના કારણે કારચાલકે કાબૂ ગુમાવતા કાર ઝાડ સાથે અથડાઈ હોવાનું પોલીસનું માનવું છે. પોલીસ અકસ્માતના સ્થાન પર પહોંચી બે ઇજાગ્રસ્તને ગંભીર હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતા, જ્યારે મૃત્યુ પામેલા ચાર વ્યક્તિના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ધોરાજી સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ■

# અમદાવાદમાં વક્ફ બોર્ડના ટ્રસ્ટીના નામે કરોડોની છેતરપિંડી કરનાર સલીમને ઘરે ઈડીના દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં વક્ફ બોર્ડના ટ્રસ્ટીના નામે કરોડો રૂપિયાની છેતરપિંડીના કેસમાં સલીમ ખાન પઠાણ સહિત પાંચ જેટલા લોકો સામે ફરિયાદ થઈ હતી. જે મામલામાં સલીમ ખાન પઠાણના ઘર સહિત આઠ જગ્યાએ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. થોડા સમય પહેલા બે ફરિયાદ નોંધાઈ હતી. જેના આધારે પાંચ લોકોની ધરપકડ કરી હતી. અમદાવાદ જમાલપુરમાં આવેલી કાચની મસ્જિદ પાસે આવેલા વક્ફ બોર્ડની જગ્યામાં ખોટા બોર્ડના ટ્રસ્ટી બની ભાડું ઉઘરાવતા સલીમ ખાન જુમ્મા ખાન પઠાણ, મહમદ યાસર શેખ, મેહમુદખાન પઠાણ, ફેઝ મોહમદ ચોબદાર, સાહીદ શેખ વિરુદ્ધ ફરિયાદ નોંધી પાંચેય આરોપીની ધરપકડ કરી હતી. આરોપીઓએ કરોડો રૂપિયાની જમીન પર કબજો કરી ભાડું વસૂલ્યું હોવાનું બહાર આવ્યું હતું.

વકફ બોર્ડે કોર્પોરેશનને આપેલી સ્કૂલની જગ્યા ઉપર આરોપીઓએ ગેરકાયદેસર કોમ્પલેક્ષ બનાવી દીધું હતું.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ૬ મેના રોજ વહેલી સવારથી અમદાવાદના જમાલપુર વિસ્તારમાં સૌદાગર બિલ્ડર્સ નામે કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરનારા એવા ગુનેગાર સલીમ જુમ્માખાન પઠાણનાં અલગ-અલગ સ્થળો પર ઇડી દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જમાલપુર કાચની મસ્જિદ, સના ૭ બિલ્ડિંગ, ખેડા ખાતેના ફાર્મહાઉસ સહિત અલગ-અલગ જગ્યાએ સર્ચ-ઓપરેશન કરવામાં આવ્યું હતું. સલીમ જુમ્માખાન પઠાણ દ્વારા વક્ફ બોર્ડની જમીન પર કોર્પોરેશનને ભાડે આપેલી જગ્યામાં ગેરકાયદે દબાણ કરી દેવામાં આવ્યું હતું. કરોડો રૂપિયાની મિલકતો અને પૈસા પડાવી લેવામાં આવ્યા હતા, જેના પગલે આ દરોડા પાડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, સલીમ ખાન વકફ બોર્ડનો ટ્રસ્ટી ન હોવા છતાં વકફ બોર્ડ ની મિલકતમાં રહેતા ભાડુઆત પાસેથી ભાડું વસૂલતા હતા. વકફ બોર્ડે અમદાવાદ મહાનગરપાલિકાને સ્કૂલ ચલાવવા માટે ભાડાપટ્ટે જગ્યા આપી હતી જ્યાં મનપાની ઉર્દૂશાળા ચાલતી હતી. વર્ષ ૨૦૦૨ના ભૂકંપમાં શાળા જર્જરિત થતા બંધ કરાઈ હતી, જે જગ્યા ઉપર પર શાળા તોડી સલીમખાને કોમ્પ્લેક્ષ ઊભું કર્યું હતું. સલીમ ખાન અને આરોપીઓ વકફ બોર્ડના ખોટા દસ્તાવેજ બનાવી ટ્રસ્ટી બન્યા હતા અને ૧૦૦ કરોડની જગ્યા પર બનેલા ૧૫૦ થી વધુ મકનના ભાડુઆત પાસેથી ભાડું વસૂલતા હતો. સલીમ ખાન અને તેની ટોળકી એક મકાનનું રૂ ૨ હજારથી લઇ ૮ હજાર રૂપિયાનું ભાડું વસૂલતા હતા, તેમણે સ્કૂલની જગ્યાએ દુકાનો બનાવી હતી તેનું ભાડું રૂ ૧૦ હજાર વસૂલતો હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. ■

## ૪. ધાર્મીક સંબંધી


સમસ્ત જૈન સંઘ અંતર્ગત
**શ્રી શંખેશ્વર મહાતીર્થ મધ્યે**
**અમુલ્ય મહાલાભ મેળવવાની સોનેરી તક**
52 જિનાલયમાં પ્રભુજી ભરાવવા-પ્રતિષ્ઠા અને કાયમી ધજાના આદેશો નકરાથી આપવાના છે.
વાત્સલ્યધામ
73834 67711, 73834 67722
73834 67733, 72839 91199
(બી-૧૫૮૮૪)


## ૯. લગ્ન સંબંધી

**50થી ઉપરની**
વયની મહિલાઓ જામનગરના વેલસેટ ઉદ્યોગપતિ જોડે જીવનસાથી માટે સંપર્ક. ''બસેરા'' - 8591902845. (દહેજ નહીં). (બી-૧૫૯૧૫)

■ મુંબઈની જૈન કન્યા 1991 Professionally રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૯૨૮)

■ સુંદર ગરીબ કન્યા - ઉંમર - 27 ઊંચાઈ 5'.3" શિક્ષણ 12મી કપડાંની દુકાનમાં કામ કરે છે. પગાર - 10,000/- માતા પિતા નથી, દાદા-દાદી સાથે રહે છે, નિર્વ્યસની, સમજુ છોકરો જોઈએ, જાતિ-શિક્ષણ બાધ નથી (તરત લગ્ન) 8983174198. (દહેજ નહીં). (બી-૧૫૯૪૭)

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૮૮૪-એ)

■ જામનગરવાળા Sutaria's નવા મસાલા-અથાણા ઓર્ડર બુકીંગ માટે 8200644970/ 9426239355. (બી-૧૫૭૭૨)

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૫૯૪૫)

## ૧૨. યાત્રા સહેલગાહ

**કાર ભાડેથી મળશે**
**નવી જ ક્રિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

**શ્રી યમુના**
ગંગોત્રી - યમનોત્રી - કેદારનાથ - બદ્રીનાથ - વૈષ્ણવદેવી- કાશ્મીર - વ્રજયાત્રા - મહારાષ્ટ્રના જ્યોતિર્લિંગ - હૈદરાબાદ. 9892377559. (૧૫૩૪૩-ડી)

**CAR RENTAL**
Toyato Rumiun 7 Seater Tempotraveller Innova Crysta Local Outstation 9820059446. (272)

## ૧૪. નોકરી ખાલી છે

**ઘેરબેઠાં કમાણી**
સહેલાઈથી તાત્કાલિક અઢળક રકમ મેળવવા રૂબરૂ સંપર્ક - 9326554121. (બી-૧૫૮૯૩)

■ જોઈએ છે ઈલેક્ટ્રિશીયન્સ વાયરમેનો હેલ્પરો સંપર્ક. જી. પી. વાડિયા ઈલેક્ટ્રિકમેન ફોન - ૯૮૨૧૧૧૬૮૪૭. elektrikman@hotmail.com (૨૬૯)

**ચેમ્બુર સ્વસ્તિક પાર્કમાં**
ઘરકામ માટે કામવાળી જોઈએ છે - 9082084059/ 9594819965. (૧૫૮૯૧-એ)

■ **૨૦ થી ૪૦ વર્ષની ઉંમરની મહિલા ઉમેદવાર ૮૦ વર્ષના બા સાથે રહેવા અને તેમની સંભાળ રાખવા માટે ૨૪ કલાક માટે. સંપર્ક: 9920098057. (બી-૧૫૯૪૪)**

**WANTED**
A Young Female Office Assistant cum Computer Savy Typist who can take dictation, preferably knowing shorthand for a Legal Firm situated at Pantnagar, Ghatkopar (E). Candidates on Part-time basis may also be considered. Apply with Biodata to: smartkrupa88@gmail.com (SK/2321-A)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૪. નોકરી ખાલી છે

**"WANTED COMPUTER OPERATOR"**
**Cum "Office Assistant" for "Law Firm" at "Sion". WhatsApp Resume: 98210 54415. (SDB-2589)**

## ૧૭. જગ્યા આપવી છે

**''વિલેપાર્લામાં..''**
૧થી ૫ બેડરૂમનાં ફ્લેટો, ડુપ્લેક્ષ, પેન્ટહાઉસ, ઓફિસ, દુકાનો તૈયારમાં / બંધાતામાં લેવા / વેચવા / ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૫૮૯૫)

**કાંદિવલી (વેસ્ટ)**
**0% સ્ટેમ્પડ્યુટી, ફુલ CC સાથે, આલોક@ દહાણુકરવાડી, નવું ટાવર, 1 બેડરૂમ 1.08 કરોડ +, 2 બેડરૂમ 1.60 કરોડ +, સીલીંગ હાઈટ 10.25 ફૂટ, યોગેશ મહેતા 9322287656. (જેપી-૪૯૯૦-એ)**

**બોરીવલી (પૂર્વ) ઑબેરૉયની બાજુમાં**
**સ્ટેશન, હાઈવેથી નજીક, 3 બેડરૂમ, 1050' બાલ્કની, પાર્કીંગ, ગેસ્ટ પાર્કીંગ, (સુંદર સોસાયટી સારો પાડોશ) વેંચાણથી આપવાનો. (3 કરોડ નેગોશિયેબલ) 9820177738. (૧૫૮૮૯-એ)**

**''ફ્રી...''**
**''શ્રીજી'' - 2 બેડ- 724' કાર્પેટ, ફક્ત 3.99 બધું મળીને + 51 ગ્રામ ગોલ્ડ+ રોલેક્સ ઘડિયાળ કપલ માટે. રેડીમાં લેવા : 9322792882. (૧૫૮૬૭-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રાઈમ લોકેશન, ગારોડિયા નગર, 3 બેડરૂમ, હોલ, કિચન - 960' કારપેટ, સેમીફર્નિશ્ડ, 2.95 Cr, 3 બેડરૂમ, હોલ, કિચન - 1060' કારપેટ, 3.30 Cr, 2 બેડરૂમ, હોલ, કિચન - 810' કારપેટ, 2.60 Cr, 4 બેડરૂમ, હોલ, કિચન- 1225' કારપેટ, 3.71 Cr, 1 બેડરૂમ, હોલ, કિચન - 475' કારપેટ, 1.45 Cr, પાર્કિંગ સાથે. Home-Alone Property - જુગ્નું શાહ - 9833352224. (૧૫૮૮૬-એ)**

**ઓકશન માં પ્રોપ્રટી**
**પ્રાર્થના સમાજ માં 1 BHK**
**માત્ર 1.5 cr? વિશ્વાસ નથી થતો?**
આ સુંદર, હવાદાર અને પ્રકાશથી ભરપુર 520' નો ફ્લેટ સાઈલેન્ટ ઓકશન દ્વારા વેચાય છે.
ફર્નિશ્ડ બિલ્ડીંગ, લીફ્ટ સાથે, હરકીસનદાસ હોસ્પિટલથી વોકીંગ ડિસ્ટન્સ.
ઓકશન રવીવારે સાંજે ૬ વાગે બંધ થશે.
સાઇટ વીઝીટ એપોઈન્ટથી જ થશે.
રજીસ્ટર કરો:
https://bit.ly/auctionproperty99
*નિયમો લાગુ:
ઓકશન સ્કવેર ફીટ રિયલ્ટી કન્સલ્ટન્ટસ્ દ્વારા.
**9820855056 / 9821036552**
(૧૫૮૯૩-બી)

**પાર્લા વેસ્ટ**
સ્ટેશન દેરાસર 4 બેડ, 1300 કારપેટ અર્જન્ટ સેલ અમિત 7045622403. (બી-૧૫૯૧૨)

**વિલેપાર્લે વેસ્ટમાં**
મોડર્ન એમેનીટીઝ, ૨, ૩ અને ૪ BHK, ૧૫ માળાના ટાવરમાં એસ. વી. રોડ, વિલેપાર્લે (વેસ્ટ), શગુન રેસીડેન્સી. ૯૩૨૦૨૯૩૮૪૦. (બી-૧૫૯૦૯)

**બાંદ્રા/ખાર/સાન્તાક્રુઝ**
(વેસ્ટ/ ઈસ્ટ) ૧-૨-૩-૪ બેડરૂમના ફ્લેટો તેમજ દુકાનો, ઓફિસો- ઓનરશીપ/ લીઝથી લેવા- વેચવા ''પ્રદીપભાઈ'' 9820086313. (બી-૧૫૯૧૪)

**કાંદિવલી (વેસ્ટ)**
શાંતિલાલ મોદી રોડ 2 બેડરૂમ 616' કારપેટ, 1.89 Package નવું ટાવર, રેડી પજેશન, OC સાથે નિયર હવેલી દેરાસર. સંપર્ક ધ્રુવ રૂઘાણી 7718024133. (જેપી/ ૪૯૮૮-સી)

**જુહુ બંગલો**
વેચાણથી. ગ્રાઉન્ડ + બે માળ, પાંચ બેડરૂમ, બે કાર પાર્કિંગ અંદાજે 3000' સ્કે. ફીટ. કારપેટ. સંપર્ક: માલિક: 9619910170 / 9833766747. (૧૫૮૬૯-એ)

**''ચારકોપ - કાંદિવલીમાં, બોરીવલીમાં..''**
૨૫/ ૩૦/ ૪૦ મીટરનાં રોહાઉસ, ૬૦થી ૧૨૫ મીટરનાં બંગલાઓ, ૧થી ૫ બેડરૂમનાં ફ્લેટો, દુકાનો, ઓફિસો, ગોડાઉન તૈયારમાં/ બંધાતામાં લેવા વેચવા / ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૫૮૯૪)

**કાંદિવલી પોઈસરમાં**
**મેન રોડ ટચ, સ્વતંત્ર બિલ્ડિંગ, ગ્રાઉન્ડ + પહેલો માળ વેચાણથી આપવાનો. (કમર્શિયલ શક્ય). (ઓનર): 9821163601. (૧૫૮૬૨-એ)**

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરીયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કિચન. સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૮૮૧)

**જુહુસ્કીમમાં-પાર્લામાં-અંધેરીમાં**
લીવલાયસંસથી-વેચાતામાં, સ્ટુડન્ટો, ફેમીલી માટે ૧ થી ૪ બેડરૂમોના ફ્લેટો લેવા. રાજેશભાઈ: ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૫૭૭૪-ડી)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016-9082933313. (૧૫૭૨૭-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (વેસ્ટ)**
3-4 બેડ, અંડર કન્સ્ટ્રકશન, સ્ટેશન, દેરાસર, સંન્યાસ આશ્રમ નજીક, જીમ, સ્વીમીંગ પુલ, બેંકવેટ હોલ, અન્ય ઘણી એમેનીટીઝ. Call : Jigar - 9820511575. (૧૫૮૭૭-એચ)

**અંધેરી (વેસ્ટ)**
2-3-4 બેડ અંડર કંન્સ્ટ્રકશન, SV રોડ, Shopper Stopની સામે, સ્ટેશન, દેરાસર નજીક, બધીજ એમેનીટીઝ - જીમ, સ્વીમીંગ પુલ, સલોન અને સ્પા, બેંક્વેટ હોલ, મલ્ટી પર્પસ કોર્ટ. Call : Jigar - 9820511575. (૧૫૮૭૭-એફ)

**જુહુસ્કીમ**
3-4 બેડ, 1200-1500-1700-3300-3500 કાર્પેટ, રેડી પઝેશન, અંડર કન્સ્ટ્રકશન, બધીજ એમેનીટીઝ સાથે. Call : Jigar - 9820511575. (૧૫૮૭૭-જી)

**મલાડ (વેસ્ટ)**
શ્રી દિશા દર્શન નવા ટાવરમાં 1 બેડરૂમ 1.15+ 2 બેડરૂમ 1.77+ જૈન દેરાસર 1 મિનિટ પઝેશન ટૂંકમાં નડિયાદવાળા કોલોની નંબર 2 સાઈટ - 7977031254. (જેપી-૪૯૮૪-એ)

**સાઉથ મુંબઈની પ્રાઈમ પ્રોપર્ટી**
**કાર્માઈકલ રોડ,** 3 BHK, 1350' +150 ટેરેસ, પાર્કિંગ
**ચોપાટી,** (ભાડાની), સીવ્યુ, 3 BHK, 1800', 1 પાર્કિંગ
**કફ પરેડ,** પ્રેસિડેન્ટ હોટેલ પાસે, 3 BHK, 1342', 1 પાર્કિંગ,
**સ્લેટર રોડ,** ગ્રાન્ટ રોડ વેસ્ટ, 1100 કાર્પેટ, 2 BHK, રોડ પાર્કિંગ
**અલ્ટામાઉન્ટ રોડ,** 2 BHK, 1100', 1 મોટું પાર્કિંગ
**સુખ સાગર,** ધરમ પેલેસ પાસે, 2 BHK, 780 કાર્પેટ, રોડ પાર્કિંગ
**લોઢા બેલેસિમો,** 4 BHK, 2500 કાર્પેટ, 3 પાર્કિંગ
**બ્રીચ કેન્ડી,** શ્યામ નિવાસ, 3 BHK, 1300', 1 પાર્કિંગ
**તારદેવ,** 580', 2 BHK, લિફ્ટ નથી, 2જે માળે 1 કાર અને સ્કૂટર પાર્કિંગ
**ગ્રાન્ટ રોડ (W),** 500 કાર્પેટ, 1 BHK, 1 પાર્કિંગ
સંપર્ક: ઠક્કર રિયાલીટી-રાજેશ ઠક્કર: 9820157738
(બી-૧૫૯૫૦)

**બોરીવલી (ઈસ્ટ)**
**દૌલત નગરમાં 2 BHK રેડી પઝેશન ફ્લેટ, પ્રાઈમ લોકેશન, જૈન દેરાસર પાસે, ૧ કાર પાર્કિંગ - OC સાથે. સંપર્ક: 7977922699. (૧૫૮૯૭-એ)**

**''રામવાડી - કાલબાદેવી''**
**''આદિત્ય પર્લ'', 1 BHK, 400' 2 વોશરૂમ્સ, હાયર ફ્લોર. ''નિમેષ સોની'': 9619927603. (૧૫૮૯૦-એ)**

**''સી. પી. ટેન્ક, મોરારબાગ''**
**''શ્રીપતિ જ્વેલ'', 400, 1 BHK, 2 વોશરૂમ્સ, હાયર ફ્લોર. ''નિમેષ સોની'': 9619927603. (૧૫૮૯૦-સી)**

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા ''પંકજ નરેન્દ્રભાઈ વોરો''૯૩૨૧૧૦૩૨૪૯. (૧૫૮૯૪-એ)

**બોરીવલી (વેસ્ટ) જાંબલી ગલ્લી**
**દેરાસર - મંદિર નજીક, 3 બેડરૂમ, 977' કાર્પેટ, બીજે માળે, વેંચવાનો. (ઓનર): 9892154644. (૧૫૮૯૫-એ)**

**ગામદેવી**
શિવતાપી સોસાયટી 2+2 બેડરૂમ જોડી, ઈજી કન્વર્ટ 5 BHK 1780' કાર્પેટ, ૨ પાર્કિંગ, ૧૨ કરોડ, સંપર્ક: 8356935434. (બી-૧૫૯૪૯)

**વાલ્કેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાયસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૫૯૨)

**અંધેરી**
**S. V. Road - સ્ટેશન - હાઈવે નજીક Flats - Offices વેચાતા - લીઝથી લેવા - આપવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૨૫૯૩)**

**મલાડ**
**આલીશાન ૪ બેડરૂમ ફર્નિશ્ડ અપર ગોવિંદનગર વેચાણથી લેવા. હાયર બજેટ - દિનેશ - 9320202779. (એસડીબી-૨૫૯૧)**

**મલાડ (વેસ્ટ)**
**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમના ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા - ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૨૫૯૦)**

**વી. પી. રોડ**
પોસ્ટ ઓફિસ પાસે, ફર્નિશ્ડ ૨ બેડરૂમ ૧૨૦૦' કાર્પેટ, લીવ લાયસન્સથી / તારદેવ ભાટીયા હોસ્પિટલ સામે, કૈલાશ નગરમાં, ફર્નિશ્ડ ૨.૫ બેડરૂમ લીવલાયસન્સથી, રેડી કબજો. 9820034317. (બી-૧૫૯૪૮)

**JODI FLATS**
બોરીવલી વેસ્ટ વૃંદાવન કોમ્પ્લેક્સ વિજય સેલ્સની પાછળ 2 બેડરૂમ + 2 બેડરૂમની જોડી, 1400' કારપેટ 4 બેડરૂમની Jodi, 1st Floor, ફુલ્લી ફર્નિશ ટાવરમાં, એકજ નજરે ગમી જાય તેવો, 4.25 કરોડ નીગોશિયેબલ. ભરતભાઈ - 9821061741 / 9619191741. (જેપી/૪૯૯૧-બી)

**3 બેડરૂમ**
બથિયા બિલ્ડિંગ 2, વિજય સેલ્સ પાછળ બોરીવલી (વેસ્ટ) 2.65 કરોડ નવું બિલ્ડિંગ, સુમેર નગર દેરાસર પાસે, હિમાલય સ્કૂલની બાજુમાં, રેડી લેવા ભરતભાઈ - 9821061741 / 9619191741. (જેપી/ ૪૯૯૧-એ)

**RIDGE ROAD**
Full floor 3+3 BHK Jodi, 4350 Cp 26 Cr. nego. with Parking. Single Flat available 9892710071 / 9619048555. (15892-A)

## ૧૭. જગ્યા આપવી છે

**BYCULLA, LUXURY 3 BED**
**1550 Carpet, Rani Baug Views Genuine Seller, Pool, Club, Gym Beautiful Interiors 7.95 Cr. +91 86559 29524. (B-15911)**

**PEDDER ROAD**
2 BHK 900 sqft, Fully Furnished Higher Floor, 1 Parking, 1.60 Lac nego. Sea view - 9892710071 / 9619048555. (B-15916)

**(NAPEANSEA ROAD)**
**3 BHK Walkin Flat for Rent Fully Furnished at Dariya Mahal Vegetarians Only Whatsup: 7021831500. (B-15939)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ભિવંડી - વાડા રોડ**
ભાડે / લીઝ માટે તૈયાર ફેક્ટરી - કોઈપણ પ્રકારના મેન્યુફેક્ચરીંગ માટે યોગ્ય, શેડ વિસ્તાર: અંદાજે 18,000 ચોરસ ફૂટ, ઊંચાઈ: 35 ફૂટ, ત્રણ બાજુ ખુલ્લુ 20,000 ચોરસ ફૂટ કમ્પાઉન્ડ, ક્રેન સુવિધા ઉપલબ્ધ, વિજળી, પાણી, લેબર ક્વાર્ટર, મેનેજર રૂમ, ટોઈલેટ / બાથરૂમ, ફેક્ટરી ઓફિસ - બધી સુવિધાઓ તૈયાર. સંપર્ક: વિવેક - 9820097060. (૧૫૩૪૩-સી)

**મલાડ (ઈસ્ટ)**
રેડી ઓફિસ - કોમર્શિયલ ગાળા, 200' થી 400' કારપેટ, 14' હાઈટ, @ 25000/- કારપેટના ભાવે, દફતરી રોડ, જોડી ઉપલબ્ધ, 9867618111 - 9833477510 - 9224766381. (જેપી/૪૯૮૮-એ)

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**
**કૈલાસ પ્લાઝામાં ૧૬૫' ફુલ્લી ફર્નિશ્ડ ઓફિસ ભાડેથી / વેચાણથી લેવા ઓનર - ૯૩૨૨૭૪૪૮૮૩. (બી-૧૫૮૮૬)**

**ઝવેરી બજાર, મુંબઈ**
**120' કારપેટની ઓફિસ, વેચવાની. 62/ 64, ધનજી સ્ટ્રીટ, ગોવિંદ નિવાસ, 6/સી, પહેલે માળે, સંપર્ક:- 9820003934. (૧૫૮૯૬-ડી)**

**MALAD WEST**
**Office Available for Rent Area: 1700 Sq. Ft. Including Mezzanine. Fully Furnished with 32 Workstations + 1 MD / 5 Manager's Cabin, Pantry, 2 Toilets, CCTV, 1 Car Park. Call: 9819814477. (B-15904)**

**LOWER PAREL**
1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2588)

**VILE PARLE**
Rental Sale Office Premises 200/650 Courier Distributor Classes Furnished. 9820059446. (271)

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**
''દાંડિયા'', ''સંગીત સંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'':- 9820889938. (૧૫૮૫૮/એ)

## ૨૭. ઔષધ ઉપચાર

**કોઢ-સોરાયસીસ**
ખરજવું- ચામડીની એલર્જી-વેરીકોઝ વેઈન્સ, અલ્સર, સંધિવાનીજળો, આયુર્વેદથી સફળ સારવાર, સૌરાષ્ટ્રના ૩૫ વર્ષના અનુભવી, વૈદ્ય ગોસ્વામી બોરીવલીમાં - ૯૮૯૨૧૮૮૦૯૦. (બી-૧૫૯૨૬)

## ૩૧. નાણાંકીય

**FUNDING / LOAN**
Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15808-A)

## ૩૨. જમીન-મિલકત

**ઉમરગાંવ (ઈસ્ટ)**
20 એકર જમીન વેચાણથી, બંગલા સ્કીમ, હાઉસિંગ અથવા ફાર્મહાઉસ માટે યોગ્ય 20 એકર જમીન. મુખ્ય રસ્તાથી માત્ર 1.5 કિ.મી. અંતરે - ઉમરગાંવ (ઈસ્ટ), ગુજરાત. માત્ર રસ ધરાવતા ડેવલપર અથવા વપરાશકર્તાઓ જ સંપર્ક કરે: અશોક શાહ - ૯૮૨૧૦૩૬૫૫૨. (૧૫૮૯૩-એ)

■ પાર્લા વેસ્ટ બજાજ રોડ 2 બેડ, 1020 કારપેટ, જૂની જાણીતી સોસાયટી, સેલ 9821519388. (બી-૧૫૯૪૩)



**સ્વદેશાગમન:** બાંગ્લાદેશનાં ભૂતપૂર્વ વડાં પ્રધાન ખાલેદા ઝિયા લંડનથી ઢાકા ખાતે પાછા ફર્યાં ત્યારે તેમને આવકારવા ભેગા થયેલા તેમના પક્ષના કાર્યકરો. (એપી/ પીટીઆઈ)

# બાંગ્લાદેશનાં પૂર્વ વડાં પ્રધાન ખાલિદા ઝિયાની વતન વાપસી: લંડનમાં કરાવી રહ્યાં હતાં સારવાર

ઢાકા: બાંગ્લાદેશનાં ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયા લંડનમાં ચાર મહિના સુધી સારવાર લીધા બાદ મંગળવારે વતન પરત ફર્યા હતા. મીડિયા રિપોર્ટ્સમાં આ માહિતી મળી હતી. જિઝા ૮ જાન્યુઆરીએ સારી મેડિકલ સારવાર માટે લંડન ગયા હતા અને તેમને 'લંડન ક્લિનિક'માં દાખલ કરવામાં આવ્યા હતા. ક્લિનિકમાંથી રજા મળ્યા પછી બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી) ના વડા તેમના મોટા પુત્ર તારિક રહેમાનના ઘરે ગયા હતા.

બીડીન્યૂઝ૨૪ના અહેવાલ મુજબ, કતારના અમીર દ્વારા મોકલવામાં આવેલી એર એમ્બ્યુલન્સ સવારે લગભગ સાડા ૧૦ વાગ્યે ખાલિદા અને તેમની બે પુત્રવધૂઓ તારિક રહેમાનની પત્ની ઝુબૈદા રહેમાન અને સ્વર્ગસ્થ અરાફત રહેમાન કોકોની પત્ની સઇદા શર્મિલા રહેમાનને લઈને ઢાકા પહોંચી હતી.

એર એમ્બ્યુલન્સ લંડનના હીથ્રો એરપોર્ટથી સ્થાનિક સમય મુજબ સાંજે ૪:૨૦ વાગ્યે રવાના થઇ હતી. ખાલિદાના અંગત ડૉક્ટર પ્રોફેસર એઝેડએમ ઝાહિદ હુસૈનના જણાવ્યા અનુસાર, તારિક તેની માતા સાથે એરપોર્ટ પર ગયા અને તેમને વિદાય આપી હતી.

બાંગ્લાદેશનાં ત્રણ વખત વડા પ્રધાન રહી ચૂકેલા ૭૯ વર્ષીય ખાલિદા લાંબા સમયથી લીવર સિરોસિસ, કિડની રોગ, હૃદય રોગ, ડાયાબિટીસ અને સંધિવાથી પીડાઈ રહ્યા છે. ■

## ૩૨. જમીન-મિલકત

FREEHOLD AGRI LAND available in Prime Locations with Developments around Nr. Nashik as investment. Ph: 9890443322. (B-15885)

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૭૮૪)

**SARTHAK BIRD NET**
કબુતર જાળી
ચૂહા જાળી
ઈનવીઝીબલ ગ્રીલ
નાયલોન સેફટી નેટ
3 વર્ષની વોરંટી
Jitu
**93214 74132**
(બી-૧૫૯૦૫)

**''કેસર કૈરી''**
વલસાડની પ્રખ્યાત (વર્લ્ડ ફેમસ) ઘેર બેઠા મંગાવો 9427577771. (૧૫૮૭૪-એ)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ'' - 9820776583 / 9892298963. (૧૫૮૭૭-ડી)

**સ્ટેમ્પ ડયુટી**
**રજીસ્ટ્રેશન**
**એડજુડીકેશન**
**ઈન્ડેક્સ II**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૫૯૦૮)

**"WORK PART TIME"**
In your Flexible Hours..., (Trainings Provided), Call - Panna - 9930101968, Parin - 9820749032. (B-15812)

**"WILL - VASIYATNAMU"**
**Married Females have right in Father's Property. Make your Will.: 9594385838, 9819545656. (15867/A)**

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીનાથજી જ્યોતિષ**
**(હવેલીવાળા) પતિદુ:ખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્ની દુ:ખ, સૌતન દુ:ખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/. 9920991344, 9833390898, 28898500. (૧૫૮૭૭-એ)**

***વર્લ્ડ ફેમસ એસ્ટ્રોલોજર***
ગૃહકલેશ શત્રુબાધા લગ્નમાં રૂકાવટ લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9594577543/ 9773255055. માલાડ (વેસ્ટ). (બી-૧૫૯૧૮)

## ૪૨. કોમ્પ્યુટર્સ

**"WE PURCHASE SCRAP COMPUTERS"**
**"Old Household Furniture" A.C. etc. at "Reasonable Rate" "Contact": "Zaheeruddin" : 95947 86957. (SDBG-2584)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**હરે ક્રિષ્ના સર્વિસીસ (1997)**
ઉધઈ, વાંદા, માંકડ 100% અસરકારક, કારપેટ, ચેર, સોફાગાદી ક્લીનીંગ, ફ્લેટ, ઓફિસ ડીપક્લિનિંગ હાઉસકીપિંગ, લેબર સપ્લાય. - 9892747758/ 9702875877. (જેપી/૪૯૮૮-બી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૮૯૬-એ)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૮૩૪-સી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**શિવશક્તિ**
વોટર પ્રુફિંગ, ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ, ક્રેક ફીલિંગ, પેન્ટિંગ, પ્લાસ્ટરિંગ, બિલ્ડિંગ, રીપેરીંગ. 7208719414/ 8454847542. (૧૫૭૯૪-સી)

**વોટર પ્રુફિંગ**
**ટેરેસ, છજ્જા, પેઈન્ટિંગ, રીપેરીંગ, ક્રેક ફિલિંગ, આઉટસાઈડ વૉલ. DR. FIXIT /ASIAN PAINTS. (AUTHORISED APPLICATOR) 9987651755/ 7021765031.** (૧૫૭૯૪-ઈ)

**બિલ્ડિંગ રીપેરીંગ**
વોટર પ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ વીથ પેઈન્ટિંગ, ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ. સંપર્ક: 9987414990, 9867077530. (૧૫૮૯૬-ઈ)

**લીકેજ બંધ**
સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ, ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેઈન્ટીંગ. 9594599769. (૧૫૩૪૮/એ)

## ૪૭. હેલ્થ અને ફિટનેસ

**વજન ઘટાડો**
ફેન્સી ફૂડથી નહીં! કે નહીં દવાઓથી! ફક્ત ઘરના ભોજનથી જ. 8369042634/ PureSpoon.in (બી-૧૫૮૮૮)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૯૪૨)

# ગોધરા ટ્રેન અગ્નિકાંડ: દોષીની અપીલ સુપ્રીમ કોર્ટે ઠુકરાવી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે મંગળવારે ૨૦૦૨ ગોધરા ટ્રેનના અગ્નિકાંડના અમુક દોષીની એવી અપીલ ઠુકરાવી દીધી હતી કે બે જજની બેન્ચ અમારી અપીલ ન સાંભળી શકે. આ બાબત ૨૦૦૨ ગોધરા ટ્રેનના અગ્નિકાંડના ૧૧ આરોપીને મૃત્યુદંડ આપવા સામેની અપીલ અંગેની હોવાથી બે જજની બેન્ચ ન સાંભળી શકે એવી દલીલ દોષીઓએ કરી હતી.

બે દોષી વતી દલીલ કરતાં સિનિયર એડવોકેટ સંજય હેગડેએ ન્યાયમૂર્તિ જે. કે. મહેશ્વરી અને ન્યાયમૂર્તિ અરવિંદ કુમારની બનેલી બેન્ચને કહ્યું હતું કે લાલ કિલ્લા આતંકવાદી હુમલાના કેસમાં મોહમ્મદ આરીફ ઉર્ફે અશફાકને મૃત્યુદંડ આપવાના કેસમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે કે મૃત્યુદંડને લગતી અપીલ ત્રણ જજની બેન્ચને સાંભળવી જોઈએ.

હેગડેએ વધુમાં દલીલ કરી હતી કે ધારો કે બે જજની બેન્ચ અમુક દોષીને મૃત્યુંદંડ આપે તો એના પર ત્રણ જજની બેન્ચને આગળ ફરી દલીલ કરવી પડશે.

સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે સપ્ટેમ્બર ૨૦૧૪માં એવો ચુકાદો આપ્યો હતો કે જે કેસમાં હાઈ કોર્ટે મૃત્યુદંડ આપ્યો હોય એ બધા કેસ ત્રણ જજની બેન્ચ આગળ મૂકવા જોઈએ. (એજન્સી) ■

# પૂંચમાં બસ ખાઈમાં પડતાં એક સૈનિક સહિત ચારનાં મૃત્યુ

મેંઢર અને જમ્મુ : જમ્મુ અને કાશ્મીરના પૂંચ જિલ્લામાં મંગળવારે ખાનગી બસ રોડ પરથી સરકીને ઊંડી ખાઈમાં પડી જતાં એક સૈનિક સહિત ચાર ઉતારુ મરણ પામ્યા હતા અને બીજા ૪૪ જણ ઘાયલ થયા હતા એવી માહિતી અધિકારીઓએ આપી હતી.

આ દુર્ઘટના અંગે લેફ. ગવર્નર મનોજ સિંહા અને મુખ્ય પ્રધાન ઉમર અબદુલ્લાએ શોક વ્યક્ત કર્યો હતો.

અબદુલ્લા તેમના પ્રધાનમંડળના સાથીદાર અને મેંઢરના વિધાનસભ્ય જાવેદ અહમદ રાણાને ઘટનાસ્થળે પહોંચીને બચાવના પ્રયાસો પર નજર રાખવાનો આદેશ આપ્યો હતો.

અધિકારીઓએ કહ્યું હતું કે બસ ઘાની ગામથી મેંઢર જઈ રહી હતી. ડ્રાઈવરે બસ પરનો અંકુશ ગુમાવ્યો હતો અને બસ સરકીને ખાઈમાં પડી હતી. સ્થાનિક લોકોએ તરત જ બચાવ કાર્ય શરૂ કર્યું હતું અને એમાં પોલીસ, લશ્કર અને સીઆરપીએફના જવાનો જોડાયા હતા. (એજન્સી) ■

# ભારત-પાકિસ્તાન યુદ્ધની સંભાવના વચ્ચે સરહદી તણાવ વધવાથી બજારમાં સાવચેતીનું માનસ, શૅરબજારમાં બે દિવસની આગેકૂચને બ્રેક

મુંબઇઃ ભારત-પાકિસ્તાન યુદ્ધની સંભાવના વચ્ચે સરહદી તણાવ વધવાથી બજારમાં સાવચેતીનું માનસ સર્જાતા શેરબજારમાં બે દિવસની આગેકૂચને બ્રેક લાગ્યો હતો. મુખ્યત્વે બેંકિંગ અને ઓઇલ શેરોમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. સેન્સેક્સ ૧૫૫.૭૭ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકા ઘટીને ૮૦,૬૪૧.૦૭ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૩૧૫.૮૧ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા ઘટીને ૮૦,૪૮૧.૦૩ને અથડાયો હતો. નિફ્ટી ૮૧.૫૫ પોઈન્ટ અથવા ૦.૩૩ ટકા ઘટીને ૨૪,૩૭૯.૬૦ પર બંધ થયો હતો. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે યુએસ ફેડરલ રિઝર્વના નીતિગત નિર્ણય અને યુએસ-ચીનની વેપાર વાટાઘાટો અંગેની ચિંતાઓ પહેલાં બજારમાં અફડાતફડી અને અસ્થિરતા જોવા મળી હતી. પહલગામ આતંકવાદી હુમલા પછી ભારત-પાક વધતા તણાવને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આજે મોક ડ્રીલ યોજવાનો નિર્દેશ આપ્યો છે.

ન્યુક્લિયર પ્લાન્ટ, લશ્કરી થાણા, રિફાઇનરીઓ અને હાઇડ્રોઇલેક્ટ્રિક ડેમ જેવા સંવેદનશીલ સ્થાપનો ધરાવતા લગભગ ૩૦૦ સિવિલ ડિફેન્સ ડિસ્ટ્રીક્ટને હવાઈ હુમલાની ચેતવણીના સાયરન, પ્રતિકૂળ હુમલા માટે નાગરિકોની તાલીમ તેમ જ બંકરો અને ટ્રેન્ચની તૈયારી, મોક ડ્રીલ હેઠળ આવરી લેવામાં આવશે.

એટર્નલ, ટાટા મોટર્સ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, અદાણી પોર્ટ્સ, એનટીપીસી, ઇન્ડસઇન્ડ બેંક, બજાજ ફાઇનાન્સ, એશિયન પેઇન્ટ્સ, એક્સિસ બેંક અને સન ફાર્મા ટોપ લૂઝર્સની યાદીમાં હતાં. જ્યારે સેન્સેક્સ કંપનીઓમાં ભારતી એરટેલ, ટાટા સ્ટીલ, મહિન્દ્રા અને મહિન્દ્રા, હિન્દુસ્તાન યુનિલિવર, નેસ્લે અને મારુતિ ટોપ ગેનર્સ રહ્યા હતા.

કોર્પોરેટ હલચલમાં એથર એનર્જી તેના ઇશ્યૂ ભાવ સામે બે ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. વેરીટાસ ફાઇનાન્લ લક્ષ્મી ઇન્ડિયા ફાઇનાન્સ, અજય પોલિ, જાજૂ રશ્મી રિફ્રેક્ટરીઝ અને રાગાલ રિસોર્સિસને આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી ગઇ છે. ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઇક્વિપમેન્ટ ઉદ્યોગમાં અગ્રણી કંપની પાવર એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડ ને રાજસ્થાનના ઉદયપુર એર ટર્મિનલ ખાતે પાવર સપ્લાય સિસ્ટમ ઇલેક્ટ્રિકલ વર્કના ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ, કમિશનિંગ અને ક્લાયન્ટ હેન્ડઓવર માટે ન્યાતી એન્જિનિયરિંગ એન્ડ કન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ તરફથી રૂ. ૨૧.૪૧ કરોડનો વર્ક ઓર્ડર મળ્યો છે. બ્રુકફિલ્ડના રેઇટનો ચોખ્ખો નફો ચોથા ક્વાર્ટરમાં ૧૬ ટકા વધી રૂ. ૪૮૮.૫૦ કરોડ રહ્યો હતો.

જેન્સોલ એન્જિનિયરિંગના શેરમાં સતત ૧૮મા દિવસે પાંચ ટકાની લોઅર સર્કિટ લાગી હતી. એવીજી લોજિસ્ટિક્સ લિમિટેડે ભારતીય રેલ્વે પાસેથી પાર્સલ કાર્ગો એક્સપ્રેસ ટ્રેનના લીઝ માટે છ વર્ષનો લાંબા ગાળાનો કરાર મેળવ્યો છે. આ ખાસ ટ્રેન અગરતલા (ત્રિપુરા) અને ગુવાહાટી (આસામ)થી દિલ્હી - લુધિયાણા (પંજાબ)ને જોડે છે અને આગામી છ વર્ષમાં દર મહિને ચાર ટ્રીપ પૂર્ણ કરશે, જે કરારના સમયગાળા દરમિયાન કુલ ૩૧૩ ટ્રીપ થશે. કોટક મહિન્દ્રા બેંકે ત્રિમાસિક નફામાં અપેક્ષા કરતાં વધુ ઘટાડો નોંધાયો હતો. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં તેના સંયુક્ત ચોખ્ખા નફામાં ૮.૩૪ ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો, જે એક વર્ષ પહેલા રૂ. ૨૧,૩૮૪ કરોડ હતો, જે ચોખ્ખા વ્યાજ માર્જિનમાં ઘટાડાને કારણે પ્રભાવિત થયો હતો.

અદાણી પોર્ટસે માર્ચ ક્વાર્ટરના ચોખ્ખા નફામાં ૫૦ ટકાનો ઉછાળો નોંધાવ્યો છે. અદાણી એન્ટપ્રાઇઝે ચોથા ક્વાર્ટરના પરિણામમાં પાછલા વર્ષના સમાન સમયગાળાના રૂ. ૪૫૦.૫૮ કરોડ સામે ૭.૫૦ ગણો ઉછાળા સાથે રૂ. ૩૮૪૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ગોદરેજ પ્રોપર્ટીઝનો ચોથા ક્વાર્ટરનો નફો ૧૯ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૮૨ કરોડ નોંધાયો છે.

એશિયન બજારોમાં, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગના હેંગસેંગમાં સુધારો હતો. રજાઓને કારણે દક્ષિણ કોરિયન અને જાપાની બજારો બંધ હતા. યુરોપના બજારો નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ સોમવારે રૂ. ૪૯૭.૭૯ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૨.૭૬ ટકા વધીને ૬૧.૮૫ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો.

ભારત-પાકિસ્તાન સરહદી તણાવ વચ્ચે સાવચેતીભર્યા સેન્ટિમેન્ટને કારણે મજબૂત રિકવરી પછી તાજેતરના સત્રોમાં સ્થાનિક બજાર મજબૂત થઈ રહ્યું છે. વર્તમાન ક્વાર્ટરમાં નબળા કમાણી વૃદ્ધિએ બજારને વધુ અસર કરી છે. આ દરમિયાન, રોકાણકારો અમેરિકા સાથે ભારતની દ્વિપક્ષીય વેપાર વાટાઘાટો પર નજીકથી નજર રાખી રહ્યા છે. વધુમાં, યુએસ ફેડરલ રિઝર્વની આસપાસની અટકળો ધ્યાન ખેંચી રહી છે, કારણ કે નજીકના ભવિષ્યમાં કોઈ દર ઘટાડાની અપેક્ષા નથી, જે વૈશ્વિક વલણોને અસર કરે છે.

મંગળવારે માસિક સર્વે મુજબ, નવા ઓર્ડર પ્રવાહમાં ઝડપી વધારાને કારણે એપ્રિલમાં ભારતના સેવા ક્ષેત્રની પ્રવૃત્તિમાં થોડો વધારો થયો હતો, જેના કારણે રોજગારમાં ઝડપી વિસ્તરણ પણ થયું હતું. એચએસબીસી ઇન્ડિયા સર્વિસીસ પીએમઆઇ બિઝનેસ એક્ટિવિટી ઇન્ડેક્સ એપ્રિલમાં ૫૮.૭ પર પહોંચ્યો, જે માર્ચમાં ૫૮.૫ હતો, જે સેવા ક્ષેત્રના ઉત્પાદનમાં તીવ્ર અને મજબૂત વિસ્તરણ સૂચવે છે.બજારના વિશ્લેષકો જણાવે કે યુએસ ફેડરલના વ્યાજ દરના નિર્ણય, વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ અને કોર્પોરેટ્સ તરફથી ત્રિમાસિક કમાણીના આંકડા આ અઠવાડિયે ઇક્વિટી માર્કેટમાં મોટાભાગે ગતિ લાવશે. અલબત્ત, પહેલગામ આતંકવાદી હુમલા સંદર્ભે ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલો તણાવ પણ રોકાણકારોના રડાર પર રહેશે.

ગયા અઠવાડિયે, બીએસઇ બેન્ચમાર્ક ૧,૨૮૯.૪૬ પોઈન્ટ અથવા ૧.૬૨ ટકા ઊછળ્યો હતો અને એનએસઇ નિફ્ટી ૩૦૭.૩૫ પોઈન્ટ અથવા ૧.૨૭ ટકા ઊછળ્યો હતો. એપ્રિલમાં ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) કલેક્શન વાર્ષિક ધોરણે ૧૨.૬ ટકા વધીને લગભગ ૨.૩૭ લાખ કરોડ રૂપિયાના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું હોવા સાથે ભારતીય ઉત્પાદન એપ્રિલમાં જૂન ૨૦૨૪ પછી સૌથી ઝડપી ગતિએ વધ્યું છે. એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ (પીએમઆઇ) માર્ચના ૫૮.૧ના સ્તર સામે વધીને એપ્રિલમાં ૫૮.૨ થયો, જે દસ મહિના માટે ક્ષેત્રના સ્વાસ્થ્યમાં સૌથી મજબૂત સુધારો દર્શાવે છે.

### ફેડરલની નિર્ણાયક બેઠક પૂર્વે વૈશ્વિક સોનું બે સપ્તાહની ટોચે

# સ્થાનિકમાં શુદ્ધ સોનાએ ₹ ૯૬,000ની સપાટી કુદાવી, ચાંદી ₹ ૧૭૫૪ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ટ્રમ્પની ટૅરિફ નીતિને કારણે વૈશ્વિક ટ્રેડ વૉરની પુનઃ ચિંતા સપાટી પર આવવાની સાથે આવતીકાલે સમાપન થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બેઠકના અંતે ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવૅલ વ્યાજદરમાં કપાત અંગેના અણસાર આપે છે કે નહીં તેની અવઢવ વચ્ચે ગઈકાલે ન્યૂ યૉર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે એક તબક્કે સોનાના ભાવ નવી ઊંચી સપાટી નોંધાવીને પાછા ફર્યા હતા.

વધુમાં આજે લંડન ખાતે પણ સત્રના આરંભે સોના-ચાંદીમાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું અને ભાવ બે સપ્તાહની ઊંચી સપાટીએ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૦૦થી ૧૬૦૬ની તેજી આવી હતી અને ભાવ રૂ. ૯૬,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૭૫૪ના ઉછાળા સાથે ફરી રૂ. ૯૫,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૭૫૪ના ચમકારા સાથે રૂ. ૯૫,૮૫૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનામાં તેજીનું વલણ જળવાઈ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૦૦ વધીને રૂ. ૯૬,૫૦૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૬૦૬ વધીને રૂ. ૯૬,૮૮૮ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી માત્ર રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો, સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની લેવાલી પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ડૉનલ્ડ ટ્રમ્પે વિદેશી ફિલ્મો પર ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરવાની સાથે બે સપ્તાહની અંદર ફાર્માસ્યુટિકલ પરની ટૅરિફ અંગેની જાહેરાત કરવામાં આવશે તેમ જણાવ્યું હોવાથી પુનઃ વૈશ્વિક ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવતા ગઈકાલે ન્યૂ યૉર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર એક તબક્કે હાજરમાં સોનાના ભાવ વધીને નવી ઊંચી સપાટીએ પહોંચીને પાછા ફર્યા હતા. વધુમાં આજે પણ લંડન ખાતે સત્રના આરંભે સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૧.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૩૭૪.૭૮ ડૉલર અને વાયદામાં ભાવ ૧.૯ ટકા વધીને ૩૩૮૩.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૬ ટકા વધીને ઔંસદીઠ ૩૩.૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટૅરિફ નીતિને કારણે રોકાણકારોનાં પોર્ટફોલિયોમાં ચંચળતા વધવાની શક્યતાને ધ્યાનમાં લેતાં સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે ભાવમાં તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાનું આઈજી માર્કેટનાં વિશ્લેષક ચીપ જૂન રૉન્ગે જણાવ્યું હતું. વધુમાં આજથી અમેરિકી ફેડરલ રિઝર્વની શરૂ થઈ રહેલી બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે અધ્યક્ષ જૅરોમ પૉવૅલ વ્યાજદર અંગે શું નિર્ણય લે છે અને બેઠક પશ્ચાત્ કેવી ટિપ્પણી કરે છે તેનાં પર રોકાણકારોની નજર મંડાયેલી હોવાનું તેમણે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે ફેડરલ રિઝર્વે ગત ડિસેમ્બર મહિનાથી વ્યાજદર ૪.૨૫થી ૪.૫૦ ટકાની રેન્જમાં જાળવી રાખ્યા છે. જો પૉવૅલ હળવી નાણાનીતિના સંકેતો આપશે તો સોનામાં ઝડપી તેજી જોવા મળી શકે છે, એમ રૉન્ગે ઉમેર્યું હતું. બેઠકના અંતે ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખશે તેમાં કોઈ શંકા નથી. ટ્રમ્પની ટૅરિફ નીતિની અનિશ્ચિતતાનો ઓછાયો અર્થતંત્ર પર કેવો પડશે તેનાં સંકેતો પર બજારની મીટ હોવાનું રૉઈટર્સે એક અહેવાલમાં જણાવ્યું હતું.

# પાંખાં કામકાજો વચ્ચે ખાંડમાં નરમાઈ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં એકંદરે કામકાજો પાંખાં રહેતા ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નિરસ માગે ભાવ ક્વિન્ટલે રૂ. બેથી ૧૦ ઘટી આવ્યા હતા. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ મર્યાદિત માગે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૧૨નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૯૫૦થી ૪૦૧૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૪૦૨૨થી ૪૦૮૦માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પાંખી રહી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૧૨ના ઘટાડા સાથે રૂ. ૩૯૩૦થી ૩૯૯૦માં થયાના અહેવાલ હતા.

# સીબીઓઇ ઇન્ડેક્સ માર્ચ ૨૦૨૦ પછી પહેલી વાર પચાસના આંકડાને વટાવી ગયો

મુંબઇઃ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મેકિંગ અમેરિકા ગ્રેટ અગેઇન નીતિ હેઠળ ટેરિફ લાદીને વિશ્વભરના ઇક્વિટી બજારોમાં ઉથલપાથલ મચાવી છે અને તેને કારણે વૈશ્વિક સ્તરે બજાર મૂડીકરણમાં લગભગ ૧૦ ટ્રિલિયન ડોલરનો ઘટાડો થયો છે. ઘણા દેશો પર યુએસ દ્વારા લાદવામાં આવેલી નવી પારસ્પરિક ટેરિફના કારણે ટેરિફ દરો એક સદીમાં તેમના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયા છે. આનાથી એક ચિંતાજનક પરિસ્થિતિ ઊભી થઈ છે જે ફક્ત વૈશ્વિક કોર્પોરેટ કમાણી વૃદ્ધિને જ નહીં પરંતુ સંભવિત રીતે યુએસ અર્થતંત્રને મંદીમાં પણ ધકેલી શકે છે. સીબીઓઇ ઇન્ડેક્સ, જેને ઘણીવાર ભયમાપક તરીકે ઓળખવામાં આવે છે, તે કોવિડ મહામારીના સમયગાળા, માર્ચ ૨૦૨૦ પછી પહેલી વાર પચાસના આંકડાને વટાવી ગયો છે.

ભારતીય બજારમાં તાજેતરની અસ્થિરતા દર્શાવે છે કે લાંબા ગાળાના આઉટપર્ફોર્મન્સ છતાં, ઇક્વિટી અસ્કયામતો પર આંધળો આધાર રાખી શકાતો નથી. ઇક્વિટી બજારો સ્વાભાવિક રીતે અસ્થિર હોય છે એમ જણાવાતાં ટોરિએન્ટ સર્વિસિસ એલએલપીના પરેશ શાહે કહ્યું હતું કે, જ્યારે ટેરિફ યુદ્ધ અને યુદ્ધ જેવા અણધાર્યા પરિબળોથી પ્રભાવિત થાય એવા સંજોગોમાં સંપત્તિમાં ઘટાડાની હદની આગાહી કરવી મુશ્કેલ છે.

બજારમાં એકાએક અથવા એકધારી ઊથલપાથલ કે અસ્થિરતાનો ઉકેલ વૈવિધ્યસભર પોર્ટફોલિયોમાં રહેલો છે, જેમાં ઇક્વિટી, ડેટ, સોનું અને રિયલ એસ્ટેટ સાધનોનું મિશ્રણ હોય છે. આ રોકાણકારો માટે એસેટ એલોકેશન ફંડ્સ પર વિચાર કરવાની વધતી જતી જરૂરિયાત પર ભાર મૂકે છે, જે વિવિધ એસેટ વર્ગોમાં રોકાણોનું વ્યૂહાત્મક રીતે ફાળવણી કરે છે.

વિવિધ એસેટ વિવિધ આર્થિક પરિસ્થિતિમાં અલગ રીતે કાર્ય કરે છે, તે ધ્યાનમાં રાખીને આ શ્રેણીના ભંડોળમાં ફાળવણી વિવિધ એસેટ વર્ગોમાં વેઇટેજ અને ગતિશીલતાને આધારે સમાયોજિત કરવામાં આવે છે, જેમાં ઇક્વિટી, ડેટ, સોનું અને ક્યારેક રેઇટ્સ અને ઇન્વિટ્સ જેવા રિયલ એસ્ટેટ-લિંક્ડ ઇન્સ્ટ્રુમેન્ટ્સનો પણ સમાવેશ થાય છે.

# ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટૅરિફ નીતિની અનિશ્ચિતતા, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ૨.૮૬ ટકાનો ભાવવધારો તથા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ભારત-પાક વચ્ચે વધેલા ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસાના ઘટાડા સાથે ૮૪.૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશ, ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈ હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. જોકે, આજે જાહેર થયેલો એપ્રિલ મહિનાનો એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ ઈન્ડેક્સ આગલા માર્ચ મહિનાના ૫૮.૫ સામે સાધારણ વધીને ૫૮.૫ની સપાટીએ રહ્યો હતો, પરંતુ તેની બજાર પર ખાસ અસર નહોતી જોવા મળી. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૩૦ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૪.૨૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૬૩ અને ઉપરમાં ૮૪.૨૬ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૦ પૈસાના સુધારા સાથે ૮૪.૪૦ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૭ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો.

રાજકીય-ભૌગોલિક તણાવ અને ઈક્વિટી માર્કેટમાં નરમાઈ ઉપરાંત ચીનનો યુઆન નબળો પડી રહ્યો હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝનાં રિસર્ચ એનાલિસ્ટ દિલીપ પરમારે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૮૪.૨૫થી ૮૪.૯૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૫૫.૭૭ પૉઈન્ટનો અને ૮૧.૫૫ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. તેમ જ આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૮૬ ટકા વધીને બેરલદીઠ ૬૧.૯૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૯૭.૭૯ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ અને આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકાના સાધારણ ઘટાડા સાથે ૯૯.૭૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**
**સેફ્ટી માટે એરિઅલ વાયરસની બદલી**

Sr. DEE/P/BCT ટેન્ડર નોટીસ નં. EL-૮૧-૭૦૭-WA-૮ તારીખ ૦૨.૦૫.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળ: મુંબઈ ડિવિઝન- એરિઅલ વાયરસની બદલી દ્વારા સ્ટેશન પ્લેટફોર્મ પર સેફ્ટીમાં સુધારણા. કામની અંદાજિત કિંમતઃ ₹ ૬,૫૫,૯૬,૧૭૮/- બારડીઃ ₹ ૪,૭૮,૦૦૦/- સુપ્રતિની તારીખ અને સમયઃ ૩૦.૦૫.૨૦૨૫ ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૩૦.૦૫.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0113

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**સપ્લાય વર્ક**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, ૬ઠ્ઠો માળ, એન્જિ. ડિપાર્ટ., મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. ટેન્ડર નોટીસ નં.: BCT/૨૫-૨૬/૩૧ તારીખ ૦૨.૦૫.૨૦૨૫ કામ અને સ્થળ: સાંતાક્રુઝ - વિરાર સેક્શન - સ્ટેશનો ખાતે સ્ટેનલેસ સ્ટીલ ડ્રીન્કીંગ વોટર ફાઉન્ટેન્સની જોગવાઈ. કામની અંદાજીત કિંમતઃ ₹ ૩,૫૧,૮૭,૮૦૪.૦૯. બારડીઃ ₹ ૩,૨૫,૯૦૦/- સુપ્રતિની તારીખ અને સમયઃ ૨૭.૦૫.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૨૭.૦૫.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0109

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**ઇલેક્ટ્રિકલ રિપેરિંગ વર્ક**

Sr. ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (સબ), પશ્ચિમી રેલવે, મુંબઈ સેન્ટ્રલ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ઈ-ટેન્ડર નં.: WR-MMCTOESUB(ESPT)/૦૨/૨૦૨૫(RT) મંગાવે છે. કામનું નામઃ મુંબઈ પરાં સેક્શનના ચર્ચગેટ-વિરાર વચ્ચે ૨૫kV AC & ૨૨/૨.૨kV PSI સિસ્ટમમાં વિવિધ ઈન્સ્ટ્રુમેન્ટ્સની એસેસરીઝની રિપેરિંગ, સેલીબ્રેશન અને જોગવાઈ. કામની અંદા. કિંમતઃ ₹ ૨૬,૯૨,૬૮૦/- બીડ સુરક્ષાઃ ₹ ૫૩,૯૦૦/- સુપ્રતિની તારીખ અને સમયઃ નિર્ધારિત કરેલ ૨૯.૦૫.૨૦૨૫ના ૧૫.૦૦ ક. પછી નહીં. ખોલવાની તારીખ અને સમયઃ ૨૯.૦૫.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0111

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**
**વેલ્ડેડ પ્લેટ ગર્ડર નું તમામ પ્રકારનું ફેબ્રીકેશન**

**(i) કામનું નામ તેના સ્થળ સાથે અને પૂર્ણ કરવાનો સમયગાળો; ઈ-ટેન્ડર નં. CWM-EWS-ADI-૦૩-૨૦૨૫-૨૬. કામનું નામ:** એન્જિનિરીંગ વર્કશોપ, કાળીગામ પાસે, સાબરમતી, અમદાવાદ માં વેલ્ડેડ ઓપન વેબ ગર્ડર (મારફતે)ને વેલ્ડેડ પ્લેટ ગર્ડર અને અન્ય સમાન ઘટકોનું તમામ પ્રકારોનું ફેબ્રિકેશન. **પૂર્ણ કરવાનો સમયગાળો:** ૨૪ મહિના. **(ii) કામનો અંદાજીત ખર્ચ:** ₹ ૧૫,૧૭,૪૧,૨૦૦.૦૦/- **(iii) બિડ સિક્યોરિટી/ અર્નેસ્ટ મની ડિપોઝીટ જમા કરાવવી:** ₹ ૯,૦૮,૮૦૦.૦૦/- **(iv) ટેન્ડર જમા કરાવવાની તારીખ અને સમય:** તા. ૨૬.૦૫.૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક સુધી. **(v) ખોલવાની તારીખ અને સમય:** તા. ૨૬.૦૫.૨૦૨૫ ના ૧૫:૩૦ કલાકે. **(vi) વેબ સાઈટની વિગતો, નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઇ શકાશે અને ઓફિસનું સરનામું વગેરે: વેબસાઇટની વિગત:** www.ireps.gov.in; **નોટિસ બોર્ડનું સ્થળ અને ઓફિસનું સરનામું:** ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, (EWS), અમદાવાદ, પશ્ચિમ રેલવે, પી. ઓ. દિગ્વિજયનગર, કાલીગામ, અમદાવાદ - ૩૮૨૪૭૦. મોબાઇલ નંબર: ૯૭૭૩૨૧૩૯૨૫. **નોંધ:** કામના સંપૂર્ણ વિસ્તૃત નિયમો અને શરતો રેલવેની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ADI-૦૩૦

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly


## દેશ-વિદેશ

# બિહારમાં કાર અને ટ્રૅક્ટરની ટક્કરમાં આઠનાં મોત, બે ઘાયલ

કટિહાર (બિહાર): બિહારના કટિહાર જિલ્લામાં કાર અને ટ્રેક્ટર વચ્ચે સામસામે થયેલી અથડામણમાં આઠ લોકોનાં મોત થયા હતાં અને બે જણ ઘાયલ થયા હતા.

પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે કારમાં સવાર લોકો લગ્ન સમારંભમાંથી પાછા ફરતા હતા ત્યારે સોમવાર રાત્રે સમેલી બ્લોક ઑફિસ નજીક એનએચ-૩૧ અકસ્માત થયો હતો. મૃતકોની ઓળખ મેળવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે.

કટિહારનાં એસપી વૈભવ શર્માએ જણાવ્યું હતું કે, ''ટ્રેક્ટર સાથે ટક્કરમાં એસયુવીમાં સવાર બધા પુરુષોનાં મોત થયા હતા.''

# બિહારમાં વીજળી પડવાથી છનાં મોત

પટનાઃ બિહારમાં વીજળી પડવાથી છ લોકોનાં મોત થયા હતા. મુખ્ય પ્રધાન કાર્યાલય (સીએમઓ) દ્વારા મંગળવારે સાંજે જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું કે ગત ૨૪ કલાકમાં પટના જિલ્લામાં ત્રણ અને ગયા, અરવલ અને ગોપાલગંજ જિલ્લામાં એક-એક વ્યક્તિનું મોત થયું હતું. મૃત્યુ પર શોક વ્યક્ત કરતા મુખ્ય પ્રધાન નીતીશ કુમારે દરેક મૃતકના પરિવાર માટે ૪ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી. તેમણે લોકોને આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા જારી કરાયેલી સલાહનું પાલન કરવાની અપીલ કરી હતી. ગયા મહિને રાજ્યમાં વીજળી પડવા અને વાવાઝોડામાં ૯૦થી વધુ લોકો માર્યા ગયા હતા.

# હાઈ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક માટેનાં નામોમાંથી ૧૭ નામને હજી મંજૂરી મળી નથી

નવી દિલ્હીઃ પારદર્શિતા વધારવાની દિશામાં પ્રથમ પગલું ભરતા સુપ્રીમ કોર્ટે કોલેજિયમ દ્વારા ભલામણ કરાયેલા ન્યાયાધીશોના નામ, હાઇ કોર્ટ અથવા સર્વોચ્ચ અદાલતના વર્તમાન અથવા નિવૃત્ત ન્યાયાધીશો સાથેના તેમના સંબંધો અને સરકાર દ્વારા પુષ્ટી કરાયેલ ભલામણોની સંખ્યા જાહેર કરી છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા ૯ નવેમ્બર, ૨૦૨૨થી ૧૦ નવેમ્બર, ૨૦૨૪ સુધીના જાહેર કરાયેલા ડેટા અનુસાર, હાઇ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક માટે સુપ્રીમ કોર્ટ કોલેજિયમ દ્વારા મંજૂર કરાયેલા ૩૦૩ ઉમેદવારોમાંથી ૧૭૦ ઉમેદવારોને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. તે સમયે ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડ તેના પ્રભારી હતા. આંકડા પરથી જાણવા મળે છે કે ૧૭ નામો હજુ પણ સરકાર પાસે મંજૂરી માટે પેન્ડિંગ છે. ભલામણ કરાયેલા ૩૦૩ નામોમાંથી ૧૨ નામ હાઈ કોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ અથવા નિવૃત્ત ન્યાયાધીશો સાથે સંબંધિત હતા અને એક નામ જે હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત અથવા સેવારત સભ્ય સાથે સંબંધિત હતું જેને કેન્દ્ર દ્વારા મંજૂરી આપવામાં આવી ન હતી. ૩૦૩ નામોમાંથી સાત અનુસૂચિત જાતિ કેટેગરીના, પાંચ અનુસૂચિત જનજાતિ સમુદાયના, ૨૧ અન્ય પછાત વર્ગના, સાત પછાત વર્ગના, ૨૮ મહિલાઓ અને ૨૩ લઘુમતી સમુદાયના હતા. ૧૧ નવેમ્બર, ૨૦૨૪થી ૫ મે, ૨૦૨૫ સુધીના આંકડામાં મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાના નેતૃત્વ હેઠળના સર્વોચ્ચ અદાલતના કોલેજિયમ દ્વારા હાઇ કોર્ટમાં ન્યાયાધીશ પદ માટે કુલ ૧૦૩ ઉમેદવારોની ભલામણ કરવામાં આવી હતી, જેમાંથી ૫૧ નામોને મંજૂરી આપવામાં આવી છે.

# સાન ડિએગોઃ બોટ પલટી જતાં ત્રણનાં મોત, બે ભારતીય બાળક સહિત સાત ગુમ

ન્યૂ યોર્ક : અમેરિકાના સાન ડિએગો શહેર નજીક દરિયા કિનારે પેસિફિક મહાસાગરમાં સ્થળાંતર કરનારાઓને લઈ જતી નાની બોટ પલટી જતાં ત્રણ લોકોના મોત થયા હતા અને બે ભારતીય બાળક સહિત સાત અન્ય લોકો ગુમ થયા છે. આ ઘટનામાં ઘાયલ થયેલા ચાર લોકોને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સોમવારે કેલિફોર્નિયાના ડાઉનટાઉન સાન ડિએગોથી લગભગ ૧૫ માઇલ ઉત્તરમાં, ટોરી પાઇન્સ સ્ટેટ બીચ પર ઓછામાં ઓછા ૧૬ લોકોને લઈ જતી બોટ પલટી ગઈ હતી. યુએસ કોસ્ટ ગાર્ડ સેક્ટર સાન ડિએગોના વોચસ્ટેન્ડર્સે સ્થાનિક ડિસ્પેચમાંથી પંગા-શૈલીના જહાજ પલટી ગયાનો અહેવાલ મેળવ્યો હતો, જેમાં જણાવાયું હતું કે ત્રણ વ્યક્તિ બીમાર મળી આવ્યા છે અને ચાર વધુને તબીબી સહાયની જરૂર છે. ઘાયલ બચી ગયેલા લોકોની મુલાકાત લીધા પછી, પ્રથમ પ્રતિભાવ આપનારાઓ નક્કી કરવામાં સફળ રહ્યા કે લગભગ સાત વધુ વ્યક્તિઓ ગુમ છે, એમ નિવેદનમાં જણાવાયું છે.

# તેલંગણામાં નક્સલીઓ વિરુદ્ધ સુરક્ષા દળોનું સૌથી મોટું ઓપરેશન

નવી દિલ્હી/રાયપુરઃ તેલંગણાના કર્રેગુટ્ટા પહાડીઓ પર મંગળવારે સુરક્ષા દળોએ નક્સલવાદીઓ વિરુદ્ધ 'અંતિમ પ્રહાર' કર્યો હતો. સીઆરપીએફએ એક પખવાડિયા પહેલા સંકલિત અને 'અત્યાર સુધીનું સૌથી મોટું' નક્સલ વિરોધી ઓપરેશન શરૂ કર્યું હતું. આ માહિતી સત્તાવાર સૂત્રો દ્વારા આપવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે આ કાર્યવાહીમાં ૧૦૦થી વધુ આઇઇડી મળી આવ્યા છે અને લગભગ ૧૦ સૈનિકો ઘાયલ થયા છે.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**સુધારો**

**(૧) કામનું નામ તેના સ્થળ સહિતઃ ઈ-ટેન્ડર નોટીસ નં. ડેપ્યુ.સીઈ(સી) III/એડીઆઈ/એસબીઆઈ-એસઈજે/૦૧ (RI-૧):** પશ્ચિમ રેલવે ઉપર ભાવનગર ડિવિઝનના સાબરમતી-સરખેજ સેક્શનના દ્વિકરણના સંબંધમાં સાબરમતી D કેબિન (સહિત) થી સરખેજ (સહિત) સુધી કામની સફળ પૂર્ણતા માટે જરૂરી એવા ફોર્મેશનમાં અર્થકામ, બ્લેન્કેટીંગ, ટ્રોલી રેફ્યુજીસ અને (પીચીંગ, ટો વોલ, ફ્લોર પ્રોટેક્ટશન જેવા પરચુરણ કામ સહિત) મુખ્ય બ્રિજીસ, નાના બ્રિજીસ, RUBs/LHSs અને રેલવે ફ્લાયઓવરના બાંધકામ, બિલ્ડીંગ માળખાઓ, પેસેન્જર્સ પ્લેટફોર્મ, આસપાસના વિસ્તારના બાંધકામ, LC ગેટ લોજીસ, LC રોડ્સના બાંધકામ, પોઈન્ટ્સ અને ક્રોસિંગ્સ સહિત બ્રોડગેજ મુખ્ય લાઈન, લૂપ લાઈન્સને પાથરવાના અને જોડવાના, ટ્રેકનું ટેમ્પીંગ, LWRs ના ડિસ્ટ્રેસીંગ, પી.વે સામગ્રીના પરિવહન, સ્ટોન બલાસ્ટની આપૂર્તિ કરવાના અને જાળવવાના અને અન્ય સંબંધિત સિવિલ એન્જિનિયરીંગ કામ, સિગ્નલીંગ અને ટેલિકોમ, ઈલેક્ટ્રિકલ અને TRD કામ.

ઉપરોક્ત ટેન્ડરનીટેન્ડર સૂચના અને ટેન્ડર દસ્તાવેજમાં નીચેના ફેરફારો કરવામાં આવ્યા છે, જે 20-05-2025 ના રોજ ખોલવામાં આવશે:

| અનુ. નં. | વિભાગ નંબર | વર્ણન | વર્તમાન | ને નીચે મુજબ વાંચવામાં આવશે |
|---|---|---|---|---|
| ૧ | ટેન્ડર સૂચનાના ક્રમાંક ૨ અને ૩ | કામની અંદાજિત કિંમત | ₹ ૧૪૪,૪૯,૦૨,૯૪૫.૦૦ | ₹ ૧૪૫,૩૩,૮૪,૮૮૬.૦૦ |
| | | બાનાની રક્કમ જમા કરાવવા માટે | ₹ ૭૩,૭૪,૫૦૦.૦૦ | ₹ ૭૪,૧૬,૯૦૦.૦૦ |

**આ ટેન્ડર દસ્તાવેજ નો ભાગ બનશે. અન્ય તમામ નિયમો અને શરતો યથાવત રહેશે.**

CPM – 005

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# આજે ૪.૦૦ વાગ્યે વાગશે સાયરન

## અતિસંવેદનશીલ મુંબઈ, ઉરણ, તારાપુર સહિત મહારાષ્ટ્રના ૧૦ જિલ્લાનાં ૧૬ સ્થળે મૉક ડ્રિલ

મુંબઈઃ ગૃહ મંત્રાલયની સૂચનાને અનુસરીને સિવિલ ડિફેન્સ દ્વારા બુધવારે સાંજે ચાર વાગ્યે રાજ્યના ૧૦ જિલ્લાનાં ૧૬ સ્થળે મૉક ડ્રિલ હાથ ધરવામાં આવશે. મુંબઈ, ઉરણ અને તારાપુરનો અતિસંવેદનશીલ વિસ્તારમાં સમાવેશ કરાયો છે.

સિવિલ ડિફેન્સ, નૅશનલ કેડેટ કૉર્પ્સ (એનસીસી) કેડેટ્સ અને હોમ ગાર્ડના ૧૦,૦૦૦થી વધુ વૉલિન્ટિયર્સ આ મૉક ડ્રિલમાં ભાગ લેશે, એમ સિવિલ ડિફેન્સના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં મુંબઈ, પુણે, થાણે, રાયગડ, જળગાંવ, નાશિક, છત્રપતિ સંભાજીનગર, રત્નાગિરિ, સિંધુદુર્ગ અને પાલઘર જિલ્લામાં મૉક ડ્રિલ હાથ ધરાશે.

વિવિધ સ્થળે સાયરનના અવાજ સાથે સાંજે ચાર વાગ્યે મૉક ડ્રિલ કરાશે, જેમાં સિવિલ ડિફેન્સને જિલ્લા વહીવટીતંત્ર, ફાયર બ્રિગેડ અને પેરામેડિક્સ પણ મદદ કરશે.

આ મૉક ડ્રિલ મહારાષ્ટ્રના અન્ય સંવેદનસ્થળો પર પણ યોજાશે. એ સ્થળમાં ઉરણ, ભુસાવળ, તારાપુર, નાશિક, રાયગડ, રત્નાગિરી, સિંધુદુર્ગ, મનમાડ, સિન્નર, પિંપરી-ચિંચવડ, નાગોથાણે, થળ - વાયશેત, રોહન-ધતાઓ અને

(જુઓ પાનું ૪) ▶▶



તૈયારીઃ આજે મૉક ડ્રિલ માટે ગઈ કાલે સીએસએમટી સ્ટેશને તૈયારી કરાઈ હતી. (અમય ખરાડે)

### ૧૬ સ્થળ, ત્રણ ભાગ

**પ્રથમ ભાગ**
અતિ સંવેદનશીલ વિસ્તારોમાં મુંબઈ, ઉરણ તથા તારાપુર એમ ત્રણ જગ્યાનો સમાવેશ.

**બીજો ભાગ**
થાણે, પુણે, નાશિક, રોહા-ધાટાવ-નાગોઠાણે, મનમાડ, સિન્નર, વાયશેત, પિંપરી-ચિંચવડ વગેરે જગ્યાનો સમાવેશ.

**ત્રીજો ભાગ**
છત્રપતિ સંભાજીનગર, ભુસાવળ, રાયગડ, રત્નાગિરી, સિંધુદુર્ગ જગ્યાનો સમાવેશમાં વર્ગીકરણ.

# પાલિકા ચૂંટણીઓઃ સુપ્રીમ કોર્ટનું મહિનાનું અલ્ટિમેટમ

## મહારાષ્ટ્રભરની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ જૂની અનામત પ્રણાલી પ્રમાણે કરાવવા જાહેરનામું ચાર અઠવાડિયામાં બહાર પાડવા આદેશ

નવી દિલ્હીઃ મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓનો માર્ગ ખૂલી ગયો છે કારણ કે સુપ્રીમ કોર્ટે જૂની અનામત પ્રણાલીના આધારે ચૂંટણી યોજવાનો આદેશ જારી કર્યો હતો. સુપ્રીમ કોર્ટે ચાર અઠવાડિયામાં ચૂંટણી માટેનું જાહેરનામું બહાર પાડવાનો પણ આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે રાજ્ય ચૂંટણી પંચને નિર્દેશ આપતાં કહ્યું હતું કે, ૨૦૨૨ પહેલાં પ્રવર્તમાન અનામત વ્યવસ્થા મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં લાગુ થશે.

જસ્ટિસ સૂર્ય કાંત અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની ખંડપીઠે કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં ઓબીસીની અનામત ૨૦૨૨ના બાંઠિયા પંચના અહેવાલના પહેલાં જે પ્રમાણમાં હતી તે જ પ્રમાણમાં રહેશે.

આ ચૂંટણીઓમાં જે. કે. બાંઠિયા કમિશનના આધારે ઓબીસી અનામત આપવામાં આવશે. સુપ્રીમ કોર્ટે ચાર મહિનામાં

(જુઓ પાનું ૪) ▶▶

### મહાયુતિ એક થઈને લડશેઃ દેવેન્દ્ર ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સુપ્રીમ કોર્ટ દ્વારા મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચને લાંબા સમયથી પડતર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી ચાર મહિનામાં યોજવાનો આદેશ આપવામાં આવ્યો તેનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે મહાયુતિ ગઠબંધન એક થઈને ચૂંટણી લડશે.

બીજી તરફ વિપક્ષી પાર્ટીઓ કોંગ્રેસ, શિવસેના (યુબીટી) અને આમ આદમી પાર્ટીએ પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાનું સ્વાગત કર્યું હતું. ફડણવીસે એવી સ્પષ્ટતા કરી હતી કે રાજ્યમાં એકાદ-બે સ્થળોને બાદ કરતાં મહાયુતિ એક થઈને બધી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી લડશે. તેમણે એમ પણ કહ્યું હતું કે ઓબીસી અનામત આ ચુંટણીઓમાં લાગુ પડશે. અમે આનંદિત છીએ કે સુપ્રીમ કોર્ટે રાજ્ય ચૂંટણી પંચને ચાર મહિનામાં ચૂંટણી કરાવવાનો આદેશ આપ્યો છે. અમે (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં ગાજવીજ સાથે પડ્યો વરસાદ

મુંબઈઃ ફોર અ ચેન્જ વેધશાળાની આગાહી સાચી પડી હતી. હા, માત્ર એટલું કે બુધવાર અને ગુરુવારે મુંબઈમાં વરસાદ પડશે એવી આશા રખાતી હતી પણ વરસાદ મંગળવારે રાત્રે જ ખાબક્યો હતો. વરસાદ આવ્યો તો ખરો પણ, ગાજવીજ સાથે આવ્યો હતો. એવું લાગતું હતું જાણે વાવાઝોડું ફૂંકાયું હોય. થાણે જિલ્લાના પણ મોટાભાગના વિસ્તારોમાં અને પાલઘર જિલ્લામાં ભારે વરસાદ પડ્યો હતો. પૂર્વનાં પરાંમાં મુલુંડથી લઈને ઘાટકોપર અને છેક કુર્લા સુધી જ્યારે પશ્ચિમનાં પરાંમાં વિરારથી લઈને છેક બાન્દ્રા સુધી જબરજસ્ત પવન સાથે તોફાની વરસાદ પડ્યો હતો. મોડી રાત્રે મધ્ય મુંબઈ અને દક્ષિણ મુંબઈમાં પણ વરસાદે હાજરી પૂરી હતી. ઘણાં પરાંમાં વીજપુરવઠાના ધાંધિયા થયા હતા અને અનેક સ્થળે ભારે પવનને લીધે છાપરાં ઊડી જવા જેવી ઘટનાઓ બની હતી.ગઈ કાલે આખો દિવસ એમએમઆરમાં વાદળિયું વાતવરણ રહ્યું હતું અને સાથે પવન પણ નીકળ્યો હતો. ઉપરાત ભારે પવન સાથે વંટોળ આવતા વરસાદનું આગમન થયું હતું. પરિણામે મુંબઈની લોકલ ટ્રેન સેવા પર અસર થઈ હતી. અનેક જગાએ આંધી વંટોળ સાથે વરસાદ પડતા અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા. મધ્ય રેલવેમાં લોકલ કલ્યાણની ફાસ્ટ લાઇન અને પશ્ચિમ રેલવેમાં બોરીવલી સેકશનમાં ટ્રેનો મોડી દોડવાને કારણે ભયાનક ગિરદી થઈ હતી. ભારે પવનને કારણે દહિસર ખાતે ઓવરહેડ ઇક્વિપમેન્ટમાં કપડું ભરાઈ જવાને કારણે લોકલ ટ્રેનસેવા ખોરવાઈ હતી. અપ એન્ડ ડાઉન લાઇનની ટ્રેનો મોડી પડી હતી.

# રખડતા શ્વાનોએ બાળકીને મારી નાખી

## પરિવારના સભ્યની શોસકસભા વખતે જ બાળકીનો જીવ ગયો

જાલનાઃ મહારાષ્ટ્રના જાલના શહેરમાં મંગળવારે સવારે અમુક રખડતા શ્વાનોના હુમલામાં સાત વર્ષની બાળકીનું કરુણ મોત થયું હોવાનું પોલીસે જણાવ્યું હતું. ગાંધીનગર વિસ્તારમાં બનેલી આ ઘટના બાદ જાલના પાલિકા કમિશનર દ્વારા સફાઇ ખાતાના એક અધિકારીને ફરજ પ્રત્યે બેદરકારી દેખાડવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. આ ઘટના બાદ સ્થાનિક રહેવાસીઓમાં રોષનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

પીડિત બાળકી સંધ્યા પટોલે તેના ઘરની નજીક મેદાનમાં રમી રહી હતી ત્યારે શ્વાનોએ તેના પર હુમલો કર્યો હતો.

પીડિતાના પરિવારમાં અન્ય એક સભ્યનું મૃત્યુ થવાને કારણે શોકસભામાં તેના ઘરે લોકો ભેગા થયા હતા. એ દરમિયાન બાળકી ઘરની બહાર ખુલ્લા મેદાનમાં રમવા ગઇ હતી ત્યારે તેના પર શ્વાનોએ હુમલો કર્યો હતો. શ્વાનો તેને અમુક અંતર સુધી ઘસડીને પણ લઇ ગયા હતા, એમ પીડિત બાળકીને કાકા રામ પટોલેએ જણાવ્યું હતું.

શ્વાનોએ બાળકીને ગળા અને પેટમાં બચકાં ભર્યા હોવાથી તે ગંભીર રીતે ઘાયલ થઇ હતી. તે ઘરમાં ત્રણ બાળકોમાં સૌથી મોટી હતી. હોસ્પિટલમાં સારવાર્થે દાખલ કરવામાં આવતા તેને મૃત જાહેર કરાઇ હતી.

આ ઘટના બાદ જાલના પાલિકા કમિશનર સંતોષ ખાંડેકરે જણાવ્યું હતું કે આ ઘટનાને પગલે ફરજ પ્રત્યે બેદરકારી દેખાડવા માટે સેનિટરી ઇન્સ્પેક્ટર રાધાશ્યામ લોખંડેને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ■

# 'નો પીયુસી, નો ફ્યુઅલ'ની નીતિનો અમલ શક્યઃ સરકાર

મુંબઈઃ વાયુ પ્રદૂષણ ફેલાવતા જૂના અને ખખડી ગયેલા વાહનોને પેટ્રોલ પંપ પર ઇંધણ આપવા માટે નકાર કરતી નીતિ તૈયાર કરવા અંગે મહારાષ્ટ્ર સરકાર વિચારણા કરી રહી હોવાનું સ્ટેટ ટ્રાન્સપોર્ટ ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઇકે મંગળવારે જણાવ્યું હતું. મંત્રાલય ખાતે મોટર વેહિકલ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠક દરમિયાન સરનાઇકે જણાવ્યું હતું કે આ અંગેની કડક નીતિ ટૂંક સમયમાં અમલમાં મૂકવામાં આવશે. રસ્તાઓ પર વાહનોની, ખાસ કરીને પરંપરાગત ઇંધણનો ઉપયોગ કરતા વાહનોની સંખ્યામાં વધારો થયો છે ત્યારે વાયુ પ્રદૂષણનું પ્રમાણ પણ ચિંતાનો વિષય બન્યો છે. દરેક વાહન પાસે યોગ્ય પોલ્યુશન અંડર કન્ટ્રોલ (પીયુસી) સર્ટિફિકેટ હોવાનું જરૂરી હોય છે ત્યારે અનેક વાહનો પાસે આવા બનાવટી સર્ટિફિકેટ હોવાનું પણ જાણવા મળ્યું છે, એમ સરનાઇકે કહ્યું હતું. પીયુસી જેવા યોગ્ય સર્ટિફિકેટ ધરાવતા વાહનોને જ ઇંધણ આપવામાં આવશે. (પીટીઆઇ) ■

### મીઠી નદીમાંથી ગાળ કાઢવાનું કૌભાંડ

# ૬૫ કરોડ રૂપિયાની છેતરપિંડી બદલ પાલિકાના અધિકારીઓ, કોન્ટ્રેક્ટરો સહિત ૧૩ સામે ગુનો

## આરોપીઓ સાથે કડી ધરાવતા સાત સ્થળે આર્થિક ગુના શાખાની સર્ચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શહેરમાંથી પસાર થતી મીઠી નદીમાંથી ગાળ કાઢવાના કૌભાંડની તપાસ કરી રહેલી આર્થિક ગુના શાખાની સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમે (એસઆઇટી) મંગળવારે મુંબઈ મહાનગરપાલિકાના ત્રણ અધિકારીઓ, પાંચ કોન્ટ્રેક્ટરો અને ત્રણ વચેટિયા સહિત ૧૩ જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ કૌભાંડને કારણે પાલિકાને ૬૫.૫૪ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. દરમિયાન આર્થિક ગુના શાખાએ આરોપીઓ સાથે કડી ધરાવતા સાત સ્થળોએ સર્ચ હાથ ધરી હતી, જેમાં પાલિકાના બે અધિકારીના નિવાસસ્થાનનો સમાવેશ હતો. ભવિષ્યમાં આ કેસમાં વધુ એફઆઇઆર થવાની શક્યતા છે. આર્થિક ગુના શાખા દ્વારા ટૂંક સમયમાં આરોપીઓને પૂછપરછ માટે નોટિસ જારી કરવામાં આવશે, એમ અધિકારીએ કહ્યું હતું.

આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે પાલિકાના આસિસ્ટન્ટ એન્જિનિયર પ્રશાંત રામુગડે, ડેપ્યુટી ચીફ

(જુઓ પાનું ૪) ▶▶

### લોકલ ટ્રેન દોડશે ભૂગર્ભમાં

# પરેલ- સીએસએમટી વચ્ચે ટનલ બંધાશે

મુંબઈઃ ઉપનગરીય રેલવે પ્રવાસ વધુ આરામદાયક,ઝડપી અને સુવિધાજનક બનાવવા માટે રેલવે દ્વારા મધ્ય રેલવે લોકલની ફેરી વધારવા જેવા વિવિધ ઉપાયો કરવામાં આવી રહ્યા છે. હવે, ઉપનગરીય નેટવર્કને વિસ્તૃત અને આધુનિક બનાવવાની સેન્ટ્રલ રેલવેની મહત્વાકાંક્ષી યોજનાના ભાગરૂપે, મુંબઈમાં ટૂંક સમયમાં તેની પ્રથમ ભૂગર્ભ રેલવે લાઇન બની શકે છે. અહેવાલ મુજબ, દક્ષિણ મુંબઈમાં પરેલ/કરી રોડ અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) વચ્ચે, સેન્ટ્રલ રેલવે તેની પાંચમી અને છઠ્ઠી લાઇન ભૂગર્ભ ટનલ દ્વારા બનાવવાની યોજના બનાવી રહ્યું છે. કુર્લાથી પરેલ સુધી ૧૦.૧ કિમીથી વધુ લંબાઈ ધરાવતા આ પ્રોજેક્ટનો પહેલો તબક્કો હાલમાં પ્રગતિમાં છે. જોકે, બીજા તબક્કામાં કુર્લા-પરેલ-સીએસએમટી વચ્ચે પાંચમી અને છઠ્ઠી રેલવે લાઇન નાખવાનો મોટો પ્રોજેક્ટ સામેલ છે. બીજા તબક્કામાં પરેલથી સીએસએમટી વચ્ચે ૭.૪ કિમીનું અંતર છે. આનો હેતુ મુંબઈની ભીડભાડવાળી ઉપનગરીય ટ્રેનોમાં ભીડ ઓછી કરવાનો છે.

ભૂગર્ભ ટેકનોલોજી અપનાવીને, શહેરી રેલવે માળખાને મેટ્રોની જેમ નવા યુગમાં લઈ જવાની આશા રાખે છે. આ દરખાસ્ત

(જુઓ પાનું ૪) ▶▶

# મિશન ૧૫૦ દિવસ

## ફડણવીસે સરકારી કર્મચારીઓ માટે જાહેર કર્યો કાર્યક્રમ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સરકારી કર્મચારીઓને સતર્ક રાખી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા સેવા વિતરણ અને કાર્યક્ષમતા સુધારવા માટે ૧૦૦ દિવસનો કાર્યક્રમ પૂર્ણ કર્યા પછી ફડણવીસે મંગળવારે રાજ્યના તમામ વિભાગો માટે બીજા ૧૫૦ દિવસના કાર્યક્રમની જાહેરાત કરી.

તેમણે કહ્યું કે આ ૧૫૦ દિવસનો કાર્યક્રમ મુખ્યત્વે ત્રણ તત્વો પર ધ્યાન કેન્દ્રિત કરશે - ૨૦૪૭ સુધીમાં સંપૂર્ણ વિકસિત મહારાષ્ટ્ર માટેનો રોડમેપ, સેવાઓની ડિલિવરીની વાત આવે ત્યારે ૧૦૦ ટકા ઇ-ગવર્નન્સ અને સેવા સંબંધિત વહીવટી સુધારા.

અહિલ્યાનગર ખાતે રાજ્ય કેબિનેટની બેઠકનું આયોજન કર્યા પછી ફડણવીસે આ જાહેરાત કરી હતી.

'અમે રાજ્યમાં ૧૦૦ દિવસનો કાર્યક્રમ અમલમાં મૂક્યો હતો. તેના બે ભાગ હતા, એક સરકારી કચેરીઓમાં સુધારો કરવાનો હતો અને બીજો નવી નીતિઓનો અમલ કરવાનો હતો. રાજ્યની કુલ ૧૨,૫૦૦ રાજ્ય સરકારી કચેરીઓએ સુધારો કરવાના અભિયાનમાં ભાગ લીધો હતો. ઉપરાંત, સરકારના ૪૮ વિભાગોએ ૯૦૨ નીતિગત નિર્ણયો અમલમાં મૂકવા માટે લીધા હતા. તેમાંથી ૭૦૬ એટલે કે ૭૮ ટકા પૂર્ણ થયા હતા,' એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું. 'આજથી, છ મેથી બીજી ઓક્ટોબર સુધી, અમે ૧૫૦ દિવસના કાર્યક્રમની જાહેરાત કરી રહ્યા છીએ.'

મુખ્ય પ્રધાને ૧૫૦ દિવસના કાર્યક્રમના મૂળ ઉદ્દેશો રજૂ કર્યા હતા અને વચન આપ્યું હતું કે સાતમી મેના રોજ મહાયુતિ સરકાર

(જુઓ પાનું ૪) ▶▶



શ્રદ્ધાસુમનઃ અહિલ્યાનગરાંના શ્રી ક્ષેત્રમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજમાતા અહિલ્યાબાઈ હોળકરની પ્રતિમાને પુષ્ર સમર્પિત કર્યા હતા. (પીટીઆઈ)

### અહિલ્યાનગરમાં અહિલ્યાબાઈ હોળકર પર ફિલ્મની જાહેરાત

અહિલ્યાનગરઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે ઇન્દોરનાં ભૂતપૂર્વ રાણી અહિલ્યાબાઈ હોળકરના વારસાની આસપાસ કેન્દ્રિત નિર્ણયોની શ્રેણીની જાહેરાત કરી હતી, જેમાં તેમના જીવન પર એક ફિલ્મ અને ધનગર સમુદાયના કલ્યાણ માટે લક્ષ્ય ધરાવતી યોજનાઓનો સમાવેશ થાય છે.

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ મેટ્રોમાં ડિજિટલ ડંકોઃ એક દિવસમાં વોટ્સએપ પર બાવન હજાર ટિકિટનું વેચાણ

મુંબઈઃ મહા મુંબઈ મેટ્રોએ એક નવો નેશનલ રેકોર્ડ બનાવ્યો છે. ભારતના તમામ મેટ્રો નેટવર્કમાં મુંબઈમાં વોટ્સએપના માધ્યમથી એક જ દિવસમાં સૌથી વધુ ટિકિટ વેચાણની સિદ્ધિ નોંધાઈ છે. એક જ દિવસમાં ૫૧,૯૯૧ ટિકિટ વોટ્સએપ દ્વારા બુક કરવામાં આવી હતી જે શહેરી મુસાફરીમાં ડિજિટલ પરિવર્તનનું પ્રતિબિંબ છે.

૧૧ ઓક્ટોબર, ૨૦૨૪ ના દિવસે શરૂ થયેલી, વોટ્સએપ ટિકિટિંગ સુવિધા મેટ્રો મુસાફરોમાં ઝડપથી લોકપ્રિય બની છે. માનનીય કમિશનર ડો. સંજય મુખરજીના કુશળ નેતૃત્વ હેઠળ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ મેટ્રો ટ્રાવેલને સ્માર્ટ, ટકાઉ અને વપરાશકારોને અનુકૂળ બનાવવા બનતી કોશિશ કરી છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એમએમઆરડીએ દ્વારા શેર કરવામાં આવેલી એક પોસ્ટમાં વોટ્સએપ દ્વારા ટિકિટ બુકિંગની જાણકારી પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. પોસ્ટમાં જણાવવામાં આવ્યું હતું કે મહા મુંબઈ મેટ્રોએ એક નવો રેકોર્ડ બનાવ્યો છે! વોટ્સએપ એપ્લિકેશન ટિકિટિંગમાં હવે દેશની તમામ મેટ્રો સિસ્ટમમાં સૌથી વધુ ઉપયોગ મુંબઈમાં જોવા મળે છે. ડો. સંજય મુખજીર્ના નેતૃત્વમાં એમએમઆરડીએની સબસિડિયરી કંપની મહા મુંબઈ મેટ્રો શહેરી પરિવહનમાં પરિવર્તન લાવી રહી છે.

પોસ્ટમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે મુસાફરો ઝડપથી ડિજિટલ સુવિધા અપનાવી રહ્યા છે. ડિજિટલ ટિકિટિંગ હવે દૈનિક ટિકિટના વપરાશમાં ૬૫ ટકા હિસ્સો ધરાવે છે. કાગળની ટિકિટના વપરાશમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને આ ટકાવારી ૬૫ ટકાથી ઘટીને ૩૫ ટકા થઈ છે. ■

# મધ્ય રેલવેમાં ચોરીની ઘટનાઓ વધી, લૂંટની ઘટી

મુંબઈઃ પ્રવાસીઓના ખિસ્સા કાપનારા અને બેગમાંથી સામાન ચોરી કરનારાઓની દહશત મધ્ય રેલવેમાં વધી રહી છે. એપ્રિલ, ૨૦૨૪થી માર્ચ, ૨૦૨૫ સુધી કુલ ૧,૬૯૪ ચોરીના કેસ નોંધવામાં આવ્યા છે જ્યારે આ પ્રકરણે ૧૮૬૩ ચોરોની ધરપકડ કરવામાં આવી છે. ગયા વર્ષોની સરખામણીમાં ચોરોની સંખ્યામાં પચાસ ટકાનો વધારો થયો છે.

૨૦૨૩-૨૪માં મધ્ય રેલવેમાં ૧,૧૪૬ ચોરીની ઘટનાઓ બની હતી અને ૧,૨૬૪ ચોરોની ધરપકડ કરવામાં આવી હતી. આ આંકડા પરથી ધ્યાન આવે છે કે ચોરીની ઘટનાઓમાં સતત વધારો નોંધાયો છે અને પ્રવાસીઓની સુરક્ષાનો પ્રશ્ન ઊભો થયો

(જુઓ પાનું ૪) ▶▶

# ભગવાન રામને પૌરાણિક કહીને હિન્દુઓનું અપમાન કર્યું હોવાથી રાહુલ ગાંધી માફી માગેઃ વીએચપી

નાગપુરઃ વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી)એ મંગળવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર ભગવાન રામને 'પૌરાણિક વ્યક્તિ' કહીને હિન્દુ સમુદાયનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો અને તેઓ માફી માગે એવી માગણી કરી હતી.

અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા વીએચપીના મહાસચિવ (સંગઠન) મિલિંદ પરાંદેએ કહ્યું હતું કે હિન્દુ સમુદાયે ગાંધી જેવા નેતાઓને સત્તામાં આવવા દેવા જોઈએ નહીં.

ગયા મહિને અમેરિકાની યુનિવર્સિટીમાં એક વાર્તાલાપ દરમિયાન ગાંધીએ હિન્દુ શું છે તે અંગેના ભાજપના વિચારને નકારી કાઢ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે બધા મહાન ભારતીય સમાજ સુધારકો અને રાજકીય વિચારકો - જ્યોતિરાવ ફૂલે, બી. આર. આંબેડકર, મહાત્મા ગાંધી અને ગુરુ નાનક, બસવરાજ અને બુદ્ધે એ જ વાત કહી હતી, 'સત્ય અને અહિંસાને અને લોકોને તમારી સાથે રાખો.'

'મારા મતે, આ ભારતીય પરંપરા અને ઇતિહાસનો પાયો છે. હું એક પણ એવી વ્યક્તિને જાણતો નથી જેને આપણે ભારતમાં મહાન માનીએ છીએ જે આ પ્રકારનો ન હોય. હું એક પણ વ્યક્તિ વિશે વિચારી શકતો નથી. બધા પૌરાણિક પાત્રો છે. ભગવાન રામ તે સમયના હતા, જ્યાં તેઓ ક્ષમાશીલ હતા, તેઓ દયાળુ હતા,' એમ કોંગ્રેસ નેતાએ કહ્યું હતું.

પરાંદેએ કહ્યું હતું કે, 'અમેરિકાસ્થિત બ્રાઉન યુનિવર્સિટીમાં તેમના ઇન્ટરવ્યુ દરમિયાન રાહુલે ભારતીય ઇતિહાસના ઘણા વિષયોને પૌરાણિક કથાઓ ગણાવી હતી અને ભગવાન રામને પૌરાણિક વ્યક્તિ કહ્યા હતા. આમ કરીને તેમણે વિદેશી ભૂમિ પર હિન્દુ સમુદાય અને હિન્દુ આસ્થાનું અપમાન કર્યું છે.'

'આ આશ્ચર્યજનક નથી કારણ કે ૨૦૦૭માં તત્કાલીન કોંગ્રેસ સરકારે રામ સેતુ કેસમાં સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામું દાખલ કર્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે ભગવાન રામ એક પૌરાણિક વ્યક્તિ છે. તેથી મને લાગે છે કે કોંગ્રેસ અને તેના નેતાઓ

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**